## સૂર્યોદય - ૬.૧૪ સૂર્યાસ્ત - ૭.૧૭

## તિથિદર્શન

શ્રાવણ વદ-૦૩ ગુરૂવાર ૨૦૭૩

| | | |
|---|---|---|
| ૫ રા.બુ. | | ૩ શુ. |
| ૬ ગુ. | ૪ લ.સુ. મં. | ૨ |
| ૭ | | ૧ |
| ૮ ચં. શ. | ૧૦ | ૧૨ |
| ૯ | | ૧૧ કે. |

વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ શ્રાવણ વદ :ત્રીજ ગુરૂવાર નક્ષત્ર : પૂર્વભાદ્રપદ યોગઃ અતીગંડ કરણઃ વણીજ આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ.જ.) રાત્રે ૧૨.૦૮ પછી મીન (દ.ચ.ઝ.થ.)અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન - સુરેશ પ્રા.ભટ્ટ

### રાજાનમેવ સંશ્રિત્ય વિદ્વાન યાતિ પૂરાં ગતિમ ।
### વિના મલયમન્યત્ર ચંદન ન પ્રરોહતિ ॥

રાજાની કૃપા અને રાજયાશ્રયનું મહત્ત્વ છેઃ રાજાનો આશ્રય લઈને જ વિદ્વાન માણસ પરમગતિને પામે છે, મલય પર્વતને છોડીને ચંદન અન્યત્ર થતું નથી, વિકાસ પામતું નથી.

કહેવાય છે અને વ્યવહારમાં દેખાય પણ છે કે વૃક્ષ વિના વેલો ચઢતો નથી, જમીન પર જ પથરાયેલો પડ્યો હોય છે, ઈન્ટરવ્યુ આવે, પ્રવેશ મેળવવો હોય, અરે ‘ હોસ્પિટલ’ નો પ્રસંગ પડે ત્યારે સૌ પ્રથમ લોકો ‘છેડા’ શોધતા લાગે છે. ક્યાંક- કોઈની ઓળખાણ ભલામણનો લાભ’ મળી જાય તો કામ ઓછી મહેનતે સરળ થઈ જાય છે.

આજનાં યુગમાં ‘ટેલેન્ટ’ તો બધામાં હોય છે. તેને યોગ્ય માર્ગદર્શન, સાથે કોઈ આધાર- ટેકો આર્થિક કે સામાજીક મળી જાય તો તેની ટેલેન્ટની વિકાસ થાય અને ઝળકી ઊઠે. આજના જમાનામાં સરકાર દ્વારા શિષ્યવૃત્તિઓ, તાલીમ અને માર્ગદર્શન દ્વારા ‘ટેલેન્ટ’ ને પિછાની પુરસ્કૃત કરવામાં આવે છે. ‘અનામત’ દ્વારા પણ ખાસ રાજયાશ્રય આપવામાં આવે છે.

સંગીતકારો- સાહિત્યકારોને પ્રોત્સાહન આપવા સરકાર એકેડમી બનાવે છે અને અનેક યોજનાઓ દ્વારા તેમને મદદરૂપ થવા, સરકાર પ્રયત્ન કરે છે પ્રાચીન રાજાઓ તો ‘ સર્જનાત્મક’ પ્રવૃત્તિ માટે આવા કલાકાર- સર્જકોને દરબારમાં ‘રત્ન’ની જેમ સાચવતાં હતા.

આજે પણ એવોર્ડ- રિવોર્ડ દ્વારા મહત્તા સચવાય છે. રાજયાશ્રય વિના ઉધ્ધાર થતો નથી.

## આપની આજ - કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) મહત્વના કાર્યમાં સફળતા મળે. ગૃહજીવનમાં ઘર્ષણ થવા સંભવ છે.**
**વૃષભ : (બ.વ.ઉ.) નાણાંભીડ હળવી બને. નવિન શુભ સમાચાર મળે.**
**મિથુન : (ક.છ.ઘ.) માનસિક પ્રસન્નતાનો અનુભવ થાય. પ્રવાસમાં સફળતા મળે.**
**કર્ક : (ડ.હ.) વિશ્વાસે વહાણ ન ચલાવવું. અપયશના ભોગ બનવું પડે.**
**સિંહ : (મ.ટ.) કાર્યોમાં અટકી-અટકીને સફળતા મળે. આર્થિક પરિસ્થિતિ ગુંચવાય.**
**કન્યા : (પ.ઠ.ણ.) જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. તમારા પ્રયત્નો ફળે.**
**તુલા : (ર.ત.) ધીરજની કસોટી થાય. મનમાં ઉગ્રતા રહે.**
**વૃશ્ચિક :(ન.ય. ) અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. નાણાંભીડ ઉદ્દભવે.**
**ધન : (ભ.ફ.ધ.) ઘરમાં વાદ-વિવાદના પ્રસંગ બને. પ્રયત્નો વિલંબથી ફળે.**
**મકર : (ખ.જ.) આરોગ્ય બાબતે ચિંતા રહે. વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે.**
**કુંભ : (ગ.શ.સ.) ચિંતાનો ઉકેલ મળે. નાણાંકીય સમસ્યા હળવી બને.**
**મીન : (દ.ચ.જ.થ.) પુરૂષાર્થ પછી યોગ્ય ફળ મળે. પડવા-વાગવાથી સંભાળવું.**

## આજનો દિન મહાન - યશવંત કડીકર

સંગીતના સ્વતંત્ર અને બહોળા વિકાસના ભેખધારી પંડિત વિષ્ણુ નારાયણ ભાતખંડની જન્મજયંતિ છે.

હિંદુસ્તાની સંગીતને આમ જનતા સુધી પહોંચતું કરવાનું ભગીરથ કાર્ય એમણે કર્યું.

એમનો જન્મ ૧૦/૮/૧૮૬૦ને જન્માષ્ટમીના દિવસે રત્નાગિરી જિલ્લાના વેળાણેશ્વરમાં થયો હતો. સ્વરમાલિકા સંગીત પદ્ધતિ પર ચાર પુસ્તકો અને સંગીતના ક્રમિક ગ્રંથોના છ ભાગોમાં તેમણે શાસ્ત્રીય અને ઘરાણેદાર લગભગ ૨૦૦૦ ચીજોને સ્વરાંકન કરીને આજની તેમજ આવતી પેઢીને માટે એક અમર કાર્ય કર્યું છે. આ મહાન સંગીતશાસ્ત્રીનું ૧૯/૯/૧૯૩૬ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**‘રખેવાળ’ દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**




## નિફ્ટી ફ્યુચર ૯૮૭૩ પોઈન્ટ સ્ટ્રોંગ સપોર્ટ...!!!

**તા ૦૯.૦૮.૨૦૧૭ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ (૯૯૧૨) :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૯૯૬૧ પોઈન્ટના પ્રથમ અને ૯૯૯૯ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૯૮૯૮ પોઈન્ટ થી ૯૮૭૩ પોઈન્ટ, ૯૯૬૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૯૯૯૯ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!**

## તેજી સંદર્ભે ખરીદવાલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) યસ બેન્ક (૧૭૪૪) :- બેન્ક ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૭૨૭ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૭૧૭ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૭૫૭ થી રૂ.૧૭૬૬ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૭૬૭ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**૨) રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (૧૫૯૭) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૫૮૪ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૫૭૩ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૬૦૯ થી રૂ.૧૬૧૬ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!**

**૩) સેન્ચુરી ટેક્ષટાઇલ (૧૨૪૪) :- રૂ.૧૨૨૪ પ્રથમ તેમજ રૂ.૧૨૧૬ ના બીજા સપોર્ટથી સિમેન્ટ સેક્ટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૨૬૧ થી રૂ.૧૨૭૭ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!**

**૪) એશિયન પેઈન્ટ (૧૧૫૫) :- પેઈન્ટ સેક્ટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૧૧૭૭ થી રૂ.૧૧૮૫ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૧૧૩૧ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!**

**૫) રિલાયન્સ ઇન્ફ્રા (૫૦૮) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૪૯૦ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! ઇન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૫૨૩ થી રૂ.૫૩૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!**

## મંદી સંદર્ભે વેચાણલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) HDFC લિમિટેડ (૧૭૩૦) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાઇનાન્સ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૭૪૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૭૧૭ થી રૂ.૧૭૦૯ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૭૫૭ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

**૨) મહિન્દ્રા - મહિન્દ્રા (૧૩૯૨) :- રૂ.૧૪૦૯ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૪૧૭ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૧૩૭૧ થી રૂ.૧૩૬૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૪૧૯ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

**૩) કોટક બેન્ક (૯૯૬) :- બેન્ક સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૦૧૭ ના સ્ટોપલોસથી વેચાણ લાયક ...!! પ્રત્યાઘાટી ઘટાડે રૂ.૯૮૪ થી રૂ.૯૭૦ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!**

**૪) ઇન્ફોસિસ (૯૭૨) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ટેક્નોલોજી સેક્ટરનો આ સ્ટોક રૂ.૯૯૦ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૯૬૦ થી રૂ.૯૪૩ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૯૯૭ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!**

**૫) રીલાયન્સ કેપિટલ (૭૯૭) :- રૂ.૮૦૮ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૮૧૮ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૭૮૧ થી રૂ.૭૭૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૮૧૮ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!

# રૈયાથી રણુજા પગપાળા યુવાસંઘનું પ્રસ્થાન


ચેતન કોઠારી

પ્રતિ. રૈયા

દિયોદર તાલુકાના રૈયા ગામથી રાજસ્થાનના રણુંજા રામદેવપીરના યાત્રાએ સંઘનું પ્રસ્થાન થયું હતું. ગામના દશ વડીલો તા.૮/૮/૨૦૧૭ ના રોજ રૈયા શિવજી મંદિરે દર્શન કરી રણુંજા રામદેવના દર્શન કરવા પગપાળા નીકળ્યા જેમાં રૈયા ગામના લીલાભાઈ આઈ.ગુજજર, મફાભાઈ દેસાઈ (ભુવાજી), રામાભાઈ નાઈ, ઠાકોર બાસફુજી, ઠાકોર સાદાજી, લીલાભાઈ નાઈ જેવા વડીલો છેલ્લા દસ વર્ષથી રામદેવજીના દર્શનાર્થે જાય છે. રૈયાથી લગભગ ૪૦૦ કિ.મી. જેટલા અંતરે રણુંજા આવેલ છે. તેઓ રણુંજા બાબા રામદેવપીરના મંદિરે ધજા ચડાવશે.

# ડીસામાં વિશ્વ આદિવાસી દિનની ઉજવણી કરાઈ


ભરત સુંદેશા

ડીસા

વિશ્વ આદિવાસી દિન નિમિત્તે ડીસાની હિંદુ ધર્મશાળા ખાતે સ્વાતંત્ર્ય સેનાની વિર બિરસા મુંડા અને વીર એકલવ્યને પુષ્પાંજલી કરી ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે ગુજરાત પ્રાથમિક શિક્ષક મંડળના મહામંત્રી વિજય પરમાર, ગુજરાત એકલવ્ય કર્મચારી મંડળના પ્રમુખ મનુભાઈ ડુંડ, ડીસા પાલીકાના સદસ્ય રવિન્દ્ર ગુંધી, રમેશ માજીરાણા, કૈલાસ ગુંધી સહિત આદિવાસી સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વિજયભાઈ પરમાર અને મનુભાઈ ડુંડે પ્રેરક પ્રવચન આપી વિર બિસ્સા મુંડા તથા ડૉ.આંબેડકરને યાદ કરી તેમના આદર્શો પર ચાલવા આહવાન કરાયું હતું.

# જાગેશ્વર મંદીરમાં સ્થાપિત શિંવલીંગ પુર્વ રાજવીને ગંગાજીમાંથી મળ્યું હતું

### શહેરમાં શ્રી જાગેશ્વર મહાદેવના મંદીરમાં શ્રાવણે હર હર મહાદેવ


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ શહેરમાં શ્રી જાગેશ્વર મહાદેવનું પૌરાણિક મંદીર આવેલું છે.જે થરાદના પુર્વ રાજવી કાશીવિશ્વનાથને દર્શને જતાં ગંગાજીમાંથી એક શિવલીંગ મળ્યું હતું. શહેરનું આ પૌરાણિક મંદીર શ્રાવણ સહિત બારેયમાસ ભાવિકભક્તોના ઓમ નમઃ શિવાયના નાદથી ગુંજતું રહે છે.

નગરની મધ્યમાં સુથારાશેરીમાં આવેલ શ્રી જાગેશ્વર મહાદેવનું પૌરાણિક મંદીરનો જીર્ણોધાર થરાદના પુર્વરાજવી અભેસીહજીની પાંચમી પેઢીએ કર્યો હતો.આ પૌરાણિક મંદીરની લોકવાયકા મુજબ પુર્વરાજવી અભેસીહજી દરબાર કાશીવિશ્વનાથ ભગવાનના પરમભક્ત હતા.તેઓ પોતાના નિયમ મુજબ દરબેસતા વર્ષે કાશીવિશ્વનાથ (વારાણસી)ના દર્શને કરવા જતા હતા.એક વખત થોડા મોડો પહોંચતાં મંદીરના દ્વાર બંધ થઈ ગયાં હતાં.આથી તેઓ રાતે મંદીરની આગળ બેસી રહ્યા હતા.અને ભગવાનની આરાધના કરી હતી.આ વખતે એક જોગીએ આવીને તેમને હાથમાં શિવલીગ આપીને આ લીગની થરાદમાં સ્થાપના કરી ત્યાં જ દર્શન કરજો અહી સુધી નહી આવોતો પણ ભોળાનાથ માની લેશે તેમ જણાવ્યું હતું. દરમ્યાન મધ્યરાત્રીએ ભગવાન ભોળાનાથે પુજારીને સ્વપનમાં દર્શન આપીને કહ્યું હતુંકે મારા પરમભક્ત રાજવીને મારાં દર્શન તથા તેમના હાથે મારીપુજા અર્ચના કરાવો.આ વખતે તેમને રાતે આવેલા જોગી ભગવાન ખુદ હોવાનો અહેસાસ થતાં ફરી પ્રાર્થના કરી જો ભગવાન ખુદજ આવ્યા હોયતો પુરાવા તરીકે બીજું શિવલીગ માંગ્યું હતું.સવારમાં રાજવી ગંગાજીમાં સ્નાન કરતાં બીજું શિવલીગ મળ્યું હતું.રાજવી બંન્ને શિવલીગ થરાદ લઈ આવ્યા હતા.જે પૈકી એક પોતાના દર્શન માટે દરબારગઢ (રાજગઢી)માં સ્થાપના કરી હતી.બીજાને થરાદના બ્રાહ્મણોને મંદીર બનાવી અર્પણ કર્યું હતું.જે શ્રીજાગેશ્વર મહાદેવ તરીકે ઓળખાય છે.શ્રીજાગેશ્વર મહાદેવના મંદીરનો વહીવટ અગાઉ દેવજી પીતાંબર તરવાડી કરતા હતા.હવે સમગ્ર બ્રહ્મ સમાજ મળીને વર્ષે દિવસે અનેક ધાર્મિક કાર્યક્રમો જેવાકે બ્રહ્મભોજન,સમુહ યજ્ઞોપવિત બદલવા સહિત સમાજના અને ભોળાનાથના તમામ પર્વોની આનંદ અને ઉત્સાહભેર ઉજવણી કરી ધન્યતાનો અનુભવ કરે છે.મંદીરમાં ગોગમહારાજનું પણ સ્થાનક હોઈ આખો દિવસ ભાવિકભક્તોની ભારે ભીડ રહે છે.મંદીરના પરિસરમાંજ શ્રીમાળી બ્રાહ્મણ એજ્યુકેશન ટ્રસ્ટ થરાદ,વાવ,દીયોદર ૪૨ ગામ સંચાલિત શ્રીજાગેશ્વર વિધામંદીર પણ પંદર વર્ષથી કાર્યરત છે જેમાં એકથી આઠ ધોરણમાં તમામ કોમના ૩૫૦ બાળકો પણ અભ્યાસ કરે છે.દિવાળીના દિવસે દર્શનાથે આવતા તમામ કોમના ભક્તોથી મંદીર ઉભરાઈ રહે છે.

# કાંટ સર્વોદય વિદ્યાલયમાં રક્ષાબંધનની ઉજવણી

ડીસા

શ્રી સર્વોદય એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી સર્વોદય પ્રા.વિદ્યાલય કાંટ ખાતે તા.૫/૦૮/૨૦૧૭ ને શનિવારના રોજ ‘રક્ષાબંધન’પર્વની ઉજવણી કરવામાં આવી.શાળાની બાળાઓએ ‘રક્ષાબંધન’ વિશે ગીત રજૂ કર્યું હતુ.પ્રા.શાળાના આચાર્ય રમેશભાઈ સોલંકીએ ‘રક્ષાબંધન’ વિશે વિસ્તૃત સમજ આપી હતી.ત્યારબાદ શાળાના તમામ સ્ટાફમિત્રોએ ‘રક્ષાબંધન’ પર્વ વિશે સમજ આપી.શાળાની બહેનોએ ભાઈઓને કુમ-કુમ તિલક કરી રાખડી બાંધી મોં મીઠું કરાવ્યું હતુ.ભાઈઓએ બહેનોને ભેટ પણ આપી હતી.

# બનાસડેરીના વાઈસ ચેરમેને ડીસા તાલુકાના પુરગ્રસ્ત ગામોની મુલાકાત લીધી



ડીસા

બનાસડેરીના વાઈસ ચેરમેન માવજીભાઈ દેસાઈએ ડીસા તાલુકાના માલગઢ, વડાવળ, સણથ, સાંડીયા, સોતમલા, ડેડોલ, ખેંટવા, છત્રાલા, વ્હારા, વીરવાડા, બોડાલ, લોરવાડા તમામ ગામોમાં જઈ પુરપીડીતોની મુલાકાત લીધી હતી.તેમજ દરેક ગામની બનાસડેરીના મંત્રી- ચેરમેન તથા ગ્રામજનોની રૂબરૂ મુલાકાત લઈ દરેકની રજૂઆતો સાંભળી હતી અને બનાસડેરી દ્વારા બનાસદાણ અને ઘાસચારો જરૂરિયાતમંદવાળા લોકોને લઈ જવા ડેરીના મંત્રીઓને સૂચન કરવામાં આવ્યું હતું. લોકોને કોઈપણ જાતની તકલીફ ન પડે તે માટે લોકોને મદદરૂપ થયા હતા અને નુકશાનગ્રસ્ત વિસ્તારોનું જાત નિરિક્ષણ કર્યું હતું.આ પ્રસંગે લેબજીભાઈ ઠાકોર ડીસા તાલુકા ભાજપ-પ્રમુખ, બનાસબેંક- પાલનપુરના ડીરેક્ટર બાબુભાઈ પાનકુટા, તેમજ ડીસા તાલુકા કિશાન મોરચાના મહામંત્રી સુરેશભાઈ સિલ્વા તેમજ મિડિયાસેલ સહ કન્વીનર કંચનજી ઠાકોર, ગાયત્રી પરિવારના લીલાભાઈ નાઈ તેમજ બહોળી સંખ્યામાં દરેક ગામોનાં વડીલો ઉપસ્થિત રહ્યા હતા.

# સૌ વ્યક્તિઓએ જન બનવાની જરૂર છે : આચાર્ય રાજરત્ન સુરીશ્વરનું મ.સા.

### ઉંઝા નગરમાં પંખીઘર (ચબુતરા) નું ઉદ્દ્ઘાટન પ્રસંગ ઉજવાયો




ડીસા

ઉંઝામાં સોમાભાઈ શીવરામદાસ બાંગાની પ્રથમ પૂણ્યતિથિ નિમીત્તે બાપા સીતારામના આયોજકોના સહયોગથી પંખીઘર (ચબુતરા) નું ભવ્ય નિર્માણ કરવામાં આવ્યું છે. તેનું ઉદ્દ્ઘાટન દાતાના પરિવારના વસંતભાઈ તથા મીનાબેનના હસ્તે કરવામાં આવ્યું હતું ઉંઝા નગરમાં ચાતુર્માસ અર્થે પધારેલ આચાર્યદેવશ્રી રાજરત્ન સુરીશ્વરજી મ.સા. આશીર્વચન માટે પધાર્યા હતા. ઉંઝાથી દૂર કામલીરોડ ઉપર આયોજન કરવામાં આવ્યું હોઈ જૈન સાધુઓ આચારથી બંધિત હોઈ ચાલતા આટલા દૂર જીવદયાના અહિંસાના પક્ષીઓના ચણનું કાર્ય હોઈ પધાર્યા હતા. જૈન સમાજ, લાયન્સ ક્લબ તથા રોટરી ક્લબ અને બાપા સીતારામના સભ્યોની હાજરી દાદ માગી દે તેવી રહી હતી. આશીર્વચનની શરૂઆતમાંજ ગુરૂદેવશ્રીના મુખેથી સૌ વ્યક્તિઓએ જન બનવાની જરૂર છે.દરેક જીવો પ્રત્યે પ્રેમની વૃધ્ધિ કરી સંસ્કારોને ટકાવી રાખવા જણાવ્યું હતું. બેઠેલા સૌએ ગુરૂદેવશ્રીની હાકલને ઝીલી બે વર્ષ કે તેથી વધુ ચાલે તેવા ચણના જારની બોરીઓ નોંધાઈ હતી. આ પ્રસંગે લાયન્સ ક્લબ, ઉંઝાના પ્રમુખ - રમેશભાઈ શાહ, પ્રોજેક્ટ ચેરમેન બીપીનભાઈ પટેલ, સુરેશભાઈ આઈ., ગીતાબેન વિ. ની સાથે પાસ્ટ ડિ.ગવર્નર સુરેશભાઈ શાહ અને દાતા વસંતભાઈ સૌ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત રોટરી ક્લબના પ્રમુખ શ્રી વસંતભાઈ તથા પ્રોજેક્ટ ચેરમેન કૌશીકભાઈ અને મિત્રો દ્વારા રોપણ કરવામાં આવ્યું.

# ગ્રીન ડીસા પરિવાર દ્વારા હવામાન અધિકારીનું અભીવાદન કરાયું



ડીસા

ડીસા શહેરમાં વૃક્ષોની જાળવણી અને વૃક્ષા રોપણ માટે જાગૃતિ અર્થે કાર્ય કરતી સંસ્થા ગ્રીન ડીસા દ્વારા ડીસા હવામાન વિભાગની કચેરી ખાતે ફરજ બજાવતા અધિકારી મહેન્દ્રભાઈ ચૌધરીનું અભિવાદન કર્યુ હતું. ચાલુ વર્ષે અધિકારી મહેન્દ્રભાઈ ચૌધરીએ વરસાદ માટે સચોટ આગાહી કરી પ્રજાને સજાગ રાખવા બદલ તેમજ ગ્રીન ડીસા સંસ્થાના વૃક્ષા રોપણના અભિયાનમાં સહયોગ આપવા બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# ચાલુ સરકારી બાંધકામમાં જી.એસ.ટી ૪ ટકાનો બોજો હળવો કરવા માંગ

અમદાવાદ

ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસીએશનના ચેરમેન અરવિંદ પટેલે જણાવેલ છે કે, બાંધકામના સરકારી કામોમાં જી.એસ.ટી ના દર ૧૮ ટકા થી ઘટાડીને ૧૨ ટકા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો તે બદલ અમે સરકારનો આભાર માનીએ છે. પ્રગતિમાં હોય તેવા રોડ પ્રોજેકટના કામોમાં ૪ ટકા જેટલો વધારાનો નાંણાકીય બોજો ઘટાડવાની જરૂર છે. તેમજ બાકી પડતર પ્રશ્નો અંગે એસોસીએશનની મીટીંગ તાકીદે બોલાવી ચર્ચા વિચારણા કરવામાં આવશે. ત્યારબાદ સરકારમાં રજુઆત કરવામાં આવશે. અમોને આશા છે કે, આ પ્રશ્નોનો નિકાલ સરકાર સાથેની વાટાઘાટાથી આવી જશે. અમો આશા રાખીએ છીએ કે, હડતાલ જેવા ઉગ્ર પગલા ભરવાની જરૂર પડશે નહિ. ગુજરાતના કોન્ટ્રાકટરોની મજબુત એકતા અને એસોસીએશનના સફળ પ્રયત્નોથી આવું પરિણામ મેળવી શકાયું છે તેમજ ભવિષ્યમાં પણ મેળવી શકાશે.

## નેસડા પ્રાથમિક શાળામાં રક્ષાબંધન પર્વની ઉજવણી

તા.પ્રતિનિધિ ભાભર

ભાભર તાલુકાની નેસડા પ્રાથમિક શાળામાં રક્ષાબંધન પર્વની ધામધૂમ પૂર્વકની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે શાળાના શિક્ષક ડાયાભાઈ માળીએ રક્ષાબંધનનું પૌરાણિક મહત્વ સમજાવ્યું હતું ત્યાર બાદ દરેક બહેનોએ ભાઈઓને રક્ષાબાંધીને શુભ આશિષ આપ્યા હતા.સામે ભાઈઓએ પણ પ્રતિજ્ઞા લીધી હતી કે અમે અમારી બહેનોનું રક્ષણ કરશું.અને તેમને દુઃખ લાગે એવું ક્યારેય વર્તન કરીશુ નહી ત્યાર બાદ શાળાના આચાર્ય રાણાભાઈ પટેલે સારા આયોજન બદલ સ્ટાફને બિરદાવ્યો હતો.

# લાખણીના ગેળા ધામે સ્વચ્છતા અભિયાન


નરસિંહ પ્રજાપતિ

પ્રતિનિધિ ગેળા

બનાસકાંઠા જિલ્લામાં અતિ ભારે વરસાદ અને પૂરના કારણે તબાહી સર્જાઈ છે.પરંતુ વહીવટીતંત્ર અને સેવાભાવી લોકોના સુમેળથી ધીમેધીમે હવે સ્થિતિ થાળે પડી રહી છે.પરંતુ પૂરગ્રસ્ત ગામોમાં રોગચાળાનો ખતરો મંડરાયો છે જેને લઈ આરોગ્ય તંત્ર ખડેપગે થઈ ગયું છે જેથી ગામેગામ સફાઈ અભિયાન પુરજોશમાં ચાલી રહ્યું છે ત્યારે લાખણી તાલુકાના યાત્રાધામ ગેળાના આગેવાનોએ ગ્રામ પંચાયત દ્વારા ‘અપના હાથ જગન્નાથ’ કહેવત સાર્થક કરી સફાઈ ઝુંબેશ હાથ ધરી છે જેમાં ગામના શ્રીફળીયા હનુમાન મંદિર સહીત ગામના રસ્તાઓ ઉપર પુરમાં જામેલ કચરો હટાવી લેવાયો છે.જેથી મંદિર અને રસ્તાઓ ચોખ્ખા ચણાક બની જતા ગામ માથેથી રોગચાળાની ઘાત ટળી જતા ગ્રામજનો સાથે યાત્રિકોમાં પણ ખુશાલી છવાઈ છે.તેથી ગ્રામ પંચાયતની કામગીરી પણ દીપી ઉઠી છે.સ્વચ્છતા અભિયાનમાં સરપંચ સીતાબેન રામચંદભાઈ વાલ્મિકી, ડે.સરપંચ હરજીભાઈ પાનાભાઈ રાજપૂત, પંચાયત સભ્ય ગણેશભાઈ વનાજી પટેલ, ભગવાનભાઈ ભીખાભાઈ વાઘડા વિગેરે જોતરાયા હતા.

# ઓકસફોર્ડ ડિકશનરીઝ એ ગુજરાતી અને તમિલ ભાષાની ઓનલાઈન ડિકશનરી રજુ કરી

ઓકસફોર્ડ ડિકશનરીઝના ગ્લોબલ લેંગ્વેઝ ઈનિશિએટિવ (વૈશ્વિક પહેલ) અંતર્ગત હિન્દી પછી ગુજરાતી અને તમિલનો દ્વિતીય અને તૃતિય ભારતીય ભાષા તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે. ઓકસફોર્ડ ગ્લોબલ લેંગ્વેઝ (ઓજીએલ) ની શરૂઆત સપ્ટેમ્બર ૨૦૧૫ માં થઈ હતી. ઓજીએલ ઓકસફોર્ડ ડિકશનરીઝની એક પ્રમુખ પહેલ છે જેનો હેતુ વિશ્વભરની લગભગ ૧૦૦ ભાષોઓ માટે શબ્દકોષ અને શબ્દાવલી સંસાધનોનું નિર્માણ કરવું અને તેને ઓનલાઈન ઉપલબ્ધ કરાવવાનો છે. તેના અંતગત પ્રથમવાર મોટી સંખ્યામાં ભાષાઓની શાબ્દિક જાણકારી મોટી માત્રામાં ગુણવત્તાપૂર્ણ વ્યવસ્થિતરૂપે સંગ્રહિત કરીને ઉપલબ્ધ કરાવવામાં આવશે. તે બોલનાર, શીખનાર અને વિકાસ કરનાર માટે એક સિંગલ લિંક રિપોઝિટરીના રૂપે ઉપલબ્ધ થશે. આ કાર્યક્રમનો હેતું વિશ્વભરમાં કરોડો લોકોને વેબસાઈટ, એપ્સ અને અન્ય સર્વિસીસ અને ટુલ્સ પર કન્ટેન્ટને તેમની ભાષામાં ડિઝિટલ સ્વરૂપે ઉપલબ્ધ કરાવી તેમના અનુભવમાં પરિવર્તન લાવવાનું છે.

’ઓજીએલ એક સાહસિક પહેલ છે જે એક આધુનિક પડકાર અને વિશાળ તક માટે ઓકસફોર્ડ યૂનિવર્સિટી પ્રેસ દ્વારા શરૂ કરવામાં આવી છે. વિશ્વભરમાં ડિઝિટલ કોમ્યુનિકેશન્સ પર અંગ્રેજી અને અન્ય "મુખ ભા"ાઓ જેવી કે ચાઈનીઝ અને સ્પેનિશનું પ્રભુત્વ છે. આપણે બધા ઈન્ટરનેટ યુ"માં ભા"ા વિવિધતા તથા વ્યવહાર્યતા પર તેના પ્રભાવના મહત્વપૂર્ણ સમયમાં રહી રહયા છીએ, અને ભાષા માટે પગલા લેવાનો અત્યારે યોગ્ય સમય છે’. ભાષાઓનો સમુદાય ઓકસફોર્ડ ગ્લોબલ લેંગ્વેઝની એક પ્રમુખ વિશેષતા છે અને અમારી ટીમ સક્રીય શબ્દકો"ોને તૈયાર કરવા માટે સ્થાનીક ભાષાકીય સમુદાય સાથે મળીને કાર્ય કરે છે. તેનું લક્ષ્ય યુઝર્સને તેની ભાષામાં સમર્થન કરવાનું અને સંસાધનોને વિકસિત કરવામાં તેમને ભાગીદારીનો અનુભવ કરાવવાનું છે. આ બન્ને સાઈટની સાથે મદદ માટે એક લેંગ્વેઝ ચેમ્પિયન પણ હશે જે આ પહેલ માટે યોજનાબદ્ધ સલાહ અને જાગરૂકતા વધારવામાં મદદ કરશે. રાંચી વિશ્વવિધાલયની એસોસીએટ પ્રોફેસર ડો. પૂનમ નિગમ સહાય હિંદી લેંગ્વેજ ચેમ્પિયન છે.

# અસરગ્રસ્તોની સાથે રહેવાના બદલે બેંગલુરુમાં રહીને જલસા કરી આજે લાજવાને બદલે ગાજે છે : ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

## વિધાનસભા ગૃહમાં નિયમ ૧૧૬ હેઠળની નોટીસ પરના પ્રત્યુત્તરમાં મહેસૂલ મંત્રીના આકરા પ્રહારો

ગાંધીનગર

અતિવૃષ્ટિ દરમિયાન મુખ્યમંત્રીવિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં રાજય સરકારના વરિષ્ઠ મંત્રીઓ તથા વહીવટીતંત્ર બનાસકાંઠા અને પાટણના પૂરગ્રસ્તોની વહારે હતું ત્યારે કોંગ્રેસના ધારાસભ્યો લોકતંત્ર બચાવવાના નામે બેંગલુરુમાં જલસા કરીને આ બંન્ને જિલ્લાઓના અસરગ્રસ્ત પરિવારોની અક્ષમ્ય અવહેલના કરી છે ત્યારે કોંગ્રેસના આ ધારાસભ્યોનું માથુ શરમથી ઝુકી જવું જોઈએ, તેમ મહેસૂલી મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આજે વિધાનસભા ગૃહમાં જણાવ્યું હતું.

વિધાનસભા ગૃહમાં નિયમ - ૧૧૬ હેઠળ બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં પૂરગ્રસ્ત પરિસ્થિતિના સંદર્ભમાં ધ્યાન દોરતી ૧૧૬ હેઠળની તાકીદની જાહેર અગત્યની બાબત પર પ્રત્યુત્તર વાળતા મહેસૂલ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, આ બંન્ને જિલ્લાઓમાં રાજય સરકારે સંવેદનશિલ અભિગમ દાખવીને સતત ૧૦ દિવસ સુધી પૂરગ્રસ્ત વિસ્તારોમાં અસરગ્રસ્તોના પુન : સ્થાપનની વિક્રમી કામગીરી કરી છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ તેમના જન્મદિવસની ઉજવણી પણ પૂરગ્રસ્તોની સાથે રહી તેમના આસું લુંછીને કરી, રાજય સરકારના ૧૪ જેટલા મંત્રીઓ અને વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીઓએ અસરગ્રસ્ત ગામડાઓ સુધી પહોચીને અસરગ્રસ્તોના પુન : સ્થાપનનું કાર્ય કરીને રાજય સરકારની સંવેદનશીલતાનો પરિચય કરાવ્યો છે ત્યારે બીજી તરફ કોંગ્રેસના સભ્યો આવા વિકટ સમયમાં જનતાની સાથે રહેવાના બદલે બેંગલુરુના ફાઈવસ્ટાર રિસોર્ટમાં રહીને જનતાથી વિમુખ થઈ ગયા તેની શરમ અનુભવવાને બદલે, આજે લાજવાને બદલે વિધાનસભા ગૃહમાં ગાજે છે તે બદલ તેમને શરમ આવવી જોઈએ. તેમણે જણાવ્યું હતું કે અસરગ્રસ્ત વિસ્તારોમાં અમારા સેવા કાર્ય દરમિયાન ક્યાંયથી પણ અમને ફરિયાદ મળી નથી તે જ અમારા માટે પરમ સંતોષની બાબત છે.

મહેસૂલ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ નિયમ ૧૧૬ હેઠળની નોટીસ અંતર્ગત પોતાના પ્રત્યુત્તરમાં આ બંન્ને જિલ્લાઓમાં રાજય સરકારના વહીવટીતંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલ બચાવ અને રાહત કામગીરીની વિસ્તૃત વિગતો આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી દ્વારા આ સંજોગોમાં એસ.ઈ.ઓ.સી. ગાંધીનગર ખાતે તા.૨૩/૭/૨૦૧૭ ના રોજ તમામ વિભાગોના સંબંધિત સચિવઓ સાથે તાકીદની મીટીંગ હાથ ધરી બચાવ અને રાહત કામગીરીની સમીક્ષા કરી તેમજ આગળની કામગીરી માટે માર્ગદર્શન પુરું પાડેલ તથા ત્યારબાદ પ્રેસ કોન્ફરન્સ યોજીને રાજય સરકારની કામગીરીથી પ્રજાજનોને વાકેફ કર્યા હતા.

તા.૨૫/૭/૨૦૧૭ ના રોજ વડાપ્રધાન દ્વારા ગુજરાતના પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેતા સમયે પ્રથમ અમદાવાદ હવાઈ મથકે તાકીદની આપાતકાલીન બેઠકનું આયોજન અને સમીક્ષા કર્યા બાદ પૂરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું પરિસ્થિતિની ગંભીરતા જોતા રાજયને ૫૦૦ કરોડ રૂપિયાનું પેકેજ મંજૂર કરાયેલ. વડાપ્રધાનના રાહત કોષમાંથી રૂપિયા ૨ લાખની વધારાની મૃત્યુ સહાય

અનુસંધાન પાના નં.૬

# દિયોદરના રૈયા ગામે શૌચાલયની કામગીરીમાં ગેરરીતિની બુમરાડ

## તદ્દન હલકી કક્ષાનું મટીરીયલ વપરાયુ હોવાના આક્ષેપ



ચેતન કોઠારી

પ્રતિનિધિ રૈયા

દિયોદર તાલુકાના અનેક ગામોમાં શૌચાલયની કામગીરીમાં વ્યાપક પ્રમાણમાં ગેરરીતિઓ આચરવામાં આવી છે. જેમાં રૈયા પંથકમાં શૌચાલયના કામમાં હલકી કક્ષાના માલસામાનનો ઉપયોગ કરાયો હોવાનો ગ્રામજનોનો આક્ષેપ છે.

જેમાં શૌચાલય માટેના કુવા ત્રણથી ચાર ફુટ જ ઉંડા ખોદવામાં આવ્યા છે. તેમજ કુવામાં ટાઈલ્સ, ઈંટો પણ તદ્દન હલકી કક્ષાની છે. શૌચાલયમાં કટપીસ પણ ત્રણને બદલે એક ફુટના લગાવાયા છે. શૌચાલયના દરવાજા પણ હલકી ગુણવત્તાના હોય છે. તેમજ પાયા પણ ઉંડા અને મજબુત હોતા નથી. જેથી આ બાબતે કોન્ટ્રાક્ટરોને પુછવા જતાં તેઓ સરકાર દ્વારા આવો જ માલસામાન આપવામાં આવે છે. તેમ કહી સરકારને બદનામ કરવાનો પ્રયાસ કરાય છે. વળી, કોન્ટ્રાક્ટરો દ્વારા જો કોઈ વ્યક્તિએ પોતાના ખર્ચથી શૌચાલય બનાવ્યુ હોય તો તેમને માત્ર છ હજાર રૂપિયા જ ચુકવવામાં આવશે. તેવું કહેવામાં આવે છે. આ ગેરરીતિ અંગે અવારનવાર અખબારોમાં છપાયુ છે. તેમ છતાં કોન્ટ્રાક્ટરો કે તંત્રની આંખ ઉઘડતી નથી. ત્યારે જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી દિયોદરના રૈયા પંથકમાં શૌચાલયની કામગીરીની જાત તપાસ કરી યોગ્ય પગલા ભરે તેવી લોકમાંગ છે.

# પૂર અને અતિવૃષ્ટિમાં તાણા સરપંચની પ્રસંસનીય કામગીરી

તા.પ્રતિ. થરા

કાંકરેજ તાલુકામાં ભારે વરસાદના કારણે આવેલ પૂર અને અતિવૃષ્ટિમાં તાણા ગામના સરપંચ ગીરીશભાઈ પટેલ એ તાણા ગામમાં અને કાંકરેજ તાલુકામાં પ્રશંસનીય કામગીરી કરી હતી. પૂરના કારણે તેરવાડીયા ગામડી (તાણા) ના ૮ પરિવારો અને ૨૮ ની સંખ્યાને નદીના પૂરમાંથી ગામલોકોને સાથે રાખી બહાર કાઢેલ તેરવાડીયા ગામડીનો રસ્તો તુટી ગયો હોઈ તાત્કાલીક રીપેર કરી બીજાજ દિવસે ચાલુ કરી વાહનોની અવર -જવર ચાલુ કરી હતી. આ ઉપરાંત તાણા ગ્રામ પંચાયત હસ્તકના તમામ વિસ્તારો અંગે સરકારમાં રજુઆત કરી સુંદર આયોજન કરી સમાનભાવથી તમામ લોકોને કેશડોલ્સ ચૂકવી સરાહનીય કામગીરી કરેલ છે. જાણવા મળ્યા મુજબ આશરે ૫૦ લાખ રૂપિયા કેશડલ્સ નો ગામને લાભ અપાવેલ છે. તાણા ગામે અતિવૃષ્ટિમાં નર્મદાકેનાલ તૂટી જતાં નર્મદાનું પાણી થરા - તાણા અને બધાજ ગામડાઓમાં બંધ થઈ જતાં તમામ ગામોમાં પીવાના પાણીની તકલીફ છે. તાણા ગામ મોટુ હોવા છતાંય સરપંચના સક્રીય પ્રયત્નોથી તાણા ગામમાં એકપણ દિવસ પાણી બંધ થયુ નથી. ગામમાં લોકોને પાક નુક્શાન મકાન નુક્શાન, જમીન ધોવાણ, પશુ નુક્શાન વગેરેમાં સાથે રહી સર્વે કરાવી સરાહનીય કામગીરી કરતાં ગામલોકોમાં ખુબજ પ્રસંસાને પાત્ર બનેલ છે. તાલુકામાં પણ કાર્યાલયમાં, સી.એમ., ડે.સી.એમ., શંકરભાઈ ચૌધરી વિગેરે આગેવાનોની સાથે રહી પુરગ્રસ્ત વિસ્તારોનો સાચો ચિતાર આપ્યો હતો.

# થરાદના ભોરોલ ગામમાં ભરાયેલાં પાણી કાઢવા મથામણ

## ઉપરવાસના ગામના તળાવનું પાણી આવતાં ગામનો ચારણવાસ પાણીમાં ગરકાવ બન્યો હતો



વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદના ભોરોલ ગામમાં ઉપરના ગામના તળાવનું પાણી વરસાદ બાદ આવીને ચારણવાસના ૧૫૦ રહેણાંકોમાં ફરી વળતાં સિંચાઇ વિભાગ દ્વારા ત્રણ મશીન લગાવીને ઉલેચવાની કામગીરી હાથ ધરવામાં આવીછે.જ્યારે પુર્વ સરપંચે તેમના ખર્ચે અગાઉ જેસીબીથી પાણીનો નિકાલ કરાવ્યો હોવાનું જણાવ્યું હતું.

થરાદના ભોરલ ગામમાં વરસાદે વિરામ લીધા પછીના દિવસોમાં ઉપરના ગામના તળાવનું પાણી વ્હોળા સ્વરૂપે આવીને ચારણવાસના ૧૫૦ જેટલા ગામોમાં ભરાઇ જવા પામ્યું હતું.જેના કારણે વગર વરસાદે રહીશોની હાલત ભારે કફોડી થવા પામી હતી.ગામના પુર્વ સરપંચના પતિ દેવીદાન ગઢવીએ આ પાણીનો નિકાલ સ્વખર્ચે જેસીબીથી કરાવવા છતાં પણ પાણી નહી ઓસરતાં આ અંગે વહિવટીતંત્રને રજુઆત કરવામાં આવી હતી.જેના પગલે સિંચાઇ વિભાગ દ્વારા ગામના તળાવમાં ત્રણ ઓઇલ એન્જીન લગાવીને પાણી ઉલેચવાની કામગીરી હાથ ધરી હોવાનું દેવીદાન ગઢવીએ જણાવ્યું હતું.

**નાગલા,ડોડગામ અને ખાનપુરમાં ક્યારે હાથ ધરાશે??**

થરાદના નાગલા,ડોડગામ અને ખાનપુરના ખેતરો અને ગામતથા સીમ પાંચથી દસફુટ પાણીમાં ગરકાવ થયેલાં છે.આ અંગે તાજેતરમાં ગામની મુલાકાતે આવેલા મુખ્યમંત્રીએ ૨૦૧૫માં વાર થઈ હતી પણ હવે આજ થતું હશે તો કાલ નહી થવા દઈએ તેવું આશ્વાસના આપ્યું હતું.જેને પણ અઠવાડીયું વિતવા છતાં કોઈ જ પ્રકારની કામગીરી હાથ ધરવામાં અવી નથી. આથી આ ગામોના પાણીનો નિકાલ કરવાની કામગીરી ક્યારે હાથ ધરાશે તેમ ગ્રામજનો જણાવી રહ્યા છે.

# પાલનપુર જૈન સમાજ દ્વારા પુરપીડીતોને મુખ્યમંત્રીના જન્મદિન નિમિત્તે રૂા.૧૧,૧૧,૧૧૧ ની સહાય ચુકવાઈ



પાલનપુર

પુર પીડીતના વહારે આવી મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પાંચ દિવસ પાલનપુરમાં રાત્રી રોકાણ કરી પુરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લીધી હતી.આ અંગે ટ્રસ્ટી દિલીપભાઈ શાહે જણાવ્યું હતુ કે જન્મ દિવસે પાલનપુર શ્રી તપાગચ્છ જૈન ઉપાશ્રય ખાતે ચાતુર્માસ અર્થે આવેલ પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી કલ્યાણસાગર સૂરીશ્વરજી અને પરમ પૂજ્ય આચાર્યદેવ રાજા મહારાજા સાહેબ શ્રી રાજતિલક સાગરસૂરીશ્વરજીના દર્શન કરવા માટે આવ્યા હતા.

જેથી જૈન સમાજ દ્વારા મુખ્યમંત્રીના જન્મ દિવસ નિમિત્તે પૂરગ્રસ્ત વિસ્તારમાં મુંબઈ હિસા નિવારણ સંઘ દ્વારા રૂા.૧૧,૧૧,૧૧૧ ની સહાય કરવાની જાહેરાત કરવામાં આવી હતી.જેથી શ્રી તપાગચ્છ જૈન ઉપાશ્રય ખાતેથી બુધવારે પૂરગ્રસ્ત વિસ્તારોમાં રવાના કરવામાં આવી છે.જેમાં પાલનપુર પ્રાન્ત અધિકારી આર.કે.પટેલ સહિત મુંબઈ ખાતેથી જૈન સમાજના અગ્રણીઓ તેમજ પાલનપુરમાંથી મોટી સંખ્યામાં જૈન સમાજના ભાઈઓ બહેનો હાજર રહ્યા હતા.અને બુધવારે પૂર ગ્રસ્ત વિસ્તારોમાં અનાજ, ચાદરો, રૂમાલ, ઘાસચારો સહિતની તૈયાર કરેલી કીટો મોકલવામાં આવી છે.

# બ્રહ્માકુમારીઝ સંસ્થા પૂર પીડીતોની વ્હારે

## પાલનપુર સેવા કેન્દ્ર દ્વારા ૫૦૧ જીવનજરૂરી કિટસનું વિતરણ



પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં આવેલા વિનાશક પૂરમાં પૂર પીડીતોને મદદરૂપ થવા આંતરરાષ્ટ્રીય સંસ્થા પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય પણ પાછી રહી નથી.

કાંકરેજ તાલુકાના ખારીયા, ઓઢા, વાસણાઓઢા, પટણીઓઢા, વડુવાસ, મોટાજામપુર, ટોટાણા, સોનપુરા, સાકરીયા, સુદ્રોસણ વગેરે ગામોમાં પૂર પીડીતોને મદદરૂપ થવા ગતરોજ પાલનપુર બ્રહ્માકુમારીઝ સેન્ટરના સંચાલિકા રાજયોગી બ્રહ્માકુમારી ભારતીબેન ૫૦૧ જેટલી જીવનજરૂરી કીટસની રવાનગી પાલનપુર ખાતેથી કરી હતી.અને તેમનાં નેતૃત્વમાં સંસ્થાના સેવાધારી ભાઈ-બહેનોએ પૂર પીડીતો વચ્ચે જઈને સાધન સામગ્રીનું વિતરણ કર્યુ હતું. ઉલ્લેખનીય છે કે, પુર, દુષ્કાળ કે ધરતીકંપ જેવી કુદરતી આપદાઓમાં બ્રહ્માકુમારીઝ સંસ્થાના સેવાધારી ભાઈ-બહેનોની સેવાઓ ખુબજ ઉત્કૃષ્ટ રહેવા પામે છે.

# સમૌ મોટાનું જર્જરીત સરકારી દવાખાનું જોખમી



ચેતન શ્રીમાળી

પ્રતિ. આસેડા

ડીસા તાલુકાના સમૌ મોટા ગામે આવેલ સરકારી દવાખાનું ગામ સહિત આજુબાજુના ગામોની પ્રજા માટે આર્શિવાદ રૂપ નિવડયું છે. પરંતુ આ દવાખાનું હાલમાં જર્જરીત બની ગયું છે. જેની છતના પોપડાં પણ ખરી રહ્યા છે.જેથી સારવાર માટે આવતા દર્દીઓ માથે મોત ઝળુંબે છે. જ્યારે દવાખાનામાં ફરજ બજાવતા કર્મચારીઓ પણ અધ્ધર જીવે ફરજ બજાવે છે. જેથી દવાખાનાનું નવું મકાન બનાવવાની માંગ વર્ષોથી થાય છે. મીડીયા પણ આ વ્યાજબી રજુઆત અવાર-નવાર ઉઠાવે છે. જિલ્લા પંચાયત પ્રમુખ આ ગામના વતની છે. તેમ છતાં મકાન બનતું નથી. જેના કારણે આમ પ્રજામાં રોષની લાગણી છવાઈ છે.

# ધાનેરા તાલુકાનુ રવિયા ગામ સહાયથી વંચિત

## કેશડોલ્સ ચુકવવામાં ભેદભાવ રાખ્યાનો આક્ષેપ

પ્રતિનિધિ રવિયા

ધાનેરા તાલુકામાં ભારે વરસાદ અને રેલ નદીના ધસમસતા પાણીએ ભારે વિનાશ વેર્યો છે. જેમાં તાલુકાનું રવિયા ગામ પણ બાકાત રહ્યું નથી. ગામમાં પૂરના પાણી લોકોના ઘરોમાં ઘુસી ગયા હતા. ઘરવખરી તણાઈ જવાની સાથે અનેક પશુઓ મોતને ભેટ્યા છે. વ્યાપક પ્રમાણમાં જમીનનું ધોવાણ થયું છે. ગામમાં એક અઠવાડિયા સુધી પાણીનું વહેણ ચાલુ રહેતા લોકો ઘરમાંથી બહાર નીકળી શક્યા નથી કે ખેતરમાં જઈ શક્યા નથી. જો કે રાજ્ય સરકારે પૂરઅસરગ્રસ્તો માટે રૂા. ૧૫૦૦ કરોડની સહાયની જાહેરાત કરી છે તે મુજબ અસરગ્રસ્ત ગામોમાં સહાયની ચુકવણી પણ થઈ રહી છે. પરંતુ રવિયા ગામને તેમાંથી વંચિત રખાયું છે. શાળાના આચાર્ય દ્વારા ગામની ૧૦ વિધવા મહિલાઓના ફોર્મ ભરી સહાય અપાઈ છે. પરંતુ ગામની અન્ય વિધવા મહિલાઓ તથા અસરગ્રસ્તોને સહાય ન ચુકવી ભેદભાવ રાખવામાં આવ્યો છે. આ બાબતે ગ્રામજનોએ તાલુકા વિકાસ અધકારીને લેખિતમાં રજુઆતો કરવા છતાં કોઈપણ પ્રકારની સહાય ચુકવાઈ નથી.

# લાખણીમાં કોંગ્રેસ દ્વારા રાજયસભા ચૂંટણી જીતની પુરગ્રસ્તો વચ્ચે ઉજવણી



નરસીંહ પ્રજાપતી

પ્રતિનિધિ ગેળા

કોંગ્રેસના દિગ્ગજ આગેવાન અહમદભાઈ પટેલની રસાકસી ભરેલ રાજ્યસભાની ચુંટણી જંગમાં જવલંત વીજય થતા તેમજ યુથ કોંગ્રેસનો સ્થાપના દિન હોઈ યુથ કોંગ્રેસ દિયોદર વિધાનસભા વિસ્તાર, લાખણી તાલુકા કોંગ્રેસ , એન.એસ.યુ.આઈ દ્વારા ઉજવણી કરવામાં આવી. જેમાં બનાસકાઠા જીલ્લો પુર અસરગ્રસ્ત હોઈ ઢોલ નગારા કે ફટાકડા ન ફોડતા અતિ અસરગ્રસ્ત લોકો વચ્ચે જઈ તેમને મીઠાઈ ખવડાવી શાંત્વના આપી તેમની વચ્ચે ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે ધુડાભાઈ પટેલ (પ્રમુખ તાલુકા કોગ્રેસ ) શ્રવણભાઈ દવે , કુલદીપ વન ગૌસ્વામી ( મહામંત્રી પ્રદેશ એન.એસ.યુ. આઈ) સુરેશભાઈ ગળસોર ( પ્રમુખ દિયોદર વિધાનસભા યુથ કોગ્રેસ) પ્રધાનજી ડેલીગેટ આગથળા, પારજી ઠાકોર , બાળકાભાઈ દેશાઈ ડેલીગેટ, બકાભાઈ રાજપુત,

અનુસંધાન પાના નં.૬

# પાલનપુર તાલુકાના નાની ભટામલ ગામમાં ભૂંડનો આંતક

## ૪ લોકોને હડકાયું ભૂંડ કરડતાં પાલનપુર સિવિલમાં ખસેડાયા

પાલનપુર

પાલનપુર તાલુકાના નાની ભટામલ ગામમાં એક હડકાયા ભૂંડએ આંતક મચાવ્યો છે. હડકાયું બનેલું ભૂંડ ૪ લોકોને કરડતાં તેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડવામાં આવ્યા હોવાના અહેવાલ સાંપડ્યા છે.

પાલનપુર તાલુકાના નાની ભટામલ ગામમાં એક ભૂંડ હડકાયું થયું છે. જે હડકાયા ભૂંડે ૪ લોકોને પોતાના નિશાન બનાવ્યા છે. હડકાયું ભૂંડ ૪ લોકોને કરડતાં તેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. હડકાયા ભૂંડના આંતકને પગલે ગ્રામજનો ફફડી ઉઠ્યા છે. ત્યારે ગ્રામજનોને હડકાયા ભૂંડના આંતકમાંથી જલ્દી છોડાવાય તેવી માંગ ઉઠી છે.

(૧)ચંદુજી ઉમેદજી ધૂંખ. ઉ.૫૦, (૨) બબાભાઈ ઉમેદજી ધૂંખ. ઉ.૭૫, (૩) અજમલસિંહ બાબુસિંહ ઠાકોર ઉ. ૧૪., (૪)પરબતજી ભાવસિંહ ચૌહાણ ઉ. ૭૫ તમામ રહે. નાની ભટામલ તા.પાલનપુર.

# ધાનેરામાં આદર્શ કોલેજના વિદ્યાર્થીઓની આરોગ્ય ચકાસણી



એન. કે. મોદી

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરામાં પૂરના પાણી ઓસર્યા બાદ ઠેરઠેર ગંદકીના ઢગ ખડકાઈ ગયા છે. જો કે વહીવટીતંત્ર તેમજ સેવાભાવી સંસ્થાઓ દ્વારા સફાઈ સહિતની કામગીરી થઈ રહી છે. ત્યારે શહેરની આદર્શ કોલેજના રોડ ઉપર ગંદકીનું સામ્રાજય છવાયેલું હોઈ ભવિષ્યમાં રોગચાળો ન ફેલાય તે માટે આદર્શ કોલેજમાં મેડીકલ સર્વિસ સેન્ટર શરૂ કરાયું છે. જેમાં કોલેજના વિદ્યાર્થીઓની આરોગ્ય ચકાસણી કરવામાં આવી હતી. કલ્ચર એજયુકેશન ફોરમની ટીમમાં એક ડોકટર, ત્રણ નર્સ તથા અન્ય ચાર કર્મચારીઓ દ્વારા ટ્રસ્ટના ઉપપ્રમુખ જયેશ પટેલના માર્ગદર્શન હેઠળ મગરાવા, ભાંજણા, નેનાવા સહિતના ગામોમાં આરોગ્ય ચકાસણી કરાઈ હતી. આ અંગે જયેશ પટેલે જણાવ્યું હતું કે ધાનેરા ધાખા દરવાજા વિસ્તાર વધુ અસરગ્રસ્ત હોઈ ભીલવાસ, શિવપુરમાં ઝાડા - ઉલ્ટીના કેસ નોંધાઈ રહ્યા છે.

# અંબાજી ખાતે આદિવાસી દિવસની ઉજવણી



રાહુલ જોશી

પ્રતિનિધિ અંબાજી

છેલ્લા ૨૪ વર્ષથી સમગ્ર વિશ્વભરમાં સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા ઉજવાતાં આજ ૯ મી ઓગસ્ટે વિશ્વ આદીવાસી દિવસ ની ઉજવણી વિશ્વભર માં કરાઇ રહી છે. ત્યારે બનાસકાંઠા જીલ્લા ની આ વિશ્વ આદીવાસી દિવસ ની ઉજવણી યાત્રાધામ અંબાજી ખાતે કરવામાં આવી છે. જેને જીલ્લા નાં પ્રયોજન વહીવટદાર એ.બી.પાંડોર તથાં પ્રાંત અધીકારી બી.ડી વાઘેલા તથા મામલતદાર હકુભાઈ કોદરવએ દિપપ્રગટાવી ને ખુલ્લુ મુક્યુ હતુ. આ પ્રસંગે દાંતા અને અમીરગઢ તાલુકા વિસ્તાર માંથી મોટી સંખ્યામાં આદીવાસી લોકો ઉપસ્થીત રહ્યા હતા. આ પ્રસંગે આદીવાસી વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃર્તીક કાર્યક્રમો પણ યોજાયા હતા. અને આ વિસ્તાર ની આદીવાસી શૈક્ષણીક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ઉચ્ચ ટકાવારી લાવનાર ને પ્રમાણ પત્ર સહીત સિલ્ડ અર્પણ કરાયાં હતા. ખાસ કરી ને આ વિસ્તાર નાં આદીવાસી લોકો માં ચડોતરા જેવી બદી ને ડામવાં ને વ્યસન મુક્ત બનવાં આગ્રહ કરાયો હતો. અને સરકાર ની વિવિધ યોજનાઓ નો ભરપુર લાભ લેવાં ને એક સંગઠીત રહેવાં આહવાન કરાયુ હતુ.

અનુસંધાન પાના નં.૬

# થરાદમાં કોંગ્રેસે વિજ્યોત્સવ મનાવ્યો



વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

રાજયસભાની ચુંટણીમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષના ઉમેદવાર અહેમદભાઈ પટેલનો ભવ્ય વિજય થવા બદલ બુધવારની સાંજે શહેરના હનુમાનચોકમાં થરાદ યુવક કોંગ્રેસ અને NSUI ફટાકડા ફોડી વિજ્યોત્સવ મનાવવામાં આવ્યો હતો.આ કાર્યક્રમમાં જીલ્લા NSUI મહામંત્રી પ્રતાપસિંહ રાજપુત, બાનવા બચુભાઈ, સંજયસિંહ રાજપૂત અજાજી અસારા, વિક્રમભાઇ તથા વિક્રમ ગુપ્તા, નબીભાઇ, કિરણસીહ સોઢા સહિત બહોળી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## અતિવૃષ્ટિ અને બટાટાના ભાવમાં મંદીના પગલે

# કોલ્ડ સ્ટોરેજ એશોસિયેશન દ્વારા એક માસ સુધી ભાડુ ન વધારવાનો નિર્ણય કર્યો

પ્રતિનિધિ વડાવળ

બનાસકાંઠા જિલ્લામાં અતિવૃષ્ટિ તથા કુદરતી આપદાના પગલે ખેડૂતોને પડતા પર પાટુ જેવી બદતર હાલત થઈ છે.અધુરામાં પુરૂ બટાટાના પોષણક્ષમ ભાવો પણ ન મળતા જિલ્લાના ખેડૂતોની હાલત કફોડી બની જવા પામી છે.બનાસકાંઠા જિલ્લામાં બટાટાના સારા ઉત્પાદનના પગલે ખેડૂતોએ બટાટાનું મોટા પાયે વાવેતર કરતા બમ્પર ઉત્પાદન થતા બટાટાના ભાવમાં મંદી આવી ગઈ કોલ્ડ સ્ટોરેજમાં સંગ્રહ થયેલા બટાટના પણ પોષણક્ષમ ભાવો ન મળતા કોલ્ડસ્ટોરેજનો ખર્ચ પણ ખેડૂતોને માથે આવી રહ્યો છે તેવા સમયે કોલ્ડસ્ટોરેજ એશોસિયેશન દ્વારા ખેડૂતોના હીતમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે.

કોલ્ડસ્ટોરેજમાં સંગ્રહ થયેલા બટાટાના આ વખતે કુલ ત્રણ તબક્કામાં ભાડુ વધારવાનો નિર્ણય કર્યો હતો.જેમાં પ્રથમ ૩૧ જુલાઈ સુધી કોલ્ડસ્ટોરેજનુ ભાડુ ૧ કિલો દીઠ ૧.૬૦ પૈસા ચુકવવામાં આવતા હતા ત્યારે ૧ લી ઓગસ્ટથી કોલ્ડસ્ટોરેજના ભાડામાં ૩૦ પૈસાનો વધારો થયો હતો પણ આ વર્ષે બનાસકાંઠા જિલ્લામાં થયેલી અતિવૃષ્ટીના પગલે વ્યાપક ખુવારી સર્જાઈ છે આ ઉપરાંત બટાટાના ભાવમાં પણ મંદી ચાલી રહી છે.તેવા સમયે ખેડૂતોના હીતમાં ડીસા કોલ્ડસ્ટોરેજ એશોસિયેશન દ્વારા વધતા ભાડાની ૧ મહીનો સુધી મુદત વધારવાનો સર્વાનુમતે નિર્ણય લેવામાં આવતા ૩૧ જુલાઈ ૨૦૧૭ સુધી ભાડું રૂા.૧.૬૦ પૈસા હતુ તે હવે પછી ૩૧ ઓગસ્ટ ૨૦૧૭ સુધી ભાડું રૂા.૧.૬૦ યથાવત રહેશે.

## તંત્રી સ્થાનેથી ...

### સતત મહેનત કર્યાવિના કોઈપણ ફળ મેળવી શકાતું નથી.

# ગાંધીની વિચારધારા કેટલી જરૂરી છે

ભારત સ્વતંત્ર થયું ત્યારે ચારે બાજુ ગાંધી વિચારધારાની બોલબાલા હતી. હાથે કાંતેલું ને હાથે વણેલું પહેરવામાં ગૌરવરૂપ ગણાતું. ગાંધીજી યંત્રોનો વિરોધ કરતા અને ગામડાના કારીગરોને રોજગારી મળે તે માટે હાથ કારીગરીને પ્રોત્સાહન આપવાની વાત કરતા. આ બાબત ગાંધી વિચારધારાનો એક ભાગ હતી. અહિંસા પરમો ધર્મ અને માનવ પ્રત્યે માનવની અનુકંપા પણ ગાંધી વિચારધારાનો ભાગ છે.

જો કે, છેવટે ગાંધી વિચારધારા તો ઠીક, ગાંધી જ પડખે મૂકાઈ ગયા. તેમની આવશ્યક્તા માત્ર તેમની જન્મતિથિ અને પૂણ્યતિથિના પ્રસંગો પૂરતી જ રહી ગઈ હતી.ગાંધીજીના મૂળ અનુયાયી એવા કોંગ્રેસીઓ પહેલાં માત્ર ખાદી પહેરતા જ નહી પોતાના વસ્ત્રો માટેની ખાદી માટેનું રૂ જાતે કાંતતા. પગે પહેરવાના ચપ્પલ માટેનું ચામડું અહિંસક છે તેની ખાતરી કરતા. કતલખાનામાં મારી નખાયેલા પશુનું ચામડું કદિ પોતાના પગરખામાં ન વાપરતા. કુદરતી મોતે મરેલા પશુનું ચામડું જ ઉપયોગમાં લેવાયું હોય તેવા ચપ્પલ પહેરતા. પણ ધીમે ધીમે બધું ભૂલાતું ગયું. આજે ખાદી માત્ર એ જ કોંગ્રેસીઓ જ પહેરે છે, જેઓ સત્તાની નજીક છે કે સત્તામાં છે. ગાંધી પોતે પહેરતા નહીં પણ એમના નામે પહેરાતી ગાંધી ટોપી હવે કોંગ્રેસીઓ ધ્વજવંદન કરતી વખતે પણ નથી પહેરતા. પહેલાં ટોપી વિના ધ્વજવંદન કરનાર કાર્યકર કે અધિકારી સામે પગલા લેવામાં આવતા હતા.

આજે ગાંધીનો વિરોધ કરનારનું કોંગ્રેસમાં કોઈ સ્થાન નથી પણ તે ગાંધી એટલે મહાત્મા ગાંધી નહીં પણ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી. એક વિદેશીએ સ્થાપેલી કોંગ્રેસના સોલ પ્રોપાયટર જ જાણે એક વિદેશી કુળની વ્યક્તિ બની ગઈ છે. એક ગાંધી ગયા ને બે ગાંધીઓ ઝળકયા છે. કોંગ્રેસે ભૂલાવી દીધેલા મહાત્મા ગાંધીનું નામ હવે ભાજપ ઉઠાવી ગયો છે. કોંગ્રેસને એમનો ખપ ન રહ્યો હોવા છતાં તેની આની બળતરા થાય છે.

યંત્રોનો વિરોધ અને હાથશાળને પ્રોત્સાહનનો જમાનો ક્યારનો પૂરો થઈ ગયો છે પણ વિદેશી ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાની શરૂઆત કોંગ્રેસના જ વખતમાં થઈ હતી. અલબત તે વખતે બે ગાંધીઓ પડદા પાછળ ધકેલાઈ ગયા હતા. ત્યારે કેન્દ્રની સત્તા પર ગાંધી નહીં પણ નરસિંહરાવ હતા. નરસિંહરાવેકરી શકાય તેમ નથી. આજે જે રોકાણો આવી રહ્યા છે તે એટલા વ્યાપક છે કે તેનાથી રોજગારીની તકો ઘણી વધી જાય છે. હાથ ઉદ્યોગ એટલા પ્રમાણમાં રોજગારી પુરી પાડી શકે તેમ નથી. ક્યારેક હાથ ઉદ્યોગનું વધુ મહત્વ હતું. વિદેશી રોકાણોને આજે વધુમાં વધુ પ્રોત્સાહન ગાંધીના ગુજરાતમાંથી જ મળી રહ્યું છે. દર વર્ષે વાઈબ્રન્ટ ગુજરાત સમીટ યોજીને ગુજરાત વધુ ને વધુ વિદેશી રોકાણો મેળવવાના પ્રયાસો કરે છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં તેની શરૂઆત કરી હતી અને હવે તેઓ દેશના વડાપ્રધાન છે એટલે દેશભરમાં વિદેશી રોકાણો લાવવાના તેઓ પ્રયાસ કરી રહ્યા છે. ગાંધીજીની કોંગ્રેસ વિદેશી રોકાણોનો વિરોધ નથી કરતી કેમ કે તે દેશ માટે જરૂરી છે. કોંગ્રેસ જે વિરોધ કરે છે તે ભાજપને મળી રહેલા યશનો છે. દેશમાં રોજગારીની તકો વધારવા કોંગ્રેસ સરકારોઓએ, નરસિંહ રાવના સમયના અપવાદને બાદ કરતાં, ખાસ કંઈ કામગીરી કરી નથી. વચ્ચે ૧૦ વર્ષના યુપીએ શાસન દરમિયાન કોંગ્રેસ એ માટે સક્રિય હતી પણ આજની સરકાર જેટલી નહોતી. નરેન્દ્ર મોદીએ સત્તામાં આવ્યા પછી પહેલું કામ વિદેશી રોકાણોનો પ્રવાહ વધારવા માટે ઉપયોગી દેશો સાથેના સંબંધોનો સેતુ મજબૂત કરવાનું કર્યું. ગુજરાતમાં આ વર્ષના વાઈબ્રન્ટ સમીટને હમેશ કરતાં વધુ સફળતા મળી તેની પાછળ રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને તેમની ટીમના પ્રયાસો ઉપરાંત વડાપ્રધાને વિદેશી સત્તાઓ સાથે કરી સંતલશે વધુ ભાગ ભજવ્યો છે. નરેન્દ્ર મોદી અને ભાજપને એનો યશ જઈ રહ્યો છે એ કારણ માત્રથી કોંગ્રેસે વાયબ્રન્ટના વિરોધનો રાગ આલાપે રાખ્યો છે. તેને આ તાયફા લાગે છે. તેના એ વિરોધમાં 'ગાંધી વિચારધારા'નો કોઈ ઉલ્લેખ પણ નથી. આજે માર્કેટીંગનો જમાનો છે. દેખાય તે જ વેચાય છે. એટલે દેખાડવા માટે 'તાયફા' જરૂરી બની જાય છે. એને તાયફા કહો તો તાયફા પણ એ 'તાયફા' જ વધુ ને વધુ રોકાણો ખેંચી લાવે છે. જેટલા વચનો મળે છે, એમઓયુ થાય છે એટલા રોકાણો પાછળથી થતાં નથી એવી રાવ કોંગ્રેસ કરે છે. પણ જાહેર થયા કરતાં જે રોકાણો થાય છે તે એટલા બધા ઓછા પણ નથી. દરેક પક્ષની જેમ કોંગ્રેસ દરેક વખતે ચૂંટણી લડે છે. પણ જેટલી બેઠકો પર લડે છે અને એ માટે તાયફા કરે છે એટલી બેઠકો તે જીતતી નથી, કોઈપણ પક્ષ લડેલી તમામ બેઠકો જીતતો નથી. છતાં ચૂંટણી લડવાનું કોઈ બંધ કરતું નથી કે તે માટેના તાયફા પણ બંધ થતા નથી. ચૂટણીમાં ઉમેદવારોને સેલેબલ બનાવવા માટે તાયફા કરવા પડે છે તેમ વીદેશી રોકાણો મેવવા આ કહેવાતા તાયફ કરવા પડતા હોય તો તેમાં કંઇ જ ખોટું નથી.

છેલ્લા દોઢ દાયકામાં ગુજરાતમાં જે ઉદ્યોગો આવ્યા છે તેનાથી વ્યાપક પ્રમાણમાં રોજગારી ઉભી થઈ છે. લોકો બે પાંદડે થયા છે. ગરીબી ઘટી છે. એટલે માનવી માનવી વચ્ચેના ઘર્ષણ ઘટ્યા છે. લોકોને ઝગડવા માટે સમય નથી મળતો. પહેલાં ગરીબી જ ઝગડા કરાવતી હતી. અલબત આજે ગાંધી વિચારધારાનો એક જ ભાગ અપ્રસ્તુત બન્યો છે. અહિંસા અને માનવતા ગાંધી વિચારધારારૂપે આજે પણ પ્રસ્તુત છે. નવી વિચારધારાએ રોજગારી વધારતાં હિંસા-રમખાણોમાં પણ ઘટાડો થયો છે. ગુજરાતની આ જ્યોત દેશભરમાં ફેલાશે ત્યારે ગાંધીને ભારત વધુ અહિંસક બનશે એમાં કોઈ શંકા નથી. લોકો નવરા હશે તો આપસમાં ટકરાવાનો તેમને સમય મળશે. તેમના હાથમાં કામ હશે તો લડવા ઝઘડવા માટે તેમને સમય પણ નહી મળે. ગાંધીનું નામ વટાવવાનું માંડી વાળીને કોંગ્રેસે જુદા જ ગાંધી પરિવારનું નામ વટાવવાનું શરૂ કર્યું તે પછી લાંબા સમયે નરેન્દ્ર મોદી કોંગ્રેસના પાલવમાં છૂપાવી રખાયેલું ગાંધીનું નામ ઉપાડી ગયા તેના રોદણા કોંગ્રેસને રોવા છે પણ ગાંધી વિચારધારાનો જે હ્રાસ થઇ ચૂક્યો છે તેનો કોઈ અફસોસ તેને દર્શાવવો નથી એ પણ એક વિટંબણા છે.

## આઈઆઈપી અમદાવાદ બ્રાન્ચ ખાતે ફલેકસીબલ પેકેજીંગ પર ટ્રેનીંગ કોર્સનુ સફળતાપુર્વક આયોજન કરાયુ

ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ પેકેજીંગ ની અમદાવાદ ખાતેની નવી શરુ કરાયેલ બ્રાન્ચમાં ફલેકસીબલ પેકેજીંગ ઉપર ૫ દિવસીય ટ્રેનીગ કોર્સનુ સફળ આયોજન કરાયેલ છે. આ પ્રોગ્રામનું ઉદઘાટન , ડો.રત્નકંવર એચ.ગધવીચરન, આઈએએસ, કમિશ્વર, માઈક્રો , સ્મોલ એન્ડ મિડીયમ એન્ટરપ્રાઈઝ , અને જોઈન્ટ મેનેજીંગ ડીરેકટર , જીઆઈડીસે, ગર્વમેન્ટ ઓફ ગુજરાત દ્વારા કરવામાં આવ્યુ. આ પ્રોગ્રામમાં ફલેકસીબલ પેકેજીંગ ને લગતા વિવિધ પાસાઓ પર માહીતી પુરી પાડવામાં આવી. આ કાયક્રમમાં ૨૦ થી વધુ ડેલીગેટસ એ ભાગ લીધો જેમાં રો મટીરીયલ કન્વટર્સ, લઘુ અન મધ્યમ ઉધોગોના ઉધોગ સાહસિકો, ફલેકસીબલ પેકેજીંગના ઉપયોગકર્તાઓ , ટ્રેડર્સ, ડીલર્સ, નિકાસકારો વગેરેનો સમાવેશ છે. અમદાવાદાદ ખાતેની અમારી શાખા એકસકલુઝીવ ટ્રેનીંગ પ્રોગ્રામથી કાર્યરત થઇ ગઇ છે.ફલેકસીબ પેકેજીંગ પેકેજીંગની સૌથી ઈકોનોમીકલ પદ્ધતિ છે અને તેની વિવિધ સેકટરમાં ખુબ માંગ છે.

## બ્રિજસ્ટોને ભારતમાં ૩૦૪.૩ મિલિયન યુએસ ડોલરનું રોકાણની જાહેરાત કરી

બ્રિજસ્ટોન ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ,બ્રિજસ્ટોન કોર્પોરેશનની ગ્રૂપ કંપની,તથા દુનિયાની અગ્રણી ટાયર અને રબર કંપની એ તેના પૂના (ચાકન)અને ઈન્દોર (ખેડા) પ્લાન્ટ માટે ૩૦૪.૩ મિલિયન યુએસ ડોરના રોકાણ સાથે વિસ્તરણ ની જાહેરાત કરી.૨૦૧૭ થી શરૂ કરીને આ રોકાણ તબ્બકાવર પાંચ વર્ષ માં કરવામાં આવશે.આ રોકાણ ભારતમાં બ્રિજસ્ટોન ના પ્લાન્ટ ને વાહનોની સંખ્યા અને ઉત્પદન માં થયેલ વધારાને લઈને ટાયરની માંગ માં થયેલ વધારાને પહોચી વળવામાં મદદ કરશે.ઉત્પાદન ક્ષમતા અંદાજિત દરરોજ ના ૧૫,૦૦૦ ટાયર જેટલી વધશે,૨૦૨૨ સુધીમાં બંને પ્લાન્ટ માંથી અંદાજિત દૈનિક ૪૧૦૦૦ ટાયર નું ઉત્પાદન થશે,ક્ષમતા વિસ્તરણ ઉપરાંત આ રોકાણ સ્થાનિક બજારમાં કાર ઈન્ડસ્ટ્રી દ્વારા રજુ કરતાં મોડલોને અનુકૂળ થવા બંને પ્લાન્ટ ની મિક્સ ઉત્પાદન ક્ષામતા માં પણ વધારો કરશે.એવો પણ અંદાજ છે કે આ રોકણ કુશળ કારીગરો માટે આશરે ૪૫૦ જેટલી નોકરી ઓનું નિર્માણ કરશે.,આ રોકણ દુનિયાના સૌથી ઝડપથી વિકસતા ભારતમાં બજારમાં બ્રિજસ્ટોન ની હાજરી વધારવાની કટીબદ્ધતા પુરવાર કરે છે અને અમે બ્રિજસ્ટોન ઈન્ડિયાને અધુનિક ઉત્પાદબ ટેકનોલોજી અને પ્રક્રિયા થી સજ્જ બનાવીશું જેથી અમારા ગ્રાહકોને વધુ સારી રીતે ઉચ્ચતમ ગુણવત્તા ની સેવા આપી શકેશું.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## &પિક્ચર્સ પ્રસ્તુત કરે છે ઈંડિપેંડન્સ વિક સ્પેશ્યલ- નામ શબાના ૧૩ ઓગસ્ટ રાત્રે ૮ વાગ્યે




વો ઝો રિલિઝિયન વાલા કોલમ હૈ ના ઉસમે હમ બોલ્ડ ઓર કેપિટલ મેં લિખતે હૈ: ઈન્ડિયન જ્યારે અક્ષય કુમાર પોતાની હિટ ફિલ્મ બેબીનો આ ડાયલોગ બોલ્યો હતો, ત્યારે દેશવાસીઓમાં દેશપ્રેમની ભાવના જાગી ઉઠી હતી. આવો હોય છે દેશ ભક્તિ વાળી ફિલ્મોનો પ્રભાવ.

આગામી ૧૫ ઓગસ્ટે આપણે આઝાદીના ૭૦ વર્ષ પૂર્ણ થવા પર ઉજવણી કરીશું ત્યારે નવા ભારતની બ્લોકબસ્ટર ચેનલ શ્પિક્ચર્સ પોતાના ઈંડિપેંડન્સ વિક સ્પેશ્યલમાં તમારા માટે દેશભક્તિથી ભરપૂર ફિલ્મ નામ શબાના લઈને આવી રહ્યું છે. જેનુ પ્રસારણ શ્પિક્ચર્સ પર ૧૩ ઓગસ્ટે રાત્રે ૮ વાગ્યે થશે. આ ફિલ્મમાં તાપસી પન્નૂ ટાઈટલ રોલમાં છે.

## IIT GANDHINAGAR બન્યા અમદાવાદ ચેમ્પિયન!



મુંબઈ

નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ડિઝાઈનમાં આયોજીત સ્વીડન ઈન્ડિયા નોબેલ મેમોરિયલ ક્વીઝ ૨૦૧૭ના અમદાવાદ ક્વોલિફાઈંગ રાઉન્ડમાં IIT GANDHINAGAR વિજેતા બન્યા હતા. KARTHIK S KARVAJE, SAREEM SANDED, and SHANTANU SHARMA એમ ત્રણ લોકોની ટીમે તેમનીકોલેજને અમદાવાદ ફાઈનલ્સમાં ૯૦ જેટલી ટીમો વચ્ચે વિજયી બનીને ગૌરવ અપાવ્યું છે. સ્વીડનના કોન્સુલેટ જનરલ જેન કેમ્પબેલ વેસ્ટલિન્ડે ઈન્ટર-કોલેજિયેટ ક્વીઝ કોમ્પિટિશનના ઈનામો શહેરની પ્રતિષ્ઠિત કોલેજો અને ટેકનીકલ ઈન્સ્ટીટ્યુટ્સમાંથી સામેલ થયેલા પ્રતિસ્પર્ધીઓમાં વિજેતાઓને આપ્યા હતા.

ક્વીઝ માસ્ટર કુનાલ સાવરકરે પ્રાદેશિક રાઉન્ડ હોસ્ટ કર્યો હતો જેમાં તમામ કોલેજની ટીમો સામેલ થઈ શકતી હતી.અમદાવાદ રાઉન્ડના વિજેતાઓ ૧૧ ઓક્ટોબર ૨૦૧૭ના રોજ દિલ્હીમાં આયોજિત નેશનલ ફાઈનલ્સમાં શહેરનું પ્રતિનિધિત્વ કરશે.અમદાવાદ ઉપરાંત આ ક્વીઝનું આયોજન મુંબઈ, ઈન્દોર, ગૌહાટી, પૂણે, કોલકાતા, ભુવનેશ્વર, હૈદરાબાદ, બેંગલોર, ચેન્નઈ અનેદિલ્હીમાં પણ થશે. 'સ્વીડન અને તેની રાજધાની સ્ટોકહોમને વિશ્વમાં બીજા નંબરનું સૌથી વિશાળ ટેક હબ ગણવામાં આવે છે, જે પ્રતિ વ્યક્તિ આવક પર આધારિત છે. વાસ્તવમાં તમે જે ગેમ રમો છો (કેન્ડીક્રશન જેવી), સંગીત ઓનલાઈન સાંભળો છો (સ્પોટીફાઈ) કે ફ્રેન્ડ સાથે ઓનલાઈન વાત કરો છો (સ્કાઈપ) તો શક્ય છે કે તમે સ્વીડીશ કંપનીનો ઉપયોગ કરો છો. ૧૦ મિલિયન લોકોની વસતી ધરાવતા દેશ માટે આ કંઈ ખોટું નથી. હું આજના વિદ્યાર્થીઓ અને આવતીકાલના ઉદ્યોગસાહસિકોને મળવા માગુ છું કે જેઓ નવા વિચારો સાથે દુનિયાને બદલવા માગે છે. સ્વીડનઅને ભારત વચ્ચે ખાસ નાતો છે અને બે દેશો પરસ્પર આરોગ્ય, ઈનોવેશન અને એજ્યુકેશન ક્ષેત્રે વર્ષોથી યોગદાન આપે છે અને આ જઆતુરતાથી અમારા માટે એ યોગ્ય છે કે જેમા અમે આ નોબેલ મેમોરયલ વીકના પ્લેટફોર્મનો ઉપયોગ ચર્ચા માટે કરીએ છીએ. જેનાથી ભારત અને સ્વીડન તેમના જોડાણને વધુ મજબૂત બનાવી શકશે.'નેશનલ ક્વીઝના વિજેતાઓને સ્વીડનની ઓલ એક્સપેન્સ પેઈડ ટ્રીપ મળશે જેમાં તેઓ પાર્ટનરીંગ કંપનીઓ, સ્વીડીશ યુનિવર્સિટીઝ અને નોબેલ મ્યુઝિયમના મુખ્યાલયોની મુલાકાત લઈ શકશે.

## હુંડાઈએ ભારતમાં નેકસ્ટ ઝેન 'વર્ના' પ્રસ્તુત કરી




દેશની સૌથી મોટી દ્વિતીય કાર નિર્માતા અને કારની સૌથી મોટી નિકાસકાર હુંડાઈ મોટર ઈન્ડીયા લિમિટેડ (એચએમઆઈએલ) એ સુપર બોડી સ્ટ્રકચર સાથે જેની આતુરતાપૂવર્ક રાહ જોવાતી હતી તે સુપર પરફોર્મર બ્રાંડ - ધ નેકસ્ટ ઝેન 'વર્ના' નું અનાવરણ કર્યુ. હુંડાઈ મોટર ઈન્ડીયાની નવીન કિર્તિમાન સ્થાપિત કરતી તેની ૫ મી પેઢીની સેડાન કાર ૨૨ ઓ"સ્ટ ૨૦૧૭ નો રોજ લોન્ચ કરવામાં આવશે. નેકસ્ટ ઝેન વર્ના ટેકનોલોજીનું એક શાનદાર ઉદાહરણ છે જેને ફ્યુચરાસ્ટિક ડિઝાઈન, ડાયનેમિક પર્ફોમેન્સ, સૈપર સેફ્ટી (ઉચ્ચ સુરક્ષા), નવીન ટેકનોલોજી અને એડવાન્સ ફિચર્સ સાથે વિકસિત કરવામાં આવેલ છે. નેકસ્ટ ઝેન વર્ના નું સુપિરિઅર પરફોર્મન્સ તેની સુપર બોડી સ્ટ્રકચરના કારણે સંભવ બન્યું છે જેનું નિર્માણ ૫૦ ટકા એડવાન્સ હાઈ સ્ટ્રેન્થ સ્ટીલ (એએચએસએસ) માંથી કરવામાં આવ્યું છે. ૫ મી પેઢીની નેકસ્ટ ઝેન વર્ના એક સુપીરિયર સેડાન ની યોગ્ય અભિવ્યક્તિ છે જેને એન્જીનિયરિં"માં "વીણતા અને ઉત્કૃષ્ટતા સાથે તૈયાર કરવામાં આવેલ છે. જેકસ્ટ ઝેન વર્ના તેના બેંચમાર્ક ફિચર્સ અને"ાહકોની ખુશી માટે તેના પર્ફોમેન્સ સાથે સેડાન વ"માં એક નવા કીર્તિમાન સ્થાપિત કરશે. વર્ના એક સમૃદ્ધ વારસો ધરાવે છે અને ૬૬ થી વધારે દેશોમાં તેના ૮૮ લાખ કરતા વધારે"ાહકો છે. ભારતમાં તેનું ૩.૧૭ લાખ કારનું વેચાણ થઈ ચુકયું છે. નેકસ્ટ ઝેન વર્ના અમારા વિભિન્ન "ોડકટ ક્લિનિકો અને ભારત તથા વિશ્વભરમાં વિભિન્ન ભુખંડો પર કઠિન "ોડકટ ટેસ્ટીં"નું પરિણામ છે. દક્ષિણ કોરિયાના નામયાં", ચેન્નાઈ અને હૈદરાબાદમાં અમારા આર એન્ડ ડી સેન્ટર્સ માં તેને ઉત્કૃષ્ટ પ્રોડકટ અને"ાહકોના સંપૂર્ણ સંતો"ા માટે એક વિશ્વસ્તરની સેડાનનું નિર્માણ કરવા માટે અમે ઘનિષ્ટ "યાસો કર્યા છે.'એડવાન્સ ૬ સ્પીડ મેન્યુઅલ અને ૬ સ્પીડ ઓટોમેટિક ટ્રાંસ મિશન સાથે આ બે એન્જીન આપવામાં આવ્યા છે જે શહેરમાંઓછી કે વધારે "તિ કાર ચલાવવાનો શાનદાર અનુભવ સાથે વધારે માઈલેજ આપે છે. તેના વ"માં સર્વશ્રેષ્ઠ શક્તિશાળી ૧.૬ લીટર ડુઅલ વીટીવીટી પેટ્રોલ એન્જીન વધારે માઈલેજ સાથે ૧૨૩ પીએસ પાવર "દાન કરે છે , જયારે ૧.૬ લીટર યુર સીઆરડીઆઈ વીઝીટી ડીઝલ એન્જીન તેના વ"માં ૧૨૮ પીએસ પાવર "દાન કરે છે.બુકિં" ખુલી "યું છે: નેકસ્ટ ઝેન વર્નાનું બુકિં" દેશભરમાં બધી હુંડાઇ ડિલરશીપ પર શરૂ થઈ ચુકયું છે.

## હજ જનારા તીર્થયાત્રીઓ માટે એરિસ્ટોક્રેટ દ્વારા ૫૦ ટકા સુધીની આકર્ષક છૂટ રજૂ



એરિસ્ટોક્રેટ, ભારતની અગ્રણી લગેજ નિર્માતા કંપની વીઆઈપી ઈન્ડસ્ટ્રીઝની વેલ્યૂબ્રાન્ડ, દ્વારા હજ યાત્રિઓ માટે આકર્ષક છૂટની રજૂઆત કરવામાં આવી છે. આ ભાવનાની ઉજવણી કરતા એરિસ્ટોક્રેટે હજ શ્રદ્ધાળુઓ માટે લગેજ બેગ્સની સૌથી વિશાળ શ્રેણીને આકર્ષક ઓફર્સ સાથે રજૂ કરી છે જે તમારા બજેટ અનુરૂપ છે.એરિસ્ટોક્રેટ કાઈટ ૪ વ્હીલ અને ડલ ડીએફ્ટી બેગ્સની ખરીદી પર ૫૦ ટકાની છૂટ તેમજ બે બેગ કે વધુની ખરીદી પર વધારાની ૧૦ ટકાની છૂટ પૂરી પાડે છે. એરિસ્ટોક્રેટના હજ સ્પેશ્યલ કલેક્શનમાં સ્ટ્રૉલીઝ, ડફલ બેગ્સ સામેલ છે. એક લગેજ કંપની રૂપે અમે સુનિશ્ચિત કરીએ છીએ કે અમારી બ્રાન્ડ સામાન્ય રીતે માંગ, શૈલી, પસંદ અને જરૂરિયાતોનેપૂરા પાડનારા ઉત્પાદનોની રજૂઆત કરે છે. હજ દુનિયાભરમાં સૌથી મહત્વપૂર્ણ તથા પવિત્ર યાત્રામાનવામાં આવે છે. અમે હજ દરમ્યાન આ વિશેષ પ્રસ્તાવની સાથે પવિત્ર માસની ઉજવણી કરવાની શરૂઆત કરીને અને અમારા બહૂમૂલ્ય ગ્રાહકોની જરૂરિયાતોને પૂરી કરવા માટે ખૂબ જ પ્રસન્ન છીએ.

***પ્રચલિત ટોફેલ એમેમઓસી વધુ ઉત્કૃષ્ટ બની***

## ફ્રી ઓનલાઈન પ્રીપરેશન કોર્સ હવે સેલ્ફ પેસ્ડ બન્યો જેમાંસ્પીકિંગ અને રાઈટીંગ માટે નવા સ્કૉરિંગ ફિચરનો ઉમેરો થયો

ટેસ્ટ ટેકર્સ માટેની આવશ્યકતાઓ પૂરી કરનાર ટોફેલ મેસિવ ઓપન ઓનલાઈનકોર્સ (એમઓઓસી) હવે સેલ્ફ પેસ્ડ છે અને ઉમેદવારોને કોર્સ પિરિયડ દરમિયાન કોઈપણ સમયે જોડાવા માટેની તક - ૯ઓગસ્ટથી ૮ નવેમ્બર, ૨૦૧૭ દરમિયાન મળશે અને કોર્સ કન્ટેન્ટ દરેક વ્યક્તિ માટે અનુકૂળતાથી પ્રાપ્ત થશે.જ્યારે અગાઉનું કોર્સ ફોર્મેટ સમય મુજબ ડિલિવર થયો છે અને તેમાં સાથે દર સપ્તાહે એમ છ સપ્તાહ માટે નવી કન્ટેન્ટરિલીઝ કરવોમાં આવે છે, તે તમામ કન્ટેન્ટ સેલ્ફ પેસ્ડ કોર્સ શરૂઆતથી જ ઉપલબ્ધ છે.સેલ્ફ-પેસ્ડ સ્ટ્રક્ચર ધરાવતાએમઓઓસીનો હેતુ વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષાની સ્કીલમાં વધારો કરી શકે એ માટેનો છે અને તેની ઊંડી સમજ મેળવી શકેએ માટેનો છે. જે વિદ્યાર્થીઓ અંગ્રેજીભાષી યુનિવર્સિટીઝમાં અભ્યાસ કરે છે તેઓને માટે ભાવિ સફળતા માટે અનંત તકો રહેલી હોય છે. આ એમઓઓસી તેમને સફળતાના માર્ગે જવા માટે પ્રેશર ફ્રી સ્ટાર્ટીંગ પોઈન્ટ આપે છે.'

ટોફેલ એમઓઓસી વિદ્યાર્થીઓને એ સમજવામાં મદદ કરશે કે તેઓ ઉત્તમ સ્કોર મેળવવા માટે શું કરી શકે છે. આ કોર્સ ટેસ્ટ વિશેની સામાન્ય માહિતી સાથે શરૂ થાય છે. આગળના સપ્તાહોમાં તેમની ચાર સ્કીલ્ડ ટેસ્ટ - રિડીંગ, લિસનીંગ, સ્પિકીંગઅને રાઈટીંગમાં લક્ષ આપે છે અને ત્યારપછી કોર્સ ટેસ્ટ દિવસની માહિતી અને અન્ય જરૂરી સલાહ સાથે સમાપ્ત થાય છે. સ્પિકિંગ અને રાઈટીંગ ટેસ્ટ સેક્શનને આવરી લેતા સપ્તાહોમાં તમામ ઉમેદવારો કે જેઓએ સ્પિકિંગ અને રાઈટીંગ પ્રેક્ટિસકરી છે તેઓનો સ્કોર ઓટોમેટેડ સ્કોરિંગ એન્જિન દ્વારા ગણતરી કરાય છે અને તેમના દરેક સેક્શનમાં પર્ફોર્મન્સ માટે સ્કેલ્ડ સ્કોર રેન્જ મેળવે છે.

સમગ્રપણે કોર્સની વિશેષતાઓમાં લેક્ચર્સ અને વીડિયોનું મિશ્રણ છે તેમજ જવાબો સાથે વાસ્તવિક અગાઉની ટેસ્ટ્સમાંથીસેમ્પલ પ્રશ્નો સામેલ હોય છે. ઓપન ડિસ્કશન બોર્ડથી ઈન્સ્ટ્રક્ટર સાથે વાતચીત થઈ શકે છે અને ઉમેદવારોને દુનિયાભરનાઅન્ય ઉમેદવારો પાસેથી માહિતી મેળવવાની અને શેર કરવાની તેમજ તેમને મળવાની તક મળે છે. આ કોલોબોરેટિવ પર્યાવરણમાં, ઉમેદવારો સ્ટડી ગ્રુપ બનાવી શકે છે અને ઈંગ્લિશ શીખવા તથા વિદેશમાં અભ્યાસ માટેની તૈયારી અંગે વ્યક્તિગત સલાહ શેર કરી શકે છે. ટોફેલ એમઓઓસીમાં ૨૦૦થી વધુ દેશોમાંથી પાંચ લાખથી ઉમેદવારો સામેલ થયા છે અને ૫ સ્ટારમાંથી ૪.૫ સ્ટારમેળવીને ટોચના સ્થાને ક્રમાંક્તિ થયા છે.કોર્સ ફ્રી છે પરંતુ ઉમેદવારો પાસે પેઈડ સર્ટિફિકેટ માટેનો વિકલ્પ છે અને જેનાથી તેઓને એમઓઓસી દરમિયાન નોલજઅને સ્કીલ્સ મળી છે તેને હાઈલાઈટ કરી શકે છે. કોર્સ એનરોલમેન્ટ હાલ ઓપન છે અને તેને ઈડીએક્સ પ્લેટફોર્મ પર ૅજ://www. edx. org /course/toeflr-testpreparation- insiders-guide-etsx-toeflx-3 પર એક્સેસ કરી શકાય છે. આ કોર્સ મોટાભાગના ડિવાઈસીસ પર ઈન્ટરનેટ કનેક્શન સાથે ઉપલબ્ધ છે.

## શ્રી ભાગવત વિદ્યાપીઠ ખાતે બિરાજેલ ગુજરાતના એકમાત્ર ગીરીરાજજી(૧૦૮ ફુટ લાંબા, ૧૨ ફુટ ઉંચા, ૯ ફુટ પહોંળા) ખાતે"જન્માષ્ટમી મહોત્સવનુ" આયોજન



શ્રી ભાગવત વિદ્યાપીઠ ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ જન્માષ્ટમીનું ભવ્ય આયોજનકરવા નિર્ધારિલ છે, જન્માષ્ટમીના પ્રસંગે ખાસ આકર્ષણ "શ્રી ગીરીરાજજીમાં ગૌચારણ લીલાં" તથા "શ્રી નાથજીપ્રાગ્ટયની લીલાં" કરવામાં આવશે. વૈષ્ણવ સંપ્રદાય અને પુષ્ટિમાર્ગીમાં ઠાકરોજીને વિવિધ મનોરથો ઉજવવામાંઆવે છે, આ મનોરથ / ઉત્સવો પૈકી આ વખતે જન્માષ્ટમી મહોત્સવ નિમિત્તે શ્રી ગીરીરાજજીના સાનિધ્યમાંગૌચારણ લીલાં ( શ્રી ઠાકોરજી વ્રજમાં પોતાના સખા તથા ગ્વાલ મંડળી સાથે ગૌ ચરાવવાં જાય તે લીલાં ગૌચારણલીલાં કહેવાય છે.) શ્રીનાથજી પ્રાગટ્ય મહોત્સવ શ્રી ગીરીરાજજી પ્રગટ્યા હતાં તે લીલાં ને પ્રાગટ્ય લીલાં કહેવામાંઆવે છે.શ્રી ભાગવત વિદ્યાપીઠ સંકુલમાં આવેલ ગુજરાતના એકમાત્ર ગીરીરાજજી ના દર્શન અને"કૃષ્ણ જન્મનો ઉત્સવ" જ્યાં ગીરીરાજજી બિરાજમાન છે ત્યાં પણ કરવામાં આવશે, ગીરીરાજજીની વિશેષતા એછે કે ૧૦૮ ફુટ લાંબા, ૧૨ ફુટ ઉંચા, ૯ ફૂટ પહોંળા, ખૂબ નયનરમ્ય કુદરતી વાતારવરણમાં બિરાજેલ છે, જ્યાંસૌ ભાવિક ભક્તોને જન્માષ્ટમી મહોત્સવની ઉજવણી કરવા માટે શ્રી ભાગવત વિદ્યાપીઠ પરિવાર સૌને હાર્દિકનિમંત્રણ પાઠવે છે.**તા. ૧૫-૦૮-૨૦૧૭, મંગળવાર (શ્રાવણ વદ-૮) જન્માષ્ટમી દર્શનનાં સમય**મંગળા - સવારે ૭:૦૦ થી ૭:૧૫શ્રીજીને પંચામૃત સ્નાન - સવારે ૭:૩૦ થી ૮:૦૦શ્રૃંગાર / તિલક - સવારે ૯:૩૦ થી ૧૦:૩૦રાજભોગ - સવારે ૧૧:૩૦ થી ૧:૦૦વિરામ - બપોરે ૧:૦૦ થી ૩:૦૦ઉત્પાથન - બપોરે ૩:૦૦ થી ૫:૦૦ભોગ - સાંજે ૫:૩૦ થી ૬:૩૦શયન - સાંજે ૭:૦૦ થી ૮:૦૦સાંસ્કૃતિક કાર્યક્રમ - રાત્રે ૮:૩૦ થી ૧૧:૪૫જન્મનાં દર્શન - રાત્રે ૧૨:૦૦ થી ૧:૦૦તા. ૧૬-૦૮-૨૦૧૭, બુધવાર (શ્રાવણ વદ-૯)નંદ મહોત્સવના દર્શનનાં સમયમંગળા - સવારે ભીતર (દર્શન થશે નહિં)નંદ મહોત્સવ - સવારે ૯:૩૦ થી ૧૦:૩૦રાજભોગ - સવારે ૧૧:૩૦ થી ૧૨:૩૦ઉત્થાપન - બપોરે ૪:૦૦ થી ૪:૩૦ભોગ - સાંજે ૫:૦૦ થી ૬:૦૦શયન - સાંજે ૬:૩૦ થી ૭:૦૦● "નંદ મહોત્સવ" દરમ્યાન શિવજી પાલખીમાં મુખ્ય મંદિર પર નંદલાલાનાં દર્શન કરવાં પધારશો.

## મલેશિયન પામ ઓઈલ કાઉન્સિલ ની મુંબઈ ડબ્બાવાલા એસોસિએશન સાથે ભાગીદારી



મલેશિયન પામ ઓઈલ કાઉન્સિલે મુંબઈ ડબ્બાવાલા એસોસિએશન સાથે એક કરારપત્રપર હસ્તાક્ષર કર્યા છે. આ કરારપત્રને આગળ વધારતા ૮ ઓગષ્ટે એમપીઓસી અને મુંબઈ ડબ્બાવાલા એ મલેશિયાના પામ ઓઈલ અને તેના ફાયદા વિશે જાગૃતિ વધારવા માટે એક આયોજનની શરુઆત કરી. આ અંગે આયોજીત કાર્યક્રમમાં ડબ્બાવાલા એ એમપીઓસી ના સંદેશ સાથેની ટીશર્ટ અને ટોપીઓ પહેરી. તથા ડબ્બા સાથે પામ ઓઈલમાં બનાવવા વળા વ્યંજનો , વાનગીઓ અને પામ ઓઈલના ફાયદા વિશે બુકલેટ વિતરણ કરી. ડબ્બાવાલા આ શેરનો અભિન્ન હિસ્સો છએ અને તેઓ ભારતીયોની મહેનત, ઉત્તરદાયિત્વ અને પ્રભાવશિલતાને પરિભાષિત કરે છે. મુંબઈ ડબ્બાવાલા સાથે નો અમારો સહયોગ મોટી સંખ્યામાં ઘરો માટે સ્વસ્થ કુકીંગ ના સંદેશનો પ્રસાર કરશે અને સ્વાસ્થયવર્ધક લાઈફસ્ટાઈલ માટે પ્રેરીત કરશે. ઘરો સુધી પહોચવા અને પામ ઓઈલ તથા સ્વાસ્થય પર તેના ફાયદાઓ વિશે જાગૃતિના પ્રસાર માટે સર્વશ્રેષ્ઠ છે. આ ઉત્સાહવર્ધક નવો અધ્યાય છે અને અમે એમપીઓસી સાથે ભાગીદારીથી આનંદીત છીએ.

## એબીટીએલના પર્યાવરણ સુરક્ષા પ્રોગ્રામના બીજા તબક્કામાં વિધ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ ઝુંબેશ



અમદાવાદ

ઓએનજીસી તોરી બાયોટેક લિમિટેડ (OBTL) દ્વારા તાજેતરમાં કોર્પોરેટ સામાજીક જવાબદારીના પ્રયાસ તરીકે તેમના શૈક્ષણિક કાર્યક્રમ 'Protectros of Environment'-(પર્યાવરણના સંરક્ષકો) અન્વયે શાળાઓનાં નાનાં બાળકો તથાપુખ્ય વયના લોકોને પર્યાવરણની જાળવણી અંગે સભાન બનાવવા માટે વૃક્ષારોપણ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યોહતો.આ પ્રયાસ દ્વારા કન્યા શાળાઓ સહિતની પસંદગીની ખાનગી અને સરકારી શાળાઓમાં૨,૦૦૦ વૃક્ષો વાવવામાં આવ્યાં હતાં.બાળકોએ જાતે પોતાનાં વ્યક્તિગત વૃક્ષો વાવ્યાં હતાં અને તેનુ જતન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. આ કાર્યક્રમ હેઠળ જે શહેરોઆવરી લેવામાં આવ્યાં હતાં તેમાં મહેસાણા, અમદાવાદ, અંકલેશ્વર એ દરેક શહેરોમાં પાંચ શાળાઓ આવરી લેવામાં આવીહતી. મહેસાણામાં શબરી વિદ્યાવિહાર, શ્રીમતી એમજી પટેલ કન્યા સૈનિક શાળા, કેન્દ્રિય વિદ્યાલય- ઓએનજીસી, એકલવ્યસ્કૂલ અને દિલ્હી પબ્લિક સ્કૂલનો સમાવેશ કરવામાં આવ્યો હતો. અંકલેશ્વરમાં ચંદ્રબાલા મોદી એકેડમી, લાયન્સ ઈન્ટરનેશનલસ્કૂલ, પી.પી. સવાણી સ્કૂલ, નેશનલ હાઈસ્કૂલ અને પબ્લિક સ્કૂલ ખરોડનો સમાવેશ કરાયો હતો. અમદાવાદમાં લાલજી મેહરોત્રા લાયન્સ સ્કૂલ (LML), રચના સ્કૂલ, કેન્દ્રિય વિદ્યાલય નં. ૨, કેન્દ્રિય વિદ્યાલય ઓએનજીસી (ચાંદખેડા) અને વેદાંતઈન્ટરનેશનલ સ્કૂલનો સમાવેશ કરવામાં આવ્યો હતો.એનર્જી રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ(TERI)ના નિષ્ણાતોએ વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો અને ઉર્જાથી માંડીને પાણીના બગાડઅને પર્યાવરણની જાળવણી જેવા વિષયો અંગે વાતો કરી હતી. દરેક શાળામાંથી ધોરણ ૫ થી ૯ માં ભણતા ૧૨૦ વિદ્યાર્થીઓએવર્કશોપમાં ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં સક્રિયપણે ભાગ લીધો હતો અને પોતે કઈ રીતે સ્માર્ટ એનવાયરોમેન્ટ ઓડિટર બની શકે તે અંગે સવાલો પૂછ્યા હતા. પ્રથમ તબક્કામાં હાથ ધરેલી કામગીરી ચાલુ રાખીને આ વિદ્યાર્થીઓએ વીજળીના વપરાશનું, જળ વપરાશનું અને કચરો પેદા થવાની બાબતનું ઓડિટ કર્યું હતું.

## ટાઈટને અમેઝોન સાથે યુએસ બજારમાં પ્રવેશ કર્યો

બેન્ગલુરુ

ભારત જે પદ્ધતિથી વેચાણ કરે છે તેમાં પરિવર્તન લાવવાના ધ્યેયની રેખામાં અમેઝોને આજે પ્રતીકાત્મક ભારતીય લાઈફસ્ટાઈલ બ્રાન્ડ ટાઈટન સાથે તેની ભાગીદારીની જાહેરાત કરી હતી. ૩૦થી વધુ દેશોમાં ઉપલબ્ધ અને વિશ્વ કક્ષાની નાવીન્યતા અને એવોર્ડ વિજેતા ડિઝાઈનો માટે વૈશ્વિક નામાંકિત ટાઈટનના અમેઝોન સાથે જોડાણને લીધે હવે ટાઈટનને યુએસની બજારમાં પ્રવેશ કરવામાં અને અમેઝોનનો આંતરરાષ્ટ્રીય સ્તરે વ્યાપક અને વફાદાર ગ્રાહક મૂળ સુધી પહોંચવામાં મદદ મળશે.આ ભાગીદારી હેઠળ અમેઝોન તેના ગ્લોબલ સેલિંગ પ્રોગ્રામ થકી ટાઈટનનેતેનાં ઘડિયાળોની વ્યાપક શ્રેણી યુએસમાં અમેઝોન.કોમ પર એથનિસિટીઝમાં લાખ્ખો વૈશ્વિક ગ્રાહકો સુધી લઈ જવામાં મદદ મળશે. ટાઈટન સતત નાવીન્યતા જાળવી રાખે છે અને તેના હાર્દમાં ગ્રાહકોની ભાવનાઓ હોય છે અને ફાસ્ટ્રેક તથા રાગા જેવી તેની સેગમેન્ટ કેન્દ્રિત બ્રાન્ડ્સ સાથે એજ જેવી આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત એવોર્ડ વિજેતા પ્રોડક્ટો દુનિયાભરના ગ્રાહકોમાં અત્યંત લોકપ્રિય છે. ઘડિયાળો ઉપરાંત ટાઈટન તેની વ્યાપક શ્રેણી ફાસ્ટ્રેક એસેસરીઝ લોન્ચ કરશે અને અમેઝોનના વૈશ્વિક બજારસ્થળોને તેના મજબૂત પ્રોડક્ટ પોર્ટફોલિયોમાંથી વધારાની પ્રોડક્ટો ઉમેરવાની યોજના છે. આ જોડાણ થકી ટાઈટન વોચીસ હવે દરિયાપારમાં અમેઝોનના લાખ્ખો ગ્રાહકોને આસાનીથી ઉપલબ્ધ બનશે, જેને લીધે બ્રાન્ડ વધુ મજબૂત બનશે અને ટાઈટન હંમેશાં તે માટે ઓળખાય છે તે તેની અખંડતા પર ભાર આપશે.

## અમદાવાદનીનાટય સંસ્થા અર્પણ અને કલાકાર કસબીઓ દ્વારા પુરપીડીતોને સહાય



બનાસકાંઠા જિલ્લામાં આવેલી અતિવૃષ્ટીમાં મદદરૂપ થવાના આશયથી અમદાવાદનીજાણીતી નાટય સંસ્થાના સંચાલક રમેશ અમીન અને કલાકાર કસબીઓ તેમજ શુભેચ્છકો દ્વારા રાહત સામગ્રી એકત્ર કરી બનાસકાંઠાના પુરપીડીતો માટે મોકલવામાં આવી હતી.

આ પ્રસંગે જાણીતા કલાકારોમાં જીતેન્દ્ર ઠક્કર, અલ્પના મજમુદારપ ભાવીક શાહ, મેહુલ પટેલ, જયરામભાઈ ડાગર, જગદીશ મકવાણા, જયેશ હવેલીવાળા, ભૂમિ પટેલ, પ્રશાંત બારોટ, મનીષા ત્રિવેદી, મનીષ દવે, નાદીયા હીમાની, ભુપેન્દ્ર રાવલ, પંકજ ભાવસાર, દિનેશ સહીતના અનેકકલાકાર કસબીઓએ હાજર રહીને અસરગ્રસ્તોની જીવન જરૂરીયાતની કીટને રવાના કરી હતી.

## અમદાવાદના ટ્રસ્ટ પાપા દ્વારા બનાસકાંઠાના પૂર પીડીતોને સહાય

અમદાવાદ

તા.૬/૮/૦૧૭ ના રોજ અમદાવાદ સ્થિત એન.જી.ઓ ટ્રસ્ટ પાપા દ્વારા બનાસકાંઠાના પૂર ગ્રસ્ત વિસ્તાર કાંકરેજના ખારીયા, રાઠોડવાસ અને ટોટાણામાં ૩ ટ્રક ભરીને અનાજ, કપડા, પગરખા, વાસણો બિસ્કીટ વગેરે પહોચાડેલ છે. જેમાં સ્વંયસેવકોમાં ડો.સિધ્ધાર્થ ઠાકર, અલકેશ પટેલ, પુજન શુકલ, ભુષણ પીઠે, રવિરાજ સથવારા, મુકેશ પ્રજાપતિ, પંકજ સોની, નિર્ભય વ્યાસ, માલવ કપાસી, રવિ રાવલ, સુપન શાહ, વૃષભ કડીયા, રવિ રાઠોડ, અંકીત પટેલ, ભાવેશ શર્મા, કાર્તીક, પ્રેયસ માલવિયા, દિપાલી શાહ, દિવ્યા નાયર, નિકીતા પટેલ, હિનલ, પુનમ વ્યાસનો સમાવેશ થાય છે.

# ‘‘પૂ- ગુરુમાંમા સાધુતાની કટ્ટરતા અને સૈનિક જેવી ખુમારી હતી: હંસકીર્તિસૂરિજી



ડીસા

ગર્ભશ્રીમંત અને ગર્ભ સંસ્કારી કુટુંબમાં જન્મ લઈને ઈન્દ્રવદનમાંથી યુગપ્રધાન આચાર્ય સમ પંન્યાસ પ્રવર ચન્દ્રશેખરવિજયજી મહારાજ બનીને ૪૦ વરસના કાર્યકાળમાં ૪૦૦ વરસનું કાર્ય કરીને શ્રાવણ સુદ ૧૦ મે આજથી છ વરસ પૂર્વે અમદાવાદ આંબાવાડીમાં સમાધિપૂર્વક સ્વર્ગવાસ થયા તે નિમિત્તે શ્રી મહાવીર સોસાયટી જૈન સંઘ આયોજિત વિરાટ ગુણાનુવાદ સભા નારણલાલ હોલમાં થઈ. આ પ્રસંગે ગચ્છાધિપતિશ્રી અભયદેવસૂરિજી ઉપાધ્યાય વિમલકીર્તિવિજયજી વિશેષ પધારેલ હતાં. પૂજ્ય હંસકીર્તિસૂરિજીએ જીવનમાં લાવીએ તે સાચી શ્રદ્ધાંજલી છે. ન વાદ, ન વિવાદ, માત્ર સંવાદ એટલે ગુણાનુવાદ, વિધ્વાન વેદ વાંચે જ્યારે ગુણવાન વેદના વાંચે પૂ. ગુરુદેવ ચન્દ્રશેખર મ.સાહેબમાં અબોલ પ્રાણીની સુરક્ષા માટે વેદના હતી. તેઓશ્રી કલિકાળના કાલકાચાર્ય હતાં. શાસ્ત્ર પકડવું તે અમારી ફરજ છે, સાંભળવું તમારી ફરજ છે પણ જ્યારે શાસન સુરક્ષાનો સવાલ આવે ત્યારે શાસ્ત્ર મૂકીને શસ્ત્ર પણ પકડવું પડે, આવી ખુમારીના માલિક પંન્યાસજી મહારાજ હતા.

મુનિ હંસબોધિવિજય, પં.ભવ્યકીર્તિવિજય, પં. રાજરક્ષિત વિજય, મુનિનયરક્ષિતવિજય તથા તપસ્વી રત્ન ગિરિભૂષણ વિજયજીએ પણ મસ્ત ગુણાનુવાદ કર્યો હતો. તેઓની જીવનની વિવિધ ઘટનાઓ શાસન રક્ષા- ધર્મરક્ષા-

દેશરક્ષાને યાદ કરીને સ્મરણાંજલી અર્પીત કરી હતી. સાધુતાની કટ્ટરતા અને સૈનિક જેવી ખુમારીથી જીવનભર જીવ્યા હતા. જ્યારે જ્યારે દેશ- સંસ્કૃતિધર્મ ઉપર અન્યાય થયો ત્યારે જટાયુની ખુમારીથી તેઓશ્રી ઝઝુમ્યા હતાં..

આ પ્રસંગે નવસારીના શ્રેષ્ઠીઓ પ્રવિણભાઈ જીવરાજ, કનુભાઈ દોશી, સુનિલ મહેન્દ્ર દરબાર સી.એ. ભરતભાઈ, ભૂરાભાઈ જયેશ કાલીઆવાડી, રણજીતભાઈ મરોલી, ચિંતામણી તથા બાવન જિનાલયના ટ્રસ્ટીઓ, ભૂતપૂર્વ તપોવનીઓ તથા નવસારી સમાજના અગ્રણીઓ પણ પધારેલ હતાં.

આ નિમિત્તે બનાસકાંઠા રેલ રાહતમાં મોટી રકમનું દાન પણ પ્રાપ્ત થયું હતું. હોસ્પિટલમાં ફ્રુટ વિતરણ, ગૌશાળા- પાંજરાપોળમાં ઘાસ, ભિક્ષુક ભોજન કરાવામાં આવ્યું હતું. સમગ્ર નવસારીમાં ૬૦૦ જેટલા આયંબીલ થયા હતા.

# ડીસા તાલુકામાં અંશત : ચંદ્રગ્રહણના દર્શન



રક્ષાબંધનની રાત્રે ભારતમાં ખંડગ્રાસ ચંદ્રગ્રહણનો નજારો જોવા મળ્યો હતો ત્યારે ડીસા તાલુકામાં પણ આકાશમાં છવાયેલા વાદળો હટતા અંશતઃચંદ્રગ્રહણ જોવા મળ્યું હતુ.૭ મી ઓગસ્ટની રાતે ૧૦:૫૦ની આસપાસ ગ્રહણ શરૂ થઈ જતાં ચન્દ્રમા માં ખુણો પડવાનું શરૂ થયું હતું.ખંડગ્રાહ ચન્દ્રગ્રહણ હોવાથી સંપૂર્ણ ચન્દ્ર ઢંકાયો ન હતો.અડધો ખુણો થયા બાદ રાત્રીના ૧૨:૩૦ આસપાસ ચંદ્ર સંપૂર્ણપણે છૂટો થઈ જતા આ ખગોળીય ઘટનાને જોઈ લોકોમાં રોમાંચ જોવા મળ્યો હતો.

# જિલ્લાના પુરગ્રસ્ત વિસ્તારોમાં બનાસડેરી દ્વારા દૂધ ઉત્પાદકોને એક પશુ દીઠ ૩૦ કીલો બનાસદાણ આપવામાં આવશે : વા.ચેરમેન માવજીભાઈ દેસાઈ

**ડીસા તાલુકાના ભીલડી વિસ્તારના અસરગ્રસ્ત ગામોની મુલાકાત લીધી**



નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

બનાસકાંઠા જિલ્લામાં વરસાદ અને તેની સાથે આવેલા ભયાનક પુરને કારણે જિલ્લાનું જનજીવન અસ્તવ્યસ્ત કરી નાખ્યું છે ત્યારે જિલ્લાની સૌથી મોટી સંસ્થા બનાસડેરીના વાઈસ ચેરમેન અને ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈએ જિલ્લાના અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ રહ્યા છે. ગતરોજ ડીસા તાલુકાના ભીલડી વિસ્તારના ગામોની મુલાકાત લીધી હતી ત્યારે ડીસા તાલુકાના વડાવળ ખાતે આવેલા બનાસડેરીના વા.ચેરમેન માવજીભાઈ દેસાઈ સાથે ડીસા તાલુકા ભાજપ પ્રમુખ લેબજીજી ઠાકોર, જિલ્લા સદસ્ય કે.ટી.માળી વગેરે આગેવાનોનું વડાવળ ગ્રામજનો ભવ્ય સ્વાગત કર્યું હતું.

વડાવળ સિધ્ધ અંબિકા મંદિરના પ્રાંગણમાં સમસ્ત ગ્રામજનોની ઉપસ્થિતિમાં બેઠક મળી હતી જેમાં બનાસડેરીના વાઈસ ચેરમેન માવજીભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે જિલ્લામાં પૂરની પરિસ્થિતિમાં સરકારી તંત્રની સાથે રાજકીય આગેવાનો પણ સતત દોડતા રહ્યા હતા.જિલ્લાની સૌથી મોટી સંસ્થા બનાસડેરી બાદ પણ પૂરની પરિસ્થિતિમાં ખુબ ઉપયોગી બની છે.ત્યારે પુરની પરિસ્થિતિ બાદ પણ બનાસડેરી જિલ્લાના પશુપાલકોની સતત ચિંતા કરી છે તેવામાં બનાસડેરી દ્વારા પુરથી અસરગ્રસ્ત ગામોના પશુપાલકો માટે પશુદીઠ ૩૦ કીલો બનાસદાણ આપવાનો નિર્ણય કર્યો છે.આ ઉપરાંત ઘાસચારાની તંગી ધરાવતા પશુ પાલકો માટે બનાસડેરી દ્વારા ઘાસનુ પણ વિતરણ કરવામાં આવી રહ્યું છે.તેમણે વધુમાં જણાવતા કહ્યુ હતું કે દરેક ગામમાં ખેતીની જમીનનું ધોવાણ સહીત પાક નિષ્ફળ પણ ગયો છે ત્યારે રાજ્ય સરકારે પુરથી અસરગ્રસ્ત વિસ્તારો માટે કરોડો રૂપિયાની સહાય કરી છે. જેનો દરેક ગામમાં સુમેળ શાંતી અને એકતાના રૂપમાં રહી વધુમાં વધુ દરેક લોકોને પૂરતી સહાય મળે તે માટે ગામના આગેવાનોને ખાસ કાળજી રાખવા સલાહ આપી હતી.

# સામઢીમાં બળેવિયા પર્વની ઉજવણી



ચંદુભાઈ મકવાણા

પ્રતિનિધિ સામઢી

પાલનપુર તાલુકાના સામઢી રાણાજીવાસ ગામે આવેલ પૌરાણિક હરસિધ્ધિ માતાના મંદિરે શ્રાવણી પૂનમે બળેવના પર્વની પરંપરાગત ઉજવણી કરવામાં આવી હતી.જેમાં ગામના ચાર યુવાનો તળાવમાંથી માટલામાં પાણી ભરીને લાવ્યા હતા.ત્યારબાદ અજમલજી અમથાજી ઠાકોરના ઘરેથી લાવેલ લાકડાના હળ ઉપર માટલા ફોડી આગામી વર્ષનો વર્તારો જોવાયો હતો.જેમાં આગામી વર્ષ સારૂ નિવડવાના એંધાણ વર્તાયા હતા.એ પછી તૂટેલા માટલાના ઠીકરા અનાજની કોઠી કે બોરીમાં રાખવાથી ધાન્ય બગડતું નથી તેવી માન્યતાના પગલે ઠીકરા લેવા પડાપડી થઈ હતી.

# નાનામેસરા ગામ ના યુવાશાસ્ત્રી નું હિમાચલપ્રદેશમાં જ્યોતિષ સેમિનારમાં સન્માન કરાયું



ભરત કે. દવે

પ્રતિનિધિ લાખણી

અખિલ ભારતીય સરસ્વતી જ્યોતિષ મંચ દ્વારા હિમાચલ પ્રદેશના ધર્મશાળામાં ત્રીદિવસીય ૫૯ મુ જ્યોતિષ અધિવેશન યોજાયું હતું જેમાં ભારતભર ના ૨૫૦ જેટલા જ્યોતિષઓ એ ભાગ લીધો હતો સાથોસાથ આ સંમેલનમાં માં વિદેશ ના એસ્ટ્રોલોજરો પણ આવ્યા હતા ત્યારે ઉત્તર ગુજરાત ની હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી ના જ્યોતિષ વિભાગના પ્રોફેસર શૈલેષભાઈ મહેતા ના ૧૪ જેટલા વિધાર્થીઓ ને પણ આમંત્રિત કરવા માં આવ્યા હતા જેમાં થરાદ તાલુકા ના નાનામેસરા ગામ ના યુવા શાસ્ત્રી શ્રવણભાઈ કાળુરામજી દવે (બી.એ, એમ. એ- સંસ્કૃત) એ પણ ભાગ લીધો હતો જેમાં રોજે રોજ અલગ અલગ વિદ્વાન જ્યોતિષઓ દ્વારા વેદ, ધર્મ અને સંસ્કૃત વિષય ઉપર ચર્ચા કરવામાં આવી હતી તેમજ દેશ ના ખૂણે ખૂણે થી આવેલ જ્યોતિષઓ એ પણ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા ત્યારબાદ કાર્યક્રમ ના મુખ્ય અધ્યક્ષ જ્યોશિષચાર્ય એચ. એચ. રાવત દ્વારા તમામ શિબિરાર્થીઓ ને માર્ગદર્શન અને આશીર્વાદ પાઠવ્યા હતા અને શિબિર માં ભાગ લેનાર જ્યોતિષી નો વ્યવહાર વર્તન અને કસોટી લેવામાં આવી જેમો યુવા શાસ્ત્રી શ્રવણભાઈ દવે સફળ બનતા તેમને સાલ, ટ્રોફી અને પ્રમાણપત્ર આપી ’જ્યોતિષ એવોર’ડ થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ અગાઉ પણ આ યુવા શાસ્ત્રી એ ઘણા બધા જ્યોતિષ સેમિનારો માં ભાગ લીધેલ હોવાથી વ્યાપક પ્રમાણમાં અનુભવ ધરાવે છે જેનો લાભ મળી રહ્યો છે અને તેમને મળતી સફળતા અને સન્માન ને તેઓ તેમની કુળદેવી બગસ્થલી માતાજી અને આઈ શ્રી શેણલ માતાજી ની કૃપા ગણાવે છે.

# વડગામ દૂધ મંડળી દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

તા.પ્રતિનિધિ વડગામ

નાળયેરી પૂનમ પર્વ પ્રસંગે ગઈકાલ તારીખ ૭ મી ઓગસ્ટ ૨૦૧૭ સોમવારે વડગામ દૂધ મંડળી ચેરમેન ભરતભાઈ જી.ડેકલીયાની અધ્યક્ષતામાં વડગામ- વરવાડીયા રોડ પરાની ડેરી સંકુલમાં વૃક્ષારોક્ષણ કાર્યક્રમ યોજાયો હતો. વા.ચેરમેન કરશનજી સોલંકી ડિરેક્ટર ગણેશભાઈ એચ. ઉપલાણા તથા ગાયત્રી પરિવાર વડગામ, ભરોડ, પરખડી, છનિયાણાના પરિજનો, ખેડુતોની વિશેષ ઉપસ્થિતિમાં શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર કરી વૃક્ષનારાયણની આરતી ઉતારી ૫૧ વૃક્ષોનું વૃક્ષારોપણ કર્યું હતું. ચેરમેન ભરતભાઈ જી.ડેકલીયાએ કુલ ૧૦૧ વૃક્ષો દત્તક લઈ ઉછેરવા નીસ્વયં જવાબદારી લીધી છે. આ પ્રસંગે પરાં વિસ્તારના તમામ યુવા કાર્યકરો જોડાયા હતા.

# જિલ્લાના પૂર અસરગ્રસ્તોને ઝડપથી ચુકવાઈ રહેલ જંગી સહાય

**તા.૫ ઓગસ્ટ સુધી અસરગ્રસ્તોને કેશડોલ અને ઘરવખરીની રૂ. ૫૦.૪૪ કરોડની સહાય ચુકવાઈ**

પાલનપુર

ભારે વરસાદ અને પૂરની આપત્તિ પછી બનાસકાંઠા જીલ્લાચમાં ઝડપભેર પૂર્વવત પરિસ્થિબતીના નિર્માણ માટે વહીવટીતંત્ર દ્વારા વિરાટ પ્રયાસો હાથ ધરવામાં આવ્યાવ છે. પરિણામે જીલ્લીમાં જનજીવન ઝડપથી થાળે પડી રહ્યું છે. જીલ્લાતના તમામ ગામો અને શહેરી વિસ્તા રોમાં સો ટકા વીજ પુરવઠો ચાલુ કરવામાં આવ્યોી છે. તમામ ગામોમાં પીવાના પાણીની પરિસ્થિાતી વ્યવસ્થીત રીતે કાર્યરત કરવામાં આવી છે.

બનાસકાંઠા જિલ્લાથના પૂર અસરગ્રસ્તોને જિલ્લા વહીવટીતંત્ર ધ્વારા ઝડપભેર જંગી સહાય ચુકવવામાં આવી રહી છે. કલેકટરશ્રીની કચેરીમાંથી મળેલ વિગતો અનુસાર તા.૫ ઓગસ્ટી સુધીમાં સમગ્ર જિલ્લામાં ૪૦૮ ટીમો ધ્વારા ૫,૨૩,૭૦૫ અસરગ્રસ્તોને કુલ રૂ. ૨૮.૫૯ કરોડ કેશડોલ સહાય અને ૩૯,૬૩૮ કુંટુંબોને રૂ. ૨૧.૮૫ કરોડની ઘરવખરી સહાય ચુકવવામાં આવી છે. આમ કુલ-૫,૬૩,૩૪૩ પૂર અસરગ્રસ્તોને રૂ. ૫૦.૪૪ કરોડની જંગી સહાય ચૂકવી તેમનું જીવન પૂર્વવત કરવા તંત્ર દ્વારા રાત દિવસ કામગીરી કરવામાં આવી રહી છે. જિલ્લાના તમામ ગામો, નગરપાલિકા વિસ્તાર, તમામ સબ સ્ટેશનો તેમજ પાણી પુરવઠા વોટર વર્કસ સ્ટેશનમાં વીજ પુરવઠો નિયમિત રીતે ચાલુ કરી દેવાયો છે. જિલ્લામાં ૧૬૭ રાહત કેમ્પ ધ્વારા કુલ-૭૮,૨૩૮ વ્યક્તિઓને જમાડવામાં આવેલ છે અને હવે રાહત કેમ્પની જરૂર ન હોવાથી બંધ કરવામાં આવ્યા છે. સમગ્ર જિલ્લામાં ૬૧,૪૫૫ રાશન કીટોનું વિતરણ કરવામાં આવ્યું છે. જિલ્લાના તમામ ગામ સાથે સંદેશા વ્યવહાર પૂર્વવત થઈ ગયો છે અને એસ.ટી.ની તમામ ૨૩૫૩ ટ્રીપો ૧૦૦ ટકા ચાલુ થઈ ગઈ છે.

બનાસકાંઠા જિલ્લોમાં ઝડપથી પૂર્વવત સ્થિતિના નિર્માણ માટે કલેકટરશ્રી દિલીપ રાણાની સુચના અને માર્ગદર્શન અનુસાર વહીવટીતંત્ર દ્વારા સર્વે અને સહાય વિતરણની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. જિલ્લામાં પૂરથી અસરગ્રસ્ત કુલ ૫૪૪ રસ્તાઓમાંથી ૫૨૬ રસ્તાઓ ચાલુ થઈ ગયા છે અને ૧૮ રસ્તાઓ પર રીપેરીંગનું કામ ચાલુ છે. જિલ્લાને ૧૯૫૦ લાખ કિ.ગ્રા. ઘાસ ફાળવવામાં આવ્યું છે જેના વિતરણની કામગીરી ચાલી રહી છે.

જિલ્લાના કુલ ૧૪ તાલુકાઓમાં કુલ-૧૨,૨૪૫ પશુઓના મૃત્યુ નોંધાયા છે તે તમામ પશુઓના મૃતદેહનો નિકાલ કરી ૧૬૫૭ કેસોમાં રૂ. ૩.૬૦ કરોડની સહાય ચુકવવામાં આવી છે. લોકોનું આરોગ્ય સચવાય તે માટે વિશાળપાયે સફાઈ કરવામાં આવી છે. જિલ્લામાંથી ૧૯,૮૦૫ ટન ઘન કચરાનો નિકાલ કરવામાં આવ્યો છે. જેમાં ધાનેરામાંથી ૧૨,૫૫૦ મે. ટન ઘન કચરાનો નિકાલ કરવામાં આવ્યો છે. તેવી જ રીતે આરોગ્ય વિભાગની ૧૩૮૩ ટુકડીઓ ધ્વારા રોગચાળો ન ફેલાય તે માટે પુરતી સારવાર અને ૨૦ લાખ જેટલી કલોરીનની ગોળીઓનું વિતરણ કરવામાં આવ્યું છે.

મકાન/ ઝુંપડા અને પાક નુકશાન તથા જમીન ધોવાણ સર્વે અને સહાયની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. જિલ્લામાં શહેરી વિસ્તારમાં કુલ ૧૦૯૧ મકાનોનો સર્વે કરી ૨૫૬ મકાનોની સહાય પેટે રૂ.૨૩.૪૩ લાખ ચુકવવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં કુલ-૬,૫૮૨ મકાનોનો સર્વે કરી ૨૭૧ મકાનનોની સહાય પેટે રૂ. ૨૪.૧૯ લાખ ચુકવવામાં આવી છે. જિલ્લામાં કુલ-૭૬૭૨ મકાનોનો સર્વે કરી ૫૨૭ મકાનોની રૂ.૪૭.૬૨ લાખ સહાય ચુકવવામાં આવી છે.

જિલ્લામાં ૨,૪૮,૪૫૫ હેકટર વિસ્તારમાં જમીન ધોવાણ થયુ હોવાનો પ્રાથમિક અંદાજ છે. પાક નુકશાન અન્વયે ૪૧૧ ગામોમાં સર્વેની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જે સર્વે અન્વયે ૩૯,૪૪૬ ખેડુતોની ૪૫,૫૮૭ હેકટર જમીનમાં પાક નુકશાનની સર્વેની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

**ખેડુતોને ઝડપથી જમીન અને પાક નુકશાનીની સહાય ચુકવવા**

# કૃષિ વિભાગના અગ્ર સચિવના અધ્યક્ષસ્થાને બેઠક

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં જુલાઈ- ૨૦૧૭માં ભારે વરસાદ અને પૂરની પરિસ્થિતીને કારણે વ્યાપક પ્રમાણમાં જમીન ધોવાણ તથા પાક નુકશાન થયેલ છે. જમીન ધોવાણ અને પાક નુકશાનીનો ઝડપથી સર્વે થાય અને અસરગ્રસ્ત ખેડુતોને ઝડપથી ચુકવણા થાય તેના આયોજન તેમજ સમીક્ષા માટે કૃષિ વિભાગના અગ્ર સચિવના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. જેમાં કમિશનર ફીશરીઝ, કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી, ખેતી નિયામક, મેનેજીંગ ડિરેકટર જી.એલ.ડી.સી., કૃષિ અને સંલગ્ન ઉચ્ચ અધિકારીઓ તથા જિલ્લાના સંબંધિત તમામ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં પાક નુકશાન અને જમીન ધોવાણના સર્વેની કામગીરી વહેલામાં વહેલી તકે પૂર્ણ કરવા તથા સાથોસાથ ચુકવણાની કામગીરી પણ ઝડપથી થાય તે અંગે તમામ અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું. વધુમાં આ સમગ્ર કામગીરી ખેડુતો પાસેથી શક્ય તેટલા ઓછામાં ઓછા દસ્તાવેજી પુરાવાઓ મેળવી પૂર્ણ કરવા જણાવ્યું હતુ.

ગ્રામ્ય કક્ષાએ ખેડુતોને પણ આ કામગીરી ઝડપથી પૂર્ણ કરવામાં સરકારી તંત્રને જરૂરી સાથ સહકાર આપવા કૃષિ વિભાગના અગ્ર સચિવએ અપીલ કરી છે. તેમ બનાસકાંઠા જિલ્લા ખેતીવાડી અધિકારી ધ્વારા અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ડીસા એન્જલ્સ સ્કૂલનું ગૌરવ



ડીસા

બનાસકાંઠા રમત - ગમત જિલ્લા પરિષદ દ્વારા પાલનપુરની કે.કે.ગોઠી હાઈસ્કૂલમાં અ - (૧૯) ભાઈઓ / બહેનોની જિલ્લા ચેસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ડીસાની એન્જલ્સ સ્કૂલની બહેનો જોષી રિધ્ધિ, અગ્રવાલ પલક, અગ્રવાલ ઝલક અને માધવાણી પ્રિયા ચેમ્પીયન બન્યા હતા. આ સિલેકટ થયેલી બહેનો આગામી સમયમાં રાજયકક્ષાએ રમવા જશે.

શાળાના પ્રિન્સીપાલ ઉપાસના મેમ તેમજ ટ્રસ્ટ પરિવારે આ વિદ્યાર્થીનીઓને આર્શિવચન પાઠવ્યા હતા. જે માટે વ્યાયામ શિક્ષક સેંદિપ દવે અને આકાશ ધૈરાવએ માર્ગદર્શન પુરૂં પાડયું હતું.

# આદિત્ય શૈક્ષણિક સંકુલમાં રક્ષાબંધનની ઉજવણી



દેવજી રાજપુત

પ્રતિનિધિ વાતમ

ગત તા. ૭/૮/૨૦૧૭ ને સોમવારના દિવસે આદિત્ય શૈક્ષણિક સંકુલ લાખણી ખાતે રક્ષાબંધન તહેવારની ઉજવણી કરવામાં આવી.

કાર્યક્રમ નિમિત્તે સંકુલના પ્રમુખ તથા મંત્રી સાથે શિક્ષકગણ હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત ભાઈ- બહેનોએ રક્ષાબંધન વિશેના ગીતો તથા ભજનોથી કરી ત્યારબાદ રક્ષાબંધન વિશે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થી સોની વિક્રમ દશરથભાઈએ અંગ્રેજીમાં વક્તવ્ય આપ્યું. તથા ગુજરાતી માધ્યમના વિદ્યાર્થી પ્રજાપતિ મિનલબેન ભરતભાઈએ ગુ- જરાતીમાં વકત્વ્ય આપ્યું. બન્ને વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં. ત્યારબાદ રાખડી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં પરમાર પ્રિયા કામરાજભાઈ અને પટેલ સુહાની સંજયકુમારે પોતાના ઘરે જાતે તેયાર કરેલી રાખડીના પ્રથમ નંબરો મેળવ્યા હોવાથી તેમને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવી.

બહેનોની રક્ષાથી બંધાયેલા ભાઈઓએ બહેનોની રક્ષા કરવાની પ્રતિજ્ઞા લઈ બહેનોને ભેટ આપી મોં મીઠું કરી છુટા પડ્યા.

# સ્કાય ઈન્ટરનેશનલ મોન્ટેસરી સ્કુલ દ્વારા સામાજિક સંદેશ આપતી પહેલ



ડીસા

ભારતીય સંસ્કૃતિ માં તહેવાર નું અનોખું સ્થાન છે અને દરેક તહેવાર એક સામાજિક સંદેશ આપે છે રક્ષાબંધન ના રોજ બહેન ભાઈ ને રાખડી બાંધે છે અને ભાઈ ની લાંબી ઉમર માટે પ્રાર્થના કરે છે અને ભાઈ બહેનની રક્ષા સાથે તેને જીવનભર મદદરૂપ થવા ખાતરી આપે છે.

ગયા અઠવાડિયે ધાનેરા અને થરાદ ના પુર ગ્રસ્ત વિસ્તારમાં શાળાના બાળકો અને શિક્ષકો દ્વારા ૭૦૦ જેટલા ફૂડ પેકેટ ઘરે જાતે તૈયાર કરીને તેમને પહોચાડવામાં આવેલ અને ત્યાની સ્થિતિ જોઈને જીવન માં ક્યારેય મુલાકાત ન થઈ હોય તેવા બનાસના ભાઈ- બહેન માટે ફરીથી કંઈક મદદ કરવાના ઉચ્ચ ઉદ્દેશ્યથી પરત આવેલ અને જેના ફળ સ્વરૂપે તાઃ૭/૮/૧૭ ના રોજ ડીસા શહેરનું સ્કાય ઈન્ટરનેશનલ મોન્ટેસરી સ્કુલ દ્વારા સામાજિક સેવા કરવાનો અનોખો પ્રયાસ કરવામાં આવ્યો.

ડીસા ના જલારામ મંદિર પાસેથી પસાર થનાર નગરવાસી ના હાથમાં શાળાના શિક્ષકો તેમજ વિદ્યાર્થીનીઓ દ્વારા રાખડી બાંધવામાં આવી અને તે ભાઈ તરફથી મળેલ ભેટની રકમને થરાદ અને ધાનેરા માં પુરથી અસર પામેલ બનાસવાસીઓને માટે ઉપયોગ કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો

સવારે ૮-૩૦ થો ૧૧-૩૦ સમય દરમિયાન આ શુભ કાર્ય થકી એકત્ર થયેલ રકમ દ્વારા ત્યાના લોકો ટેન્ટ બનાવવા જરુરુ તાડપત્રી ખરીદ કરી આપવા માટે સમગ્ર ટીમ જનાર છે.

# ગેળા ગ્રામ પંચાયત દ્વારા કેશડોલનું વિતરણ



નરસિંહ પ્રજાપતિ

પ્રતિનિધિ ગેળા

લાખણી તાલુકાની ગેળા ગ્રામ પંચાયત દ્વારા પુરના વહેણમાં નુકશાન વેઠનાર સાચા અસરગ્રસ્તોને કેશ ડોલ ચૂકવી તેમના દુઃખમાં સહભાગી થયા હતા.અસરગ્રસ્તોએ પણ વિકટની ઘડીમાં હુંફ અને સાંત્વના આપનાર આગેવાનોનો આભાર માન્યો હતો.જે પ્રસંગે સરપંચ વાલ્મિકી સીતાબેન રામચંદભાઈ, ડે.સરપંચ રાજપૂત હરજીભાઈ પાનાભાઈ, પંચાયત સભ્યો કરડ ગણેશભાઈ વનાભાઈ, રાજપૂત હમીરભાઈ મૂળાભાઈ, પટેલ ભગાભાઈ ભીમાભાઈ, આચાર્ય શામળભાઈ ભૂદરાભાઈ, પ્રજાપતિ પ્રેમાભાઈ જેરૂપભાઈ સહિત ગ્રામજનો હાજર રહ્યાં હતાં.

# ડીસા શહેર ભાજપ લઘુમતી મોરચાની પ્રથમ કારોબારી મીટીંગ મળી



જમીલ મેમણ

પ્રતિનિધિ રાજપુર

ડીસા શહેર ભાજપ લઘુમતી મોરચાની પ્રથમ કારોબારી મીટીંગ સરકીટ હાઉસ ખાતે જિલ્લા પ્રમુખ અય્યુબભાઈ પઠાણના અધયક્ષ સ્થાને મળી હતી. આ બેઠકની શરૂઆતમાં બે મીનીટ માટે ધાનેરા પૂરપીડીત માટે મૌન પાળવામાં આવેલ. ત્યારબાદ નવા વરાયેલા હોદ્દેદારોનું ખેસ પહેરાવી સ્વાગત કરવામાં આવેલ. આ પ્રસંગે જિલ્લા લઘુમતી મોરચાના મહામંત્રી ફકીર મહંમદભાઈ સાંચોરા, ફારૂનભાઈ ઘાંચી, જિલ્લા લઘુમતી મોરચાના મંત્રી સનીશભાઈ, સોહિલરાજ સૈયદ, ઈદ્રીશભાઈ અને પૂર્વ મહામંત્રી મહેબ- ુબભાઈ તથા ડીસા શહેર લઘુમતી ભાજપ પ્રમુખ તોસિફભાઈ મેમણ તથા મહામંત્રી જાકીરભાઈ મેમણ, ઉપપ્રમુખ કય્યુમભાઈ કુરેશી તથા જમીલભાઈ મેમણ સહિત હાજર રહ્યા હતા.

### કોંગ્રેસનો ...

પાના નં.૧ ચાલુ

ખાતરી આપી હતી.નીતાબેન અંબાણીએ પોતાના વક્તવ્યમાં ગામલોકો દ્વારા પૂરના પાણીમાં દોડીને લોકોની મદદ કરવા બદલ યુવાનો અને કાર્યકરોની પણ પ્રશંસા કરી હતી.અબિયાણા ગામેથી ગડસઈ ગામનાં અસરગ્રસ્તોને પણ કીટનું વિતરણ નીતાબેન અંબાણીના હસ્તે કરવામાં આવ્યું હતું.અબિયાણાના સરપંચ હિરાબેન વી.આયર, પૂર્વસરપંચ શિવાજી ગોહીલ સહીત ગામનાં અગ્રણીઓએ જણાવ્યા મુજબ રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા ૨૦૧૫ માં પણ પૂર આવ્યા ત્યારે કીટનું વિતરણ કર્યું હોઈ આ સંસ્થા હવે પરિવાર જેવી બની ગઈ છે.આ પ્રસંગે કાંકરેજ તાલુકા ભાજપ મહામંત્રી કિશોર પ્રજાપતિ સહિત તાલુકાના કાર્યકરો પણ હાજર રહ્યા હતા.

### અંબાજી ખાતે...

પાના નં.૩ ચાલુ

મોટી સંખ્યા માં ઉપસ્થીત રહેલાં વિધ્યાર્થીઓ અને વાલીઓ ને જણાવાયુ હતુ કે સરકાર પહેલાં ધોરણ થી અનુસ્નાતક સુધી નાં અભ્યાસ માટે તમામ ખર્ચ સરકાર ભોગવતી હોય ત્યારે યુવાનો એ ભણવામાં ધ્યાન આપે તેવું પણ સુચન કરાયુ હતુ. આ પ્રસંગે આદીવાસી અગ્રણી ગમારામ ખરાડી, લાધુભાઈ પારઘી, ભોજાભાઈ તરાલ, મહેન્દ્રભાઈ બુંમડીયા વિગેરે આદીવાસી સમાજ ના અગ્રણીઓ ઉપસ્થીત રહ્યા હતા.

### અસરગ્રસ્તોની સાથે...

પાના નં.૩ ચાલુ

અને ઈજાગ્રસ્તો માટે રૂ.૫૦ હજારની વધારાની સહાય આપવાની જાહેરાત કરવામાં આવી હતી. એન.ડી.આર.એફ.સેનાની ટુકડી, હવાઈદળ અને નેવીની વધુ ટુકડીઓ સહાય માટે મોકલવામા આદેશ કરવામાં આવ્યા હતા. વડાપ્રધાનની મુલાકાત બાદ મોડી રાત્રે મુખ્ય સચિવ દ્વારા બનાસકાંઠા જિલ્લા અને પાટણ જિલ્લાના અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ કરવામાં આવેલ. જેમાં અગ્ર સચિવ (મહેસૂલ) સેના અને હવાઈદળના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા. મુખ્યમંત્રી દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારોમાં પાંચ દિવસનો મુકામ કરી અસરગ્રસ્ત વિસ્તારોની પ્રત્યક્ષ મુલાકાત કરી લોકોની તેમજ માલસામાનની નુકસાનની વિગત મેળવવા સાથોસાથ ધાનેરા, થરાદ, પાટણ, રાધનપુર, સાંતલપુર અને અન્ય ગામોમાં જાતે ફરીને હજારો લોકોને રૂબરૂ મુલાકાત કરી જરૂરિયાતમંદોને સહાયના ચેકો અર્પણ કરવામાં આવ્યા અને દિવસ તેમજ મોડી સાંજે રાહત કામગીરીની સમીક્ષા બેઠકો, અસરગ્રસ્ત જન સમુદાય અને વેપારીઓ સાથે વિવિધ સ્થળે બેઠકો તેમજ મંત્રીઓ અને મુખ્ય સચિવ તેમજ અધિકારીઓ સાથે પરામર્શ હાથ ધરવામાં આવ્યો હતો.

### લાખણીમાં કોંગ્રેસ...

પાના નં.૩ ચાલુ

ભલજીભાઈ રાજપુત કુવાણા , દેવાભાઈ પટેલ , રુડસીહ રાજપુત, વગેર બહોળી સંખ્યામો અનેક કાર્યકરો ઉપસ્થીત રહેલ પ્રમુખ ધુડાભાઈ પટેલે પુર અસરગ્રસ્તોને જણાવેલ કે ૨૦૧૫ ના અસરગ્રસ્તોને આ ભાજપ સરકારના મુખ્યમંત્રીએ મકાન બનાવી આપવાનું વચન આપીને ગયેલ પરંતુ ૨ વર્ષ થવા છતા આજદિન સુધી કોઈ મકાન બનાવી આપેલ નથી અને ૨૦૧૭ માં હાલ ફરીથી પુર આવતા આવા અસરગ્રસ્તોની હાલત આ નિર્દયી અને નિષ્ઠુર સરકારના કારણે કફોડી થઈ છે

પણ ડીસેમ્બરમાં આવનાર વિધાનસભાની ચુટણીમાં કોંગ્રેસ જીતશે જ અને અમારી સરકાર આવા તમામ ગરીબ અસરગ્રસ્તોને રોડ,રસ્તા, પાણી, વિજળી , ગટરલાઈન સહીતની સુવિધા સાથેના મકાનો બનાવી આપશું તેવી ખાત્રી આપી હતી.

### દીઓદરમાં કેશડોલ ...

પાના નં.૮ ચાલુ

ના હોવાનું જણાવ્યું હતું.

આ પ્રસંગે દીઓદર તાલુકા કોંગ્રેસ પ્રમુખ નરસિંહભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે અમો ૨ દિવસનું અલ્ટીમેટમ આપીછે છીએ અને આવેદન પત્ર આપી સમગ્ર તાલુકામાં વરસાદી કહેરના કારણે જનજીવન પ્રભાવિત થયું હતું.ત્યારે બીજા તાલુકામાં દરેક ગામોમાં સો ટકા કેસડોલ ચુકવાઈ છે પણ દીઓદર તાલુકામાં વર્તમાન સત્તા પક્ષ ભાજપ દ્વારા વહાલા દવાલાની નિતી અખતાર રહી રહ્યું છે.આજે પ્રતિક ધરણાં કરી અને બે દિવસમાં બાકી રહેલા પુરઅસરગ્રસ્તોને સહાય ચૂકવી દે નહીં તો અમો પુરઅસરગ્રસ્તો સાથે પ્રાંત કચેરીએ અને જ્યાં સુધી સહાય ના ચૂકવાય ત્યાં સુધી અનસન ચાલુ રાખશું.આ પ્રસંગે કોંગ્રેસના અગ્રણીઓ ભરતસિંહ વાઘેલા, બી.કે.જોષી, શીવાભાઈ ભુરીયા, ભારતીબેન ચૌધરી સહીતના આગેવાનોએ પુર અસરગ્રસ્તોને ઝડપી સહાય ચુકવાય તે માટે માંગ કરેલ.

આ પ્રસંગે દીઓદર તાલુકા કોંગ્રેસ પ્રમુખ નરસિંહભાઈ દેસાઈ, વિરોધ પક્ષના નેતા ભરતસિંહ વાઘેલા, બ.કાં.જીલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ બી.કે.જોષી, દીઓદર તાલુકા પંચાયતના પૂર્વ ચેરમેન ભારતીબેન ચૌધરી, દીઓદર માર્કેટ સમિતિના ચેરમેન શીવાભાઈ ભુરીયા, જગમાલભાઈ ચૌધરી, સેવંતીભાઈ ઠક્કર, બાબરાભાઈ ગુડેલ,બળદેવ બારોટ, રાજુભાઈ દેસાઈ, બાબુભાઈ પરમાર, વાઘાભાઈ જોષી, રાજાભાઈ પટેલ સહીત કોંગ્રેસના અગ્રણીઓ ઉપસ્થિત રહી પુર અસરગ્રસ્તોને ૧૦૦ ટકા કેશડોલ ચુકવાય તેવી માંગ કરી જો ૨ દિવસમાં કેસડોલ નહિ ચુકવાય તો ગાંધી ચિંધ્યા માર્ગે અનસન પર પુર અસરગ્રસ્તોની સાથે સમગ્ર દીઓદર તાલુકા કોંગ્રેસ સમિતિ બેસશે.

### ધાનેરામાં જમિયત...

પાના નં.૮ ચાલુ

પુરને લઈ સમગ્ર ધાનેરા ગંદકીમાં ગરકાવ થયું હતું જેથી ભારે રોગભાળો ફેલાવાની શંકાઓ સેવાઈ રહી હતી ત્યારે જમિયત એ ઉલ્માં હિનદ દ્વારા ધાનેરામાં આવેલા મંદિર મસ્જિદ સરકારી કચેરીઓ તેમજ રીબ લોકોના ઘર સહિત શહેરની સફાઈ હાથ ધરી હતી. સફાઈ કામ પૂર્ણ થતા આજે જમિયત ઉલમાં દ્વારા ગરીબ લોકો ને રોજગારી તેમજ મકાન બનાવી આપવાની કામગરી હાથ ધરી છે. એટલું જ નહી. લોકો ના આરોગ્ય ને ધ્યાનમાં રાખી મેડીકલ કેમ્પ તેમજ એમ્બ્યુલંસ સુવિધા પણ ચાલુ કરી છે. જેથી સંસ્થાની સેવા દીપી ઉઠી છે. તારીખ ૨૪/૭/૨૦૧૭ ના રોજ ધાનેરામાં પૂરની પરિસ્થિતિ સર્જાતા લોકોની સાથે સાથે અસંખ્ય પશુઓ પણ મોતને ભેટ્યા હતા. તેમજ અનેક લોકોએ રોજથારી ગુમાવી હતી તો કેટલાય પરિવાર ઘર વિહોણા બનયા હતા અને પુર બાદ ધાનેરા ગંદકીમાં ગરકાવ બન્યું હતું ગંદકીને લઈ ધાનેરામાં ભારે રોગચાળો ફેલાવાતી શંકાઓ સેવાઓ સેવાઈ રહી હતી ત્યારે જમિયત એ ઉલમાં હિન્દ દ્વારા ધાનેરામાં આવેલા મંદિર મસ્જિદ અને સરકારી કચેરીઓ ગરીબ લોકોના ઘર સહિત ધાનેરાની સફાઈ હાથ ધરી હતી અને તે સફાઈ કામ પુર્ણ થતા જમિયત ઉલમાં દ્વારા એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું તે કાર્યક્રમમાં જે લોકો લારી ઉપર મજુરી કરી પોતાનું અને પોતાના પરિવારુનં ગુજરાન ચલાવતા હતા તે વા લોકોની લારી પૂરમાં તણાઈ ગઈ હતી. અને ગરીબ લોકો રોજગારી ગુમાવી ઘરે બેઠા હતા તેવા લોકો ને નવી લારી માલ સામાન ભરી ને આપી હતી અને જે લોકોના ઘર પૂરમાં ધરાશાઈ થયા છે તેવા લોકો ને ઘર બનાવી આપવાની તજવીજ હાથી ધરી હતી આટલું જ નહિ પણ લોકોના આરોગ્યને ધ્યામાં રાખી ધાનેરા સહિત ધાનેરાના ગ્રામ્ય વિસ્તારોમાં મેડકલ કેમ્પ ચાલુ છે અને લોકોને તાતકાલિક સુવિધા મળી રહે તે માટે ફી એમ્બ્યુલન્સ સેવા પણ ચાલુ કરી છે.

કાર્યક્રમ બાદ જમિયત ઉલમાં દ્વારા એક પ્રેસ કોન્ફનસ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં જણાવ્યું હતું કે ધાનેરાની સફાઈ બાદ અમે લોકોને સહાય પેટે ઘરવખરી નો સામાન આપ્યો હતો અને તે બાદ આજે લારીઓ માલ સામાન સહિત આપી છે અને અમે ધાનેરામાં ૫૦૦ થી વધુ લોકોને મકાન બનાવની કામગીરી પણ હાથ ધરી છે. આમ પુરગ્રસ્તોને થાળે પાડવા સંસ્થાના ભગીરથી પ્રયાસોના કારણે સંસ્થાએ માનવતાની મિસાલ ખડી કરી છે.

### જીવના જોખમે...

પાના નં.૮ ચાલુ

આગળ વધવું છે પરંતુ મજબૂરી છે. ભણવા જવા આવવાનો રસ્તો નથી. ૧૫ દિવસથી બાળકોનો અભ્યાસ બગડી રહ્યો છે. અને આટલા વિસ્તાર મા બીજી કોઈ શાળા નથી. ત્યારે મજબુર બાળકો નદીમા કેડ સમાં પાણીમા રસ્તો પસાર કરી ભણવા મજબુર છે.

બાળકોને ભણાવવા મજબુર વાલીઓ પાસે ટાઈમ ન હોવા છતાં રોજ બે ટાઈમ બાળકોને લેવા અને મુકવા આવવું પડે છે. આજુબાજુના ૫ ગામના બાળકો માટે ભણવા માટે અન્ય કોઈ વિકલ્પ નથી. ત્યારે વાલીઓ આ વિસ્તારમા જલ્દી થી કોઝવે અથવા રપટ બને એવું ઈચ્છી રહ્યા છે. સલેમકોટ શાળામા વાસણ, ભાખરી, અહેમદપુરા, સેભર, વાસણા સહિતના બાળકો સલેમકોટ શાળામા અભ્યાસ અર્થે આવે છે. કેડ સમાં નદીના પાણી પસાર કરી આવતા બાળકો માટે ૧૦ દિવસનું શૈક્ષણિક કાર્ય બંધ રહ્યું હતું. જો સત્વરે બાળકો માટે રસ્તાનો વિકલ્પ શોધવામા નહીં આવેતો આ ગરીબ બાળકોનું શૈક્ષણિક ભાવિ અંધકારમય બનશે.

### ડીસા તાલુકાનું...

પાના નં.૮ ચાલુ

ડીસા, નાયબ કલેક્ટર ડીસાને રૂબરૂ જઈને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આમ ગામમાં કુલ ૨૪૧ જેટલા કુટુંબોની યાદી પણ સાથે આપવામાં આવી છે આમ, તંત્રની ખેંટવા ગામ પ્રત્યે ભેદભાવ ભરી નીતિથી ગ્રામજનોમાં રોષની લાગણી જોવા મળે છે.

### પૂર અસરગ્રસ્ત...

પાના નં.૮ ચાલુ

એકબીજાથી જોડે છે એટલે જ રસ્તાઓ ઝડપથી ચાલુ થાય અને આપણે બધા એકબીજાથી જોડાયેલા રહીએ, અવર-જવર અને કોમ્યુનિકેશન કરી શકીએ ૯ ઓગસ્ટ ૨૦૧૭ તે માટે રસ્તા રીપેરીંગના કામને પ્રાથમિકતા આપી યુધ્ધના ધોરણે કામગીરી કરવામાં આવતાં જિલ્લામાં ડેમેજ કુલ-૫૪૪ રસ્તાઓ પૈકી ૫૩૮ રસ્તાઓ ચાલુ કરી દેવાયા છે અને ૬ રસ્તાઓનું રીપેરીંગ કામ ચાલુ છે તે પણ ઝડપથી ચાલુ કરી દેવાશે.

જિલ્લા વહીવટીતંત્રના સક્રિય પ્રયાસોને લીધે ભારે વરસાદ અને પૂરની આપત્તિ છતાં બનાસકાંઠા જિલ્લામાં ઝડપભેર પૂર્વવત પરિસ્થિતીનું નિર્માણ થઇ રહ્યું છે. લોકોને પ્રાથમિક સુવિધા માટે અનિવાર્ય રીતે જરૂરી છે તેવા રસ્તાઓ ચાલુ થવાથી લોકો પોતાના સગાવ્હાલા અને બહાર ગામ ખરીદી કરવા વગેરે કામે જઇ શકે છે. તેવી જ રીતે પાણી, વીજળી, આરોગ્ય, સફાઇ સહીત તમામ સુવિધાઓ જિલ?લામાં પૂર્વવત બનતા લોકોની મુશ્કેલીઓનો અંત આવ્યો છે. તંત્રના અથાક પ્રયાસોને લીધે જિલ્લામાં જનજીવન ઝડપથી થાળે પડી રહ્યું છે. જિલ્લાના તમામ ગામો અને શહેરી વિસ્તારોમાં સો ટકા વીજ પુરવઠો સાતત્યપૂર્ણ રીતે ચાલુ છે. બનાસકાંઠા જિલ્લામાં રસ્તાઓ ચાલુ થવાથી એસ.ટી. અને વાહન વ્યવહાર સો ટકા ચાલુ થઇ ગયો છે. ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમના બનાસકાંઠા ડીવીઝન દ્વારા બસની રોજની ૨૩૫૩ ટ્રીપો દોડાવવામાં આવે છે. આ તમામ ટ્રીપો સો ટકા કાર્યરત છે. એસ.ટી.ના તમામ રૂટો ચાલુ હોવાના લીધે વિધાર્થીઓને પોતાના ગામથી તાલુકા મથકોએ અને પાલનપુર, ડીસા, ધાનેરા, થરાદ, દિયોદર વગેરે જેવા મોટા સેન્ટરોએ શાળા અને કોલેજમાં આવવા માટે સારી સુવિધા મળે છે. આમ રસ્તાઓ, કોમ્યુનિકેશન, વીજળી, પાણી જેવી પાયાની સુવિધાઓ પૂર્વવત થતાં

બનાસવાસીઓની જિંદગી રૂટીન બની રહી છે.

### સરકારે જાહેર...

પાના નં.૮ ચાલુ

મામલતદાર તથા ટીડીઓ અને વેટરનરી વિભાગ તથા ધારાસભ્યને મળીને લેખિત રજુઆત કરી હતી.જેમાં થરાદ તાલુકાના અસર પામેલા તમામ કિસાનમિત્રોને કેશડોલ, પશુ મરણ, મકાન સહાય, ઘરવખરી સહાય, જમીન ધોવાણ, પાક ધોવાણ, વહેણથી ખેતરોમાં કોતરો પડવા જેવી તમામ બાબતોમાં પ્રામાણિકતાથી અનુ પુરેપુરૂ તથા સાચુ સર્વે કરવાની માંગણી કરવામાં આવી હતી. તેમજ આધુ અધુરુ નહી પણ સરકારે જાહેર કરેલ પુરેપુરુ રાહત પેકેજ આપીને પ્રજાને પહેલાંની માફક બેઠી કરવાની વિનંતી કરવામાં આવી હતી. જો થરાદ તાલુકાના આમ પ્રજાને સંતોષકારક સર્વેકિ ચુકવણું નહી કરવામાં આવેતો આગામી ૨૦ મી ઓગસ્ટ બાદ મોટો કાર્યક્રમ આપવામાં આવશે, તેનાથી જે નુકશાન થશે તે તમામ જવાબદારી સરકારની રહેશે તેવી ચમકી પણ આપવામાં આવી હતી.આમ થરાદ તાલુકા ભારતીય કિસાનસંઘ મેદાનમાં આવતાં વળતર વગર રહી ગયેલા ખેડુતોમાં સહાયની મળવાની નવી ચેતનાનો સંચાર થવા પામ્યો હતો.

## સ્થાનિક બજાર ભાવ

| | |
|---|---|
| **ચોકસી બજાર** | (કીલોના) |
| **ચાંદી ચોરસા** | **૩૮૫૦૦-૩૯૦૦૦** |
| રૂપુ કાચું | ૩૮૫૦૦-૩૯૦૦૦ |
| સોનુ તોલો | ૨૯૦૦૦-૨૯૩૦૦ |
| **તેલ બજાર** | |
| **રાધે પામોલીન** | **૮૯૦-૯૦૦** |
| પામોલીન | ૮૮૫-૯૫૦ |
| સોયા રીફાઈન | ૧૨૧૦-૧૨૨૦ |
| રાયડાતેલ ૧૫કી. | ૧૧૧૦-૧૨૭૦ |
| સીંગતેલ૧૫ કી. | ૧૬૦૦-૧૬૩૦ |
| સીંગતેલ ૧૫ લી. | ૧૫૦૦-૧૫૨૦ |
| સીગતેલ ૫ લી. | ૫૦૦ |
| તિરૂપતી કપા. | ૧૨૬૦ |
| ૫ લીટર | ૪૧૦ |
| વનસ્પતિ ઘી | ૧૦૦૦-૧૧૦૦ |
| કોપરેલ ૧૫ કિલો | ૨૩૦૦ |
| ૫ કે. કોપરેલ | ૮૪૦ |
| ૫લી. અંકુર સીંગતેલ | ૫૦૦ |
| **૧૫ લીટર સનફલાય** | **૧૧૮૦** |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. | ૧૨૨૦ |
| ૫ લી. | ૩૭૦ |
| ૨ લી. | ૧૫૭ |
| **ચોખા-દાળ બજાર** | |
| (૧૦૦ કીલોના ભાવ) | |
| ગેટવે પ્રીમીયમ | ૮૫૦૦ |
| ગેટ વ. રોયલ | ૬૦૦૦ |
| ગેટવે રેગ્યુલર | ૫૨૦૦ |
| ગેટવે રીઝાના | ૪૪૦૦ |
| ગેટવે એવરેડી | ૪૦૦૦ |
| ગેટવે ડેઈલી | ૩૫૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી. | ૧૪૦૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી. | ૧૪૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી. | ૧૧૨૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી. | ૧૨૩૦૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી. | ૧૧૬૦૦ |
| ઈ.ગેટ સુપર ૧ કી. | ૧૦૫૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી. | ૮૧૦૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી. | ૭૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧ કી. | ૮૦૦૦ |
| દુન પ્રીમીયમ | ૯૦૦૦ |
| દુન તીબાર ૨૫ કી. | ૭૭૦૦ |
| દુન તીબાર ૧૦ કી. | ૭૨૦૦ |

| | |
|---|---|
| દુન તીબાર ૫ કી. | ૮૨૦૦ |
| દુન તીબાર ૧ કી. | ૮૨૦૦ |
| હાથી ૧૧૨૧ | ૬૮૦૦ |
| બેસ્ટ પ્રીમીયમ | ૭૫૦૦ |
| નર્મદા મગ પોલીસ | ૫૮૦૦ |
| મગદાળ નર્મદા સુપર | ૫૮૦૦ |
| નર્મદા મગ મોગર | ૬૫૦૦ |
| મગમોગરનર્મદાપ્રીમી | ૬૫૦૦ |
| નર્મદા અડદદાળ | ૮૫૦૦ |
| અડદદાળ નર્મદા પ્રી. | ૮૦૦૦ |
| દુન દેહરાદુન દુબાર જુના | ૭૦૦૦ |
| દુન દહેરાદૂન મીની દુબારજુના | ૫૦૦૦ |
| દુન દહેરાદૂન સુ.મો.જુના | ૪૫૦૦ |
| દુન દહેરાદૂન મી.મો.જુના | ૩૮૦૦ |
| દુન કણકી જુની | ૩૦૦૦ |
| ઈન્ડિયા ગેટ મીની જુના | ૪૫૦૦ |
| ઈન્ડિયા ગેટ મોગરો | ૪૪૦૦ |
| ઈન્ડિયા ગેટ કણકી | ૨૮૦૦ |
| ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા | ૬૮૦૦ |
| હાથી ૮૧૭ આખા નવા | ૭૭૦૦ |
| હાથી૮૧૭ નવા દુબાર પાંણાં | ૫૮૦૦ |
| તુવરદાળ કૃષ્ણા | ૮૫૦૦ |
| તુવરદાળ રેંટીયો કિ.૫ | ૯૦૦૦ |
| તુવરદાળ ખીડીયાર | ૫૮૦૦ |
| દાવત સીલેકટનવા | ૮૮૦૦ |
| દાવત સુપર જુના | ૯૮૦૦ |
| દાવત દીલખુશ નવા | ૭૫૦૦ |
| દાવત દીલખુશ જુના | ૬૫૦૦ |
| દાવત દુબાર જુના | ૬૦૦૦ |
| દાવત રોઝાના જુના | ૫૫૦૦ |
| દાવત ૭૦ જુના | ૪૧૦૦ |
| દાવત ૬૦ મીની જુના | ૩૨૦૦ |
| લાલ કીલ્લો મેજીસ્ટીક | ૯૦૦૦ |
| લાલ કીલ્લો પ્રીમીયમ | ૮૦૦૦ |
| લાલ કીલ્લો તીબાર | ૭૦૦૦ |
| લાલ કિલ્લો દુબાર | ૫૫૦૦ |
| લાલ કિલ્લો મોગરો | ૪૫૦૦ |
| હેરીટેઝ એક્ષએક્ષએલ | ૮૫૦૦ |
| હેરીટેજ તીબાર | ૭૨૦૦ |
| હેરીટેજ દુબાર | ૫૫૦૦ |
| હેરીટેજ મીની દુબા | ૪૫૦૦ |
| કાયનાત પી | ૮૫૦૦ |
| કાયનાત સુપર | ૮૦૦૦ |
| કાયનાત | ૬૮૦૦ |
| રાજા બાસમતી | ૪૦૦૦ |
| કુરૂક્ષેત્ર | ૫૮૦૦ |
| એપ્પલ પ્રીમીય | ૪૮૦૦ |

| | |
|---|---|
| ઓરેન્જ | ૫૬૦૦ |
| દાવત અપ્સરા | ૫૦૦૦ |
| જીરાસર ચંદન | ૨૮૦૦ |
| ચણાદાળ ૪૪૪ | ૮૮૦૦ |
| મગદાળ સમરદીપ | ૭૨૦૦ |
| મગમોગર રીયલ | ૮૦૦૦ |
| અડદદાળ અક્ષર | ૮૩૦૦૦ |
| મગ | ૫૭૦૦ |
| અંગુર તુવેરદાળ | ૬૦૦૦ |
| અંગુરતુવેરદાળઆયાતી | ૬૪૦૦ |
| ગાય છાપ તુવેરદાળ | ૬૦૦૦ |
| કિસાન તુવેરદાળ | ૬૨૦૦ |
| પરખ ગોલ્ડ પ્રીમીયમ | ૬૦૦૦ |
| પરખ સ્પેશીયલ | ૫૨૦૦ |
| લાલપરી તીબાર જુના | ૪૨૦૦ |
| લાલપરી દુબાર જુના | ૩૮૦૦ |
| લાલપરી સ્પેશી.નવા | ૪૪૦૦ |
| લાલપરી દુબાર નવા | ૩૯૦૦ |
| રોયલ ટેસ્ટ બાસમતી | ૪૦૦૦ |
| લાલમંદિર બાસમતી | ૩૬૦૦ |
| **ખાંડ બજાર** | |
| (બોરીના ભાવ) | |
| **ખાંડ એસ.** | **૩૮૫૦-૩૯૦૦** |
| **ખાંડ એમ.** | **૪૦૦૦** |
| ખાંડએલ. | ૪૦૫૦-૪૦૦૦ |
| **ચા-બજાર** | |
| સુરજ છાપ ચા | ૩૦૦ |
| હરણ છાપ ચા | ૨૨૦ |
| **આખા મરચાં-હળદર** | |
| હળદર આખી રાજાપુરી | ૭૦-૧૨૦ |
| હળદર આખી રાજાપુરી ગટ્ટા | ૧૦૦-૧૪૦ |
| હળદર આખી સેલમ | ૯૦ |
| હળદર તળેલી સાંગલી | ૮૦ |
| મરચા વન્ડર હાટ | ૨૦૫૦ |
| મરચા વન્ડર મીડીયમ | ૧૭૦૦ |
| મરચા તેજા | ૧૮૦૦ |
| મરચું ગંટુર મીડીયમ | ૧૯૦૦-૨૦૦૦ |
| મરચા ટોમેટો | ૨૨૦૦ |
| મરચા ટોમેટો મીડીયમ | ૧૯૦૦ |
| કાશ્મીરી | ૯૦ |
| કાશ્મીરી મમરી | ૯૦ |
| સુપર પટની ૧૦૫ | |
| સુપર રજવાડી | ૧૯૦ |
| મરચા ડેડીકટ | ૧૨૫ |
| મરચાં | ૫૮૦૦ |
| **ગોળ બજાર** | |
| વડેચા ગોલ્ડ ૧૦ કે | ૪૪૦૦ |

| | |
|---|---|
| વડેચા રજી ૧૦ કે. | ૪૬૦૦ |
| વડેચા ૫ કી. | ૪૮૦૦ |
| વડેચા ૧ કી. | ૫૦૦૦ |
| વડેચા ૨૫૦ ગ્રામ | ૫૦૦૦ |
| સાંગલી ૧૦ કે. | ૪૩૦૦ |
| **ખોળ બજાર** | |
| દાણ ૭૦ કી.ગ્રા. | ૬૫૦ |
| મોરબી ખોળ | ૧૨૫૦-૧૨૮૦ |
| જીરાળુ | ૧૯૦૦-૨૦૦૦ |
| ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. | ૯૨૦-૧૫૪૦ |
| મકાઈ ૩૫ કી.ગ્રા. | ૫૯૦ |
| જવ ભરડો ૩૫ કી.ગ્રા. | ૬૦૦ |
| **પરચુરણ** | |
| સોજી | ૮૬૦ |
| મેંદો | ૮૬૦ |
| શ્રીફળ એમ. | ૮૮૦ |
| નિરમા સાબુ | ૫૨૫ |
| મેદી | ૬૦-૧૦૦ |
| અજમો | ૧૫૦-૨૪૦ |
| સાકરીયા | ૪૫૦૦ |
| ખાંડ બુરૂ | ૪૨૦૦ |
| કોકમ ફુલ | ૧૮૦ |
| એલચી | ૧૧૦૦-૧૪૦૦ |
| મોરૈયો | ૬૫-૯૪ |
| તલ | ૯૦-૧૦૦ |
| ખસ-ખસ | ૩૫૦-૫૮૦ |
| સીંગદાણા | ૬૫-૮૦ |
| **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** | |
| દુધી | ૪૦૦-૫૦૦ |
| સુકી ડુંગળી | ૫૮૦-૬૦૦ |
| લસણ | ૭૦૦-૮૦૦ |
| ધાણા | ૯૦૦-૧૨૦૦ |
| મરચાં | ૧૨૦૦-૧૪૪૦ |
| લીંબુ | ૩૦૦-૪૦૦ |
| અડવી પત્તા | ૨૦૦-૪૦૦ |
| આદુ | ૮૦૦૦-૧૦૦૦ |
| રીંગણ | ૬૦૦-૮૦૦ |
| ટામેટા | ૧૪૦૦-૧૬૦૦ |
| ભીંડા | ૫૦૦-૭૦૦ |
| કોબી | ૨૮૦-૪૬૦ |
| વટાણા | ૯૦૦-૧૧૦૦ |
| ટીંડસા | ૭૦૦-૮૦૦ |
| **ગવાર** | **૧૦૦૦-૧૨૦૦** |
| બાદશાહ બટાકા | ૨૦૦-૨૨૦ |
| સાંગા બટાકા | ૧૨૦-૧૪૦ |
| ચોળી | ૧૨૦૦-૧૬૦૦ |
| તુરીયા | ૮૦૦-૧૦૦૦ |

**રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....**

**‘જન્મદિન મુબારક’ માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★ ‘રખેવાળ’ માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :...................... પતિ/પિતા :......................
માતા : ......................જ.તા. ................ઉ.વ.
પરિચય: ........................................................
સરનામુ : ......................................................
મોકલનારની સહી : ............................................

## ડીસાથી ભીનમાળના ૨૩ માં પદયાત્રી સંઘનું આયોજન

ડીસા

રાજસ્થાનના ભીનમાળ નગરે બિરાજમાન શ્રી રાજરાજેશ્વરી ક્ષેમંકરી દેવી ખીમજ ભવાનીના દર્શને ડીસાથી ૨૩ માં પદયાત્રિ સંઘનું આયોજન કરવામાં આવ્યું છે.આ પદયાત્રિ સંઘ તા.૧૭/૦૯/૨૦૧૭ ને રવિવારે સવારે ૯:૦૦ કલાકે લાઠી બજાર, શક્તિચોકથી પદયાત્રી વાજતે-ગાજતે પ્રસ્થાન પામશે.સંઘમાં જોડાવવા ઈચ્છતા ક્ષેમંકરી દેવીના કંદોરીયાઓને તા.૧/૦૯/૨૦૧૭ સુધીમાં મો.નં. ૯૪૨૬૬૧૮૧૫૯ ઉપર સંપર્ક કરી નામ નોંધાવી લેવાનું રહેશે.

## પૂર અસરગ્રસ્તોને સહાય ચુકવવાનું કામ પૂરજોશમાં ચાલુ : કલેકટર રાણા

પાલનપુર

બનાસકાંઠા જિલ્લા કલેકટર દિલીપ રાણાએ જણાવ્યુ છે કે પૂર અસરગ્રસ્ત બનાસકાંઠા જિલ્લામાં ઝડપભેર પૂર્વવત સ્થિતિનું નિર્માણ થઇ રહ્યું છે. જિલ્લાના તમામ ગામોમાં વીજળી અને પાણી સહિત તમામ સુવિધાઓ ચાલુ થઈ ગઈ છે. મોટાભાગના રસ્તાઓ ચાલુ હોવાથી એસ.ટી. બસના તમામ રૂટો પણ ચાલુ છે. તેમણે કહ્યું કે પૂર અસરગ્રસ્તોને સહાય ચુકવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. અત્યાર સુધી ૭,૬૧,૦૦૦ લોકોને રૂ.૪૧.૮૮ કરોડની કેશડોલ ચુકવવામાં આવી છે. સંખ્યાબંધ ટુકડીઓ દ્વારા પાક નુકશાન અને જમીન ધોવાણ અંગેના સર્વે કરવામાં આવી રહ્યા છે. કલેકટરએ કહ્યું કે પશુપાલકોને પશુ મૃત્યુ સહાય પેટે રૂ.૧૩.૦૦ કરોડ ચુકવવામાં આવ્યા છે.

## ધાનેરામાં ટેલીફોન સેવા બંધ હાલતમાં

ધાનેરા

ધાનેરામાં વરસાદ આવ્યા બાદ ટેલીફોન બંધ થઈ ગયા છે પરંતુ તા.૨૪/૭/૨ થી ૭/૮/૨૦૧૭ ૧૫ દિવસ થયા છતાં કોઈ ટેલીફોન ચાલુ થયા નથી આ બાબતે બી.એસ.એન.એલ. તંત્ર ટેલીફોન ચાલુ કરે તેવી લોકોની માંગણી છે જો ટેલીફોનો ઝડપી ચાલુ નહી થાય તો લોકો અન્ય કંપનીઓ તરફ મોબાઈલ નેટવર્કનો ઉપયોગ કરતાં થઈ જશે.

## ગોકુલ ગ્લોબલ સ્કુલ માં “રક્ષાબંધન” પર્વ ની ઉજવણી

ગોકુલ એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલિત “ગોકુલ ગ્લોબલ સ્કુલ”માં તા:૦૫/૦૮/૨૦૧૭ ના રોજ ભાઈ બહેન ના પવિત્ર તહેવાર એવા રક્ષાબંધન પર્વ ની ઉજવણી કરવામાં આવી.સ્કુલ ની વિદ્યાર્થીની ઓ દ્વારા સુંદર મજાનું ગીત રજુ કરવામાં આવ્યું. આ કાર્યક્રમ માં શિલ્પા મેડમે અનેક દ્રસ્ટાતો દ્વારા આ પર્વ ની વિશેષતા સમજાવી .સંગીત શિક્ષકો શ્રી મુકેશ સર તથા અંકિત સરે ભાઈ –બહેન ના પવિત્ર પ્રેમ ને ઉજાગર કરતા હિન્દી તથા ગુજરાતી ગીતો રજુ કરી વાતાવરણ ને આનંદમય બનાવ્યું હતું.તથા બહેનો એ પોતાના ભાઈઓ ને કુમ-કુમ તિલક કરી આરતી ઉતારી ભાઈ ને રાખડી બાંધી સુભાસીશ આપ્યા. સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્યશ્રી સુધીર હાડકે સર ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યુ.

## રક્ષાબંધન પર્વની ઉજવણી



ચંદુભાઈ મકવાણા

પાલનપુર તાલુકાના સામઢી રાણાજીવાસ ગામે ભાઈ-બહેનના હેતના પર્વ રક્ષાબંધનની ઉમંગ અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

## પ્રાચી દેસાઈએ કાર્બન ફિલ્મ માટે કોઈ પણ ફી લીધી નથી



બોલિવુડ અભિનેતા અને ફિલ્મ નિર્માતા જકી ભગનાનીએ ખુલાસો કરતા કહ્યુ છે કે અભિનેતા નવાજુદ્દીન સિદ્ધીકી અને અભિનેત્રી પ્રાચી દેસાઈએ તેમની ટુંકી ફિલ્મ કાર્બનમાં કામ કરવા માટે કોઈ ફી લીધી નથી. આ ફિલ્મ પર્યાવરણ પર આધારિત છે. ફિલ્મમાં નવાજુદ્દીનને લેવાની યોજના પહેલાથી જ તૈયાર કરવામાં આવી હતી. પહેલા એવુ લાગ્યુ હતુ કે નવાજુદ્દીન ફિલ્મમાં કામ કરવા માટે સહમત થશે નહી. જો કે તેઓ તૈયાર થઈ ગયા હતા. એટલુ જ નહી બલ્કે ફી પણ લીધી નથી. નવાજુદ્દીન હવે મોટા સ્ટાર તરીકે છે. જેથી તે કામ કરશે નહી તેમ લાગી રહ્યુ હતુ. જેકી ભગનાનીએ કહ્યુ છે કે ફિલ્મ માટે વધારે બજેટ ન હતુ. ફિલ્મના કલાકારો ફ્રીમાં કામ કરવા માટે તૈયાર થયા હતા. જેકીએ કહ્યુ હતુ કે તે તેનો ફિલ્મી પ્રોજેક્ટ છે. ફિલ્મમાં પ્રાચીએ પણ કોઈ ફી લીધી નથી. કાર્બન વર્ષ ૨૦૬૭ની સ્થિતી પર આધારિત ફિલ્મ છે. આ ટુંકી ફિલ્મ ખુબ અસરકારક સાબિત થઈ શકે છે. આ ફિલ્મ ઓક્સીજનની કમી અને પર્યાવરણની સુરક્ષા સાથે સંબંધિત મામલાને દર્શાવે છે. જેના કારણે ભાવિ પેઢી પર કેવી અસર થશે તે બાબતને ફિલ્મ મારફતે દર્શાવવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આ પિલ્મ લાર્જ શોર્ટ ફિલ્મ નામની યુ ટ્યુબ ચેનલ મારફતે રજૂ કરવામાં આવનાર છે. પ્રાચી દેસાઈ બોલિવુડમાં છેલ્લા કેટલાક સમયથી સક્રિય છે. કોમર્શિયલ સિનેમાં પણ તે કેટલીક મોટી ફિલ્મમાં કામ કરી ચુકી છે. તે ધોનીની લાઈફ પર બનેલી ફિલ્મમાં સુશાંત સાથે પણ નજરે પડી હતી. જ્યારે નવાજુદ્દીન હવે લોકપ્રિય સ્ટાર તરીકે ઉભરી આવવામાં સફળ સાબિત થઈ ચુક્યો છે. તેની પાસે હાલ અનેક ફિલ્મ છ. સલમાન સાથેની કિક અને બજરંગી ભાઈજાનમાં પણ તેની શાનદાર ભૂમિકા હતી. તે તેની એક્ટિંગ કુશળતાના કારણે લોકપ્રિય છે.

મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા

રખેવાળ

## રાધનપુરમાં કોંગ્રેસની આતશબાજી




પ્રતિનિધિ રાધનપુર

રાજ્યસભામાં સોનિયા ગાંધીના રાષ્ટ્રિય સલાહકાર અહેમદભાઈ પટેલનો ઝળહળતો વિજય થતા રાધનપુરમાં તાલુકા અને શહેર કોંગ્રેસ દ્વારા વડપાસર તળાવના કિનારે આતશબાજી કરવામાં આવી હતી અને કાર્યકરોએ મીઠાઈ ખવડાવી એકબીજાને મોં મીઠા કરાવ્યા હતા.આ પ્રસંગે શહેર કોંગ્રેસ પ્રમુખ કાનજીભાઈ પરમાર ઉસ્માનભાઈ વોરા, ફારૂકભાઈ મેમણ, જોરાજી ઠાકોર, હમીરજી ઠાકોર, કેશાજી ઠાકોર, મહિલા અગ્રણી સવિતાબેન શ્રીમાળી સહિત અગ્રણીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## રાધનપુર શ્રીરામ સેવા સમિતિના સદસ્યો જલોત્રાની મુલાકાતે



પ્રતિનિધિ રાધનપુર

રાધનપુરની શ્રીરામ સેવા સમિતિ દ્વારા દર વર્ષે ભાદરવી પૂનમે અંબાજી પગપાળા જતાં યાત્રીઓ માટે જલોત્રામાં સેવા કેમ્પ શરૂ કરવામાં આવે છે. જેમાં જમવા ઉપરાંત દવાઓ અને આરામની સેવા અપાય છે. સંસ્થાના પ્રમુખ પ્રકાશભાઈ દક્ષિણી, નારણભાઈ રાઠોડ, સતીષભાઈ ઠક્કર, દિપકભાઈ ખમાર, મહેશભાઈ ઠક્કર, સહિત કાર્યકરોએ જલોત્રાની મુલાકાત લઈને કેમ્પની જગ્યાનું નિરીક્ષણ કર્યું હતું.

## પાટણમાં પીંપળાશેરના નાકે દબાણ હેઠળની ચાની લારીથી ટ્રાફીક ગંભીર

પાટણ

પાટણના મુખ્ય બજારમાં આવેલ પીંપળાશેરના નાકે છેલ્લા કેટલાક સમયથી દબાણ કરીને ચાની લીરી શરૂ કરવામાં આવતાં આ રસ્તા પર ટ્રાફીક સમસ્યા ગંભીર બની છે.આ દબાણવાળી જગ્યા પર વર્ષે અગાઉ પાનની દુકાન હતી જે સરકારી દબાણમાં તોડી નાંખી રસ્તો પહોળો કરવામાં આવ્યો હતો.હવે આજ જગ્યાએ ચાની લારી શરૂ થતાં વાહન ચાલકોને આવ-જા કરવામાં ભારે મુશ્કેલી રહે છે.

અત્રે જાણવું ઘટે કે પીંપળાશેરમાં અંદરના ભાગે જૈન દેરાસર આવ્યું હોવાથી જૈન ભાઈ-બહેનો પીંપળાશેરના નાકેથી અવર જવર કરતા હોય છે.ત્યારે ચાની લારી અડચણ રૂપ હોવાથી સ્થાનિક તંત્ર દ્વારા આ લારીને અન્યત્ર ખસેડવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે.

## અમરજ્યોત ઈન્ટરનેશનલ સ્કૂલ, રાધનપુરની "પ્લાન્ટ વિઝીટ"

રાધનપુર

હિંમત વિદ્યાનગર સ્થિત શ્રી અમરજયોત એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી અમરજયોત ઈન્ટરનેશનલ સ્કૂલ (દાતા : શ્રીમતી ઈન્દુબેન વસંતલાલ ઝોટા, મુંબઈ) માં દર વર્ષની જેમ આ વર્ષે પણ ધો.૫ તથા ધો.૬ ના બાળકોની 'પ્લાન્ટ વિઝીટ' થઈ ગઈ. અગાઉ સોલાર પાર્ક, પવન ઉર્જા, મીનરલ વોટર પ્લાન્ટ વગેરે પ્લાન્ટોની વિઝીટ બાદ આ વર્ષે મહેસાણા દૂધસાગર ડેરીની મુલાકાત લીધી હતી. જેમાં મહેસાણા દૂધ સાગર ડેરીના વિવિધ વિભાગોમાં જેમાં દૂધ, માખણ, ઘી, છાસ, પાવડર તથા અન્ય બનાવટો અંગે બાળકોએ માહિતી મેળવી હતી. પ્લાન્ટ વિઝીટ આયોજન પ્રિન્સિપાલ મેઘાબેન જે.ઠક્કર દ્વારા કરાયુ હતું. જેમાં સહયોગી સ્ટાફ તરીકેની ભુમિકા દિશાબેન ગોકલાણી, વૈશાલીબેન પટેલ, કો.ઓડિનેટર જયેશ રાવલ, એમીનીસ્ટ્રેટર કૃણાલ ઠક્કર, સુપરવાઈઝર મીત્તલ આર. ઠક્કર, હાથીભાઈ ભરવાડે નિભાવી હતી.

આવા વિશિષ્ટ કાર્યક્રમો કરવા બદલ પ્રમુખ ડો.મહેશભાઈ મુલાણી, મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદભાઈ કે.ઠક્કર, ઓનેરરી સેક્રેટરી ડો. નવિનભાઈ ઠક્કર તેમજ કોષાધ્યક્ષ ધીરૂધાઈ પી.ઠક્કર (પંપવાળા) એ શુભેચ્છાઓ પાઠવી હતી.

## વિવિધ બજાર ભાવ

| | | | | | |
|---|---|---|---|---|---|
| | ડીસા | એરંડા | ૮૧૨-૮૩૬ | જુવાર | ૪૦૦-૬૮૧ |
| ઘઉં | ૩૦૫-૩૪૫ | જીરૂ | ૩૨૦૦-૩૪૦૦ | બાજરી | ૨૨૦-૨૬૧ |
| જુવાર | ૬૭૧-૮૧૧ | ઈસ. | ૧૯૧૧ | ૨જ.બા. | ૨૨૦-૨૯૫ |
| બાજરી | ૧૬૦-૨૫૪ | | વડગામ | અડદ | ૬૬૦-૭૦૫ |
| એરંડા | ૮૫૫-૮૭૭ | ઘઉં | ૨૯૬-૩૧૭ | ગવાર | ૬૩૫-૬૬૧ |
| રાયડો | ૬૪૨-૬૭૨ | બાજરી | ૧૭૦-૨૫૩ | | થરા |
| મગફળી | ૪૧૧-૮૬૩ | એરંડા | ૮૫૫-૮૬૦ | જીરૂ | ૨૯૫૧-૩૩૫૫ |
| રાજગરો | ૬૫૦-૭૯૨ | ગવાર | ૬૫૬ | એરંડા | ૮૫૫-૮૭૨ |
| | ડીસા | | પાટણ | રાયડો | ૬૩૦-૬૫૦ |
| એરંડા | ૮૪૫-૮૬૮ | જીરૂ | ૨૯૮૦-૩૪૭૦ | ગવાર | ૬૧૨-૬૫૩ |
| રાયડો | ૬૪૧-૬૫૮ | વરીયાળી | ૭૪૫-૯૯૫ | ઘઉં | ૩૦૮-૩૩૧ |
| ઘઉં | ૩૪૧ | મેથી | ૪૫૦-૪૮૦ | બાજરી | ૨૨૬-૨૫૦- |
| બાજરી | ૨૪૧-૨૭૩ | સુવા | ૭૮૫-૯૦૦ | જુવાર | ૫૬૦-૮૦૧ |
| રાજગરો | ૭૭૫-૮૧૬ | રાયડો | ૬૨૦-૭૦૦ | અડદ | ૯૦૦-૯૨૧ |
| મગફળી | ૪૭૦-૮૩૧ | એરંડા | ૮૨૦-૮૮૦ | | |
| | વાવ | ઘઉં | ૩૧૪-૩૪૨ | | |

## મેઘરજ તાલુકાના દસ ગામડાઓમાં વીજ ચોરી અંગે દરોડા : એક લાખનો દંડ

મોડાસા

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં વીજ બોર્ડની તપાસ ટુકડી દ્વારા દસ જેટલા ગામડાઓમાં દરોડા પાડીને રૂા.૧ લાખની વીજ ચોરી ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જાણવા મળતી વિગતો અનુસાર મેઘરજ તાલુકામાં વ્યાપક પ્રમાણમાં લંગરીયા નાંખીને અને સીંગલ ફેજમાંથી વ્યાપક પ્રમાણમાં વીજ ચોરી થતી હોવાની બાતમી મળતા યુ.જી.વી.સી.એલ.ના અધિકારીઓ દ્વારા તાલુકામાં ૧૦ થી ૧૨ જેટલી વિદ્યુત બોર્ડની ગાડીઓના કાફલા સાથે મેઘરજ, ધનસુરા, મોડાસા, ટીંટોઈ, માલપુર સહિતની ઓફીસોના ડેપ્યુટી એન્જીનીયરો, લાઈનમેનો સહિત કર્મચારીઓએ તાલુકાના ખોડીવાવ, રાજપુર, ડંભરોડા, ડામોર ઢુઢા, દાંતી અને બચકા ગામ સહિતના ૧૦ જેટલા ગામડાઓમાં દરોડા પાડ્યા હતા. જેમાં ખેડૂતોએ થાંભલા ઉપર લંગરીયા નાંખી અને સીંગલ ફેઝથી ૧૨ થી ૧૫ જેટલા કનેક્શનોમાં વ્યાપક પ્રમાણમાં વીજ ચોરી કરતા ખેડૂતોને રૂા.૧ લાખ ઉપરાંતનો દંડ ફટકારી કાયદેસરની કાર્યવાહી કરી છે.

## પાટણમાં શ્રવણી પૂનમ નિમિત્તે મંદિરોમાં દર્શનાર્થીઓની ભીડ

પાટણ

પાટણમાં રક્ષાબંધનના દિવસે છીંડીયા દરવાજા નજીક આવેલ રામજીમંદીર, અંબાજી મંદિર તેમજ સિધ્ધનાથ મહાદેવના મંદિરમાં દર્શનાર્થે લોકોની ભારે ભીડ રહેવા પામી હતી.શ્રાવણી પૂનમ હોવાથી અંબાજી મંદિરમાં સવારથી માઈ ભક્તો માતાજીની પૂજા-અર્ચના કરવા ઉમટી પડ્યા હતા.

જ્યારે કાળકા મંદિર ખાતે પૂનમ નિમિત્તે મોડી સાંજ સુધી દર્શનાર્થીઓની ભીડ રહેવા પામી હતી.દર પૂનમે માતાજીને સુંદર રીતે શણગારવામાં આવે છે.જ્યારે સિધ્ધનાથ મહાદેવ મંદિર પરિસરમાં દર્શનાર્થીઓની ભીડ રહેવા પામી હતી.જ્યારે ત્રણ દરવાજા પાસે આવેલ મહાલક્ષ્મી મંદિરમાં પૂનમ નિમિત્તે ખાસ પૂજા વિધિ વિધાન કરવામાં આવેલ.

અત્રે નોંધવું ઘટે કે પાટણમાં આવેલા નિલકંઠમંદિરમાં સત્સંગ કાર્યક્રમ રાખવામાં આવેલ.

## ટ્રાફિકની સમસ્યાનુ કોઈ નિરાકરણ નહીં, નો પાર્કીંગ ઝોનમાં પણ વાહનોનો અડીંગો

હિંમતનગર

હિંમતનગર પાક'ગ વ્યવસ્થાના અભાવે ટ્રાફીકની ભયંકર સમસ્યાનો સમનો કરવો પડી રહ્યો છે. કોઈ જ નિયમો જાહેર નામાનો અમલ થતો નથી નગરપાલિકા દ્વારા વાહનોની સંખ્યા વધવા છતાં પર્યાપ્ત પાક'ગની સુવિધા ઉભી કરી શકાઈ નથી. બીજી બાજુ કોમર્શિયલ કોમ્પલેક્ષ દ્વારા પાલિકાતંત્રને આંખે પાટા બાંધવા જેવી નિરૂપયોથી પાર્કિંગ સુવિધા બનાવવામાં આવતા વાહનોનો રોડ ઉપર જ ઝમેલો જોવા મળે છે.

૬ જેટલા સ્થળોનો પાક'ગ ઝોન જાહેર કરવામાં આવ્યા હોવા છતાં શટલીયા રીકશાઓ, જીપો, લારી-પાથરણાવાળાઓ અડીંગો જમાવીને બેસે છે. આ તમામ બાબતોથી પાલિકાતંત્ર અને પોલીસ સારી રીતે પરીચીત છે. કલેક્ટરના જાહેરનામાનો પણ અમલ થતો નથી. પાલિકા દ્વારા જાહેર કરાયેલા પાક'ગ સ્થળો પર્યાપ્ત નથી તેમાંયે કલેક્ટર કચેરી આગળ ફોર વ્હીલર માટે જે પાક'ગ સ્થળ ફાળવવામાં આવ્યુ છે.

ભાડે ફરતાં વાહનો જ દિવસ દરમિયાન અડીંગો જમાવે છે તદ્દપરાંત ટાવર રોડ સિવિલ રોડ સહિતના વિસ્તારમાં લારી પાથરણા બજારનો અડીંગો જમાવેલો જોવા મળે છે. પરાકાષ્ટા તો ત્યારે સર્જાય છે કે શહેરનો નાગરીક થોડા સમય માટે વાહન મૂકીને દુકાનમાં ખરીદી કરવા જાય છે અને ટોઈગવાળા આવીને રૂ.૧૦૦ નો તમાચો મારે છે. તંત્રના વાંકે નાગરીકોના ખિસ્સા ખાલી થાય છે અને ટ્રાફીકની સમસ્યા વધારામાં.બસ સ્ટેન્ડના ૫૦૦ મીટરના વિસ્તારમાં નો પાક'ગ ઝોન જાહેર કરાયો છે તેમ છતાં ટેક્ષીઓ માટે હેત છલકાતુ હોય તેમ બસ સ્ટેન્ડને અડીને પૂલના છેડે અને બસ સ્ટેન્ડની પાછળ રેલ્વેની બાજુમાં ટેક્ષીઓ માટે પાક'ગ ફાળવવામાં આવ્યુ છે!

## રાધનપુર તાલુકામાં ઈન્ડિયન રેડક્રોસ દ્વારા સોનપાપડીનું વિતરણ

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર તાલુકાના જવાહરનગર, થુંબડી, અમીરપુરા, શેરગઢ, શબ્દલપુર તથા શહેરના બસસ્ટેન્ડ નજીકના પૂરગ્રસ્ત વિસ્તારોમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના ઉપક્રમે, ગુજરાત સરકારના પૂર્વ મુખ્ય સચિવ પી.કે.લહેરીની પ્રેરણાથી સદવિચાર પરિવાર, અમદાવાદ દ્વારા નમકીન અને સોનપાપડીના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાખાના ઉત્સાહી પ્રમુખ ડૉ. નવિનભાઈ ઠક્કર, સેક્રેટરી રઘુરામભાઈ ઠક્કર,



જોઈન્ટ સેક્રેટરી કાંતિભાઈ નાયી, નિવૃત વિસ્તરણ અધિકારી વિઠ્ઠલભાઈ બી. પરમાર, નિવૃત ગ્રામસેવક બળદેવભાઈ પી. સાધુના હસ્તે વિતરણ કરાયું હતું. આ ઉપરાંત સોમનાથ મંદિર ટ્રસ્ટ દ્વારા બાજરી અને મગનું વિતરણ કરવામાં આવનાર છે.સદવિચાર પરિવાર દ્વારા કિંમતી દવાઓ પણ મોકલવામાં આવી રહી છે.

## કેરિયરમાં પ્રથમ વખત ટોપ ત્રણમાં સામેલ

### ઓસ્ટ્રેલિયન કેપ્ટન સ્મિથ ૯૪૧ રેટિંગની સાથે પ્રથમ ક્રમે જ્યારે કોહલી-રહાણે ક્રમશઃ પાંચમાં, છઠ્ઠા ક્રમાંકે

કોલંબો

ચેતેશ્વર પુજારા આઈસીસી ટેસ્ટ બેટિંગ રેન્કિંગમાં શાનદાર દેખાવ કરીને હવે ત્રીજા સ્થાને પહોંચી ગયો છે. હાલમાં શ્રીલંકા સામે રમાઈ રહેલી ત્રણ ટેસ્ટ મેચોની શ્રેણીમાં એક પછી એક સદી પુજારાએ ફટકારી છે. શરૂઆતની બંને ટેસ્ટ મેચોમાં પુજારાએ સદી ફટકારી છે. પુજારાએ પ્રથમ ટેસ્ટમાં ૧૫૩ અને ત્યારબાદ કોલંબોમાં શિંઘાલી સ્પોટ્ર્સ ગ્રાઉન્ડ ખાતે ૧૩૩ રન ફટકાર્યા હતા. આ ટેસ્ટ મેચ ભારતે એક ઈનિંગ્સ અને ૫૩ રને જીત મેળવી હતી. રહાણે પણ કોલંબો ટેસ્ટમાં ૧૩૨ રન ફટકારી ગયો હતો. આની સાથે જ ભારતીય બેટ્સમેનો રેંકિંગમાં આગળ રહ્યા છે. આઈસીસી ટેસ્ટ બેટિંગ રેન્કિંગની વાત કરવામાં આવે તો આમા ભારતીય બેટ્સમેનોનું પ્રભુત્વ રહ્યું છે.

અલબત્ત પ્રથમ સ્થાનઓસ્ટ્રેલિયન કેપ્ટન સ્ટિવ સ્મિથ અને બીજા ક્રમે જોઈ રુટ રહ્યો છે પરંતુ આ યાદીમાં ટોપ પાંચમાં ભારતના ચેતેશ્વર પુજારા, વિરાટ કોહલી સામેલ છે. આ ઉપરાંત રહાણે છઠ્ઠા સ્થાને છે. ભારતીય ટીમે છેલ્લે સતત આઠ ટેસ્ટ શ્રેણી જીતી છે. ટેસ્ટ ક્રિકેટમાં આ શાનદાર દેખાવ બદલ કેટલાક ખેલાડીઓની ભૂમિકા ચાવીરુપ રહી છે.

આ દેખાવમાં ચેતેશ્વર પુજારા અને રવિન્દ્ર જાડેજાની જોડી ઘાતક તરીકે ઉભરી આવી છે. બેટિંગમાં ચેતેશ્વર પુજારા અને બોલિંગમાં રવિન્દ્ર જાડેજા અસરકારક સાબિત થયા છે. જુલાઈ ૨૦૧૬ બાદથી ચેતેશ્વર પુજારાએ ટેસ્ટ ક્રિકેટમાં ૧૮ ટેસ્ટ મેચોમાં છ સદી અને આઠ અડધી સદી ફટકારી છે. જુલાઈ ૨૦૧૬ બાદથી પુજારાએ ૬૪ રનથી વધુની સરેરાશ સાથે ૧૬૭૯ રન કર્યા છે.

## મહેસાણામાં ઘર આગળ બનાવેલ બમ્પ તોડવાનો ઠપકો આપતા હુમલો

મહેસાણા

મહેસાણામાં રામોસણાની ચોકડી પાસે આવેલ રાધાકૃષ્ણ ટાઉનશીપમાં ઘર આગળ બનાવેલ બમ્પ તોડવા અંગે ઠપકો આપતાં બે વ્યક્તિ ઉશ્કેરાઈ ગયા હતા.અને ત્રિકમથી હુમલો કરી મકાન માલિકને ઈજા પહોંચાડી હતી.આ મામલે બંને આરોપીઓ સામે શહેર બી ડીવીઝન પોલીસ મથકે ફરીયાદ નોંધાવા પામી છે.

જાણવા મળતી વિગતો અનુસાર મહેસાણાની રાધાકૃષ્ણ ટાઉનશીપમાં રહેતા રાકેશ મોહનભાઈ પટેલ ટાઉનશિપમાં જ રહેતા રૂષીગીરી ગોસ્વામી અને ધર્મેશગીરી રૂષીગીરી ગોસ્વામી સામે ગત રવિવારે મહેસાણા શહેર બી.ડીવીઝન પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી.

ફરીયાદમાં જણાવ્યા અનુસાર રાકેશભાઈ પટેલના ઘર આગળ પ્લાસ્ટીકના બમ્પ બનાવેલ હોઈ બંને આરોપી રવિવારે બમ્પ તોડવા જતા રાકેશભાઈએ તેઓને રોક્યા હતા.જેથી બંને આરોપીઓએ ઉશ્કેરાઈને ગાળો બોલી ત્રીકમથી હુમલો કર્યો હતો અને ઈજા પહોચાડી હતી.

મહેસાણા શહેર બી ડીવીઝન પોલીસે ફરીયાદના આધારે બંને આરોપીઓ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## સમીના કોડધા ગામનું વાડીલાલ તળાવ ઓવરફલો થતાં આકર્ષણનું કેન્દ્ર બન્યું

પાટણ

પાટણ-બનાસકાંઠામાં વરસેલા મેઘરાજાએ બંને જિલ્લાને પાણીથી તરબોળ કરી દીધા છે.અને સાથે સાથે પુર આવતાં બંને જિલ્લા પુરગ્રસ્ત બન્યા છે.

પાટણ જિલ્લામાં સીઝનનો ૧૭૨ ટકા વરસાદ ઉપરાંત બનાસ નદીમાં પુર આવતાં સમી, હારીજ, રાધનપુર, સાંતલપુરના વિસ્તારોના ગામડાઓમાં તારાજી સર્જાઈ છે.અત્રેના જળસંગ્રહ કરવાના તળાવો પણ ભરાઈ ગયા છે.જેમાં સમીના કોડધા ગામનું વાડીલાલ તળાવ ઓવરફલો થઈ ચૂક્યુ છે.જો કે રણ વિસ્તાર હોઈ કોઈ જાન-માલને નુકશાન થયું નથી.

કોડધાનો વાડીલાલ ડેમ પ્રકૃતિ પ્રેમિયો અને પર્યાવરણની દષ્ટિએ આકર્ષણનું કેન્દ્ર છે.અહીં વિદેશમાંથી વિવિધ જાતના પક્ષીઓ આવી કલરવ કરતાં હોય છે.નવેમ્બરથી ફેબ્રુઆરી સુધી પક્ષીઓ અહીં રેન બસેરા કરે છે.ત્યારે પાણીની આવક ઘણી છે અને હજું અડધો શ્રાવણ અને ભાદરવો આખો મહીનો બાકી છે ત્યારે આ વિસ્તારમાં પાણી યથાવત રહેશે ત્યારે આગામી સમયમાં આ સ્પોટ પિકનીક તેમજ પ્રકૃતિનો લહાવો લોકો લઈ શકશે.આગામી સમયમાં અહીં સ્પોટ પિકનિક થતાં બહારના વિસ્તારના લોકો કુદરતની પ્રકૃતિ નિહાળવા ઉમટી પડશે.જોકે ઘુડખર માટે પાણીનો ભરાવાથી ગંભીર સમસ્યા બની રહેશે.

## પાટણ જિલ્લાના અસરગ્રસ્ત વિસ્તારોમાં ઝડપથી સહાય ચુકવાઈ

પાટણ

જાહેર આરોગ્યની સુવિધા માટે સફાઈ કામગીરી ત્વરીત ધોરણે હાથ ધરાઈ છે. જિલ્લામાં સફાઈ કામગીરી ૨૮ ટીમો,૧૨ જે,સી.બી,૪૧ ટ્રેક્ટર, ૬૫૦ મજૂરો દ્વારા કરવામાં આવી રહી છે. જિલ્લામાં વિવિધ ટીમો દ્વારા ૨૭૩૫૮ કિલોગ્રામ પાવડર વિવિધ વિસ્તારમાં છંટકાવ કરવામાં આવ્યો છે. તેમજ આરોગ્ય વિભાગની ૩૫૪ ટીમો દ્વારા સર્વેની કામગીરી હાથ ધરાઈ છે.

જિલ્લામાં અસરગ્રસ્ત ગામોમાં પાક નુંકશાન,જમીન ધોવાણનું સર્વ શરૂ કરાયું છે. ૪૬૭ ગામોમાં ૨૫૭૯૦ હેક્ટરમા જમીન ધોવાણ,૧૫૯૦૦ હેક્ટર પાક નુંકશાન, અને ૫૧૬ ગામોના ૧૫૯૦૦૦ ખેતી પાક નુંકશાન કપાસ,કઠોળ,જુવાર અને બાગાયાત પાકને નુંકશાનનો સર્વે કરાયો છે પુર અને અતિ વરસાદના સમયે જિલ્લામાં ૧૬૪ ગામોમાં ૩૮૮૬૩ લોકોને સ્થળાંતર કરાયા હતા જેઓને ૫૮૦૩૨૯ ફુડ પેકેટ પુરા પડાયા છે.સ્થળાંતર કરાયેલ લોકો પુર્વવત સ્થિતિમાં આવી રહ્યા છે.

પાટણ જિલ્લાની તમામ ૭૯૫ પ્રાથમિક શાળાઓ કાર્યરત થઈ ગયેલ છે.જિલ્લામાં ૫૦૩ એફ.પી.એસ થકી ૨૮ એફ.પી.એસ અસરગ્રસ્ત થઈ છે. જેમાં ઘઉં ૩૯૫૩૬ કિલોગ્રામ,ચોખા ૧૯૯૭૪ કિલો, ખાંડ ૧૮૭૨ કિલો ,મીઠું ૧૯૧ કિલો અને કેરોસીન ૧૯૦ લિટર નુંકશાન પામેલ છે. જિલ્લાની તમામ ૫૦૩ એફ.પી.એસ કાર્યરત થઈ ગયેલ છે.

## રાધનપુરમાં સુરભિ ગૌશાળામાં મગફળીના ઘાસચારાનું વિતરણ

પ્રતિનિધિ રાધનપુર

પાટણ અને બનાસકાંઠા જીલ્લામાં પૂરના કારણે ઘાસચારાની તંગીને ધ્યાનમાં રાખી જૂનાગઢના બજરંગ દળ, વિશ્વહિન્દુ પરિષદ અને કેશરિયા ગૌશાળા જોષીપુરા દ્વારા રાધનપુરની સુરભિ ગૌશાળાને મગફળીના ચારાનું વિતરણ કરવામાં આવ્યુ હતું.આ ઉપરાંત સુરત નિરાધાર ગૌસેવા(બોરિયા ગ્રૃપ)દ્વારા સુરભિ ગૌશાળા રાધનપુર ખોડાઢોર પાં-જરાપોળ, ઉણ-વારાહી-પાટણની ગૌશાળાઓ માટે રાજકોટ અને




જામનગર ખેડૂતોના સહયોગથી મગફળીના ચારાનું વિતરણ કરવામાં આવ્યુ હતું. શ્રીરામ સેવા સમિતિના પ્રમુખ પ્રકાશભાઈ ઈક્ષાણીએ સેવા બદલ આભાર માન્યો હતો.

## ઉનાવામાંથી નવ જુગારીયા ઝડપાયા

### રૂા.૨૮,૯૦૦ નો મુદમાલ જપ્ત

ઊંઝા

ઊંઝા નજીકના ઉનાવા ગામની સીમમાં ડાભી તરફના રોડ પર વિધુતબોર્ડના સબ સ્ટેશન નજીક ટયુબવેલની લાઈટના અજવાળે ખુલ્લામાં ચાલતા જુગારના અડ્ડા પર પોલીસે દરોડો પાડી સ્થળ પરથી નવ શખ્સોને ઝડપી લઈ રૂપિયા ૨૮,૯૦૦ ની રોકડ રકમ તેમજ જુગારના સાધનો કબ્જે કર્યા હતા.

વિગત એવી છે કે, ઉનાવાથી ડાભી જવાના માર્ગ પર વિધુત બોર્ડના સબ સ્ટેશન નજીક બોરની લાઈટના અજવાળે ખુલ્લામાં કેટલાક શખ્સો પોતાના આર્થિક ફાયદા માટે તીનપત્તીનો જુગાર રમતા રમાડતા હોવાની પોલીસને હકીકત મળી હતી. જેથી પોલીસે મધરાત બાદ આ જગ્યાએ અચાનક દરોડો પાડ્યો હતો. જેમાં સ્થળ પર જુગાર રમતા રમાડતા ઉનાવાના નવ શખ્સો ઝડપાઈ ગયા હતા. પોલીસે અત્રેથી રૂપિયા ૨૮,૯૦૦ ની રોકડ તેમજ જુગારના સાધનો કબ્જે કરી જુગારધારા અન્વયે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઉનાવામાં છેલ્લા કેટલાક વખતથી દારૂ જુગાર, કેફી પદાર્થોનું વેચાણ જેવી અસામાજીક બદીઓએ ભારે ઉપાડો લેતાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી જવા પામી છે.

ઝડપાયેલ જુગારીયાઓમાં પટેલ વિષ્ણુ થોભણદાસ, સુથાર તરૂણ જયંતિલાલ, પટેલ ચિરાગ લક્ષ્મણભાઈ, પટેલ જીતેન્દ્ર લક્ષ્મણભાઈ, પટેલ સુધીર કિશોરભાઈ, શાહ ચેતન ચંપકલાલ, પટેલ રાજેશ ત્રિભોવનભાઈ, મકવાણા કિરીટ શંકરલાલ, પટેલ મનોજ ગોપાળભાઈ તમામ રહે. ઉનાવાનો સમાવેશ થાય છે.

## રાધનપુર તાલુકાના લોટીયામાં સફાઈ અભિયાન

પ્રતિ. રાધનપુર

રાધનપુર તાલુકાના લોટીયા ગામે ભારે વરસાદ અને પૂરની પરિસ્થિતિ થાળે પડતા ગ્રામ પંચાયત દ્વારા સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. મહેશભાઈ દેસાઈના જણાવ્યા મુજબ ૧૦ ટ્રેકટર અને જે.સી.બી.ના સહયોગથી ખૂણેખાંચરેથી ગંદકી દૂર કરીને ગામને સ્વચ્છ કરવામાં આવ્યું હતું. જેથી મચ્છરોનો ઉપદ્રવ ના વધે અને રોગચાળો ફાટી ના નીકળે.

